મધ્ય ગુજરાત આવૃત્તિ

દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 186 ■ વિક્રમ સંવત ૨૦૮૨

આષાઢ વદ -૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 August 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

શુક્રવાર, ૭ ઑગસ્ટ ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# જેન-ઝીની સમસ્યા સાચી: મોહન ભાગવત

**▶ ચૂંટણી જીતીને અને ઉપદેશ આપીને સારા નેતા નથી બનાતું ▶ લોકશાહીમાં વિરોધ-પ્રદર્શન સંવાદનું કાનૂની સ્વરૂપ ▶ દેશની શિક્ષણ પદ્ધતિ સામે ઉઠાવાતા સવાલ યોગ્ય**



મુંબઈ: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે ગુરુવારે જણાવ્યું હતું કે સારો નેતા ચૂંટણી જીતવાથી કે લોકોને ઉપદેશ આપવાથી નથી બનાતું. સાચો નેતા જનતાને 'પ્રકાશ ભણી' દોરનારો હોવો જોઇએ. લોકશાહીમાં વિરોધ-પ્રદર્શન સંવાદનું કાયદેસર સ્વરૂપ છે અને તેનો હેતુ વિભાજનને બદલે સર્વસંમતિ સાધવાનો હોવો જોઇએ. ભારતની શિક્ષણ પદ્ધતિ સામે ઉઠાવવામાં આવી રહેલા સવાલ યોગ્ય જ છે. શિક્ષણ પાછળ વધારે ખર્ચ કરવો જોઇએ. શિક્ષણ કોઇ ધંધો નથી.

તેમણે મુંબઈમાં 'ઇન્ડિયાઝ ઇન્ટરનેશનલ મુવમેન્ટ ટૂ યુનાઇટ નેશન્સ'ના ૧૫મા સ્થાપના દિન નિમિત્તે ભેગા થયેલા અંદાજે ૨,૦૦૦ જેન ઝી અને જેન આલ્ફાના સભ્યોને સંબોધતા જણાવ્યું હતું કે વિરોધ-પ્રદર્શન સંવાદનો માર્ગ જ છે. લોકશાહીમાં સર્વસંમતિ સાધવા વિરોધ-પ્રદર્શન એક રસ્તો જ છે. તેમાં વિવિધ વિચાર, દૃષ્ટિકોણ અને અભિપ્રાય ધરાવતા લોકો એક જગ્યાએ ભેગા થાય છે અને ચર્ચા બાદ સર્વસંમતિ સાધે છે.

તેમણે જણાવ્યું હતું કે જો કોઇ કારણસર સમસ્યાને સાંભળવામાં ન આવે, તો લોકો આંદોલનનો માર્ગ અપનાવે છે. આમ છતાં, આ બધાનો હેતુ વિભાજનનો નહિ, પરંતુ સર્વસંમતિ સાધવાનો જ હોવો જોઇએ. જેન ઝીની સમસ્યા સાચી હતી અને મને તેઓની પ્રામાણિકતામાં વિશ્વાસ છે.

મોહન ભાગવતે એક સંસ્કૃત શ્લોકનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે સાચો નેતા જ્ઞાની હોવો જોઇએ, બીજાના સારા ગુણના વખાણ કરતો, સફળતામાં અન્ય લોકોને સહભાગી બનાવતો અને લડાઇના સમયે સારા લડવૈયાની જેમ લડતો હોવો જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે હું મારી જાતને નેતા નથી ગણતો. હું મારી જાતને એક કાર્યકર ગણાવું છું. સાચી નેતાગીરી દ્વારા અન્ય સારા નેતાઓ તૈયાર થવા જોઇએ.

આરએસએસના વડાએ જણાવ્યું હતું કે સમસ્યા ઉકેલવા માટે હંમેશાં પ્રથમ પગલું 'મંત્રણા' કરવાનું હોવું જોઇએ. મંત્રણા નિષ્ફળ જાય, તો પછી શું કરવું, તે બાદમાં વિચારવું જોઇએ. અગાઉની પેઢીના લોકો પોતાના વડીલોની વાત સામો સવાલ કર્યા વિના માની જતા હતા, પરંતુ જેન ઝી 'યોગ્ય જવાબ' માગે છે. તેમણે જણાવ્યું હતું કે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ મૂકવો એ કંઇ સમસ્યાનો ઉકેલ નથી, પરંતુ સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરતી વખતે સ્વયં-શિસ્ત રાખવું જરૂરી છે. લોકોનો અભિગમ ન બદલાય ત્યાં સુધી કાયદા અને નિયમની અસર નથી થતી. લોકોએ સોશ્યલ મીડિયામાં આવતી માહિતી સાચી છે કે નહિ, તે તપાસ્યા વિના તેને સાચી માની લેવી ન જોઇએ.

(એજન્સી)■

## ૨૪ નહીં, બે કલાકમાં સંવેદનશીલ ઓનલાઇન કન્ટેન્ટ હટાવવું પડશે

નવી દિલ્હી: સરકારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ માટે સંવેદનશીલ બાબતો સાથે જોડાયેલું ઓનલાઇન કન્ટેન્ટ હટાવવાનો સમય અગાઉના ૨૪ કલાકથી ઘટાડીને બે કલાક કર્યો છે, એમ ગુરુવારે એક સરકારી નિવેદનમાં જણાવાયું હતું.

નિવેદન અનુસાર, ડીપફેક્સ અને એઆઇ-જનરેટેડ કન્ટેન્ટ સહિત સિન્થેટિકલી જનરેટેડ ઇન્ફોર્મેશનથી થતા નુકસાનને રોકવા માટે નિયામક માળખાને મજબૂત કરવાના હેતુથી ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ આઇટી નિયમો ૨૦૨૧ માં સુધારા કરવામાં આવ્યા હતા. સિદ્ધાંતોના પાલન માટેની સમયમર્યાદા સખત કરવામાં આવી છે. જે હેઠળ યોગ્ય સરકાર અથવા કોર્ટના આદેશથી મળેલા માન્ય અને સકારણ સૂચનાના આધારે ગેરકાનૂની માહિતી હટાવવાની સમયમર્યાદા ૩૬ કલાકથી ઘટાડીને ૩ કલાક કરવામાં આવી છે. આ ઉપરાંત, ફરિયાદોના નિવારણ માટેની સમયમર્યાદા ૭૨ કલાકથી ઘટાડીને ૩૬ કલાક અને નગ્નતા/કોઈની ઓળખ ચોરીને બોગસ પ્રોફાઇલ બનાવવી જેવી વિશેષ સંવેદનશીલ બાબતો માટે સમયમર્યાદા ૨૪ કલાકથી ઘટાડીને બે કલાક કરવામાં આવી છે, એમ સરકારી નિવેદનમાં જણાવાયું છે.■

## યુપીઆઇ ટ્રાન્ઝેકશન પર ચાર્જ વસૂલાશે?: લોકસભામાં ખરડો મંજૂર

નવી દિલ્હી: લોકસભાએ ગુરુવારે 'પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટ, ૨૦૦૭'માં સુધારો કરવા માટેનું એક બિલ પાસ થઈ ગયું છે. આ બિલ સરકારને બેન્કો અને અન્ય સર્વિસ પ્રોવાઈડર્સને યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (યુપીઆઈ) અને અન્ય નોટિફાઈડ ઇલેક્ટ્રોનિક પેમેન્ટ મોડ્સથી થતા પેમેન્ટ પર ચાર્જ લગાવવાની મંજૂરી આપવાનો અધિકાર આપે છે.

હોબાળા વચ્ચે ચર્ચા વિના ગૃહ દ્વારા પસાર કરાયેલ આ સંશોધનનો હેતુ એ વર્તમાન જોગવાઈને દૂર કરવાનો છે જે બેન્કો અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સને નોટિફાઈડ ઇલેક્ટ્રોનિક પેમેન્ટ્સ મોડ્સ પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) વસૂલવાથી અટકાવે છે.

આરટીજીએસ અને એનઇએફટી મારફતે કરવામાં આવતા રિયલ ટાઈમ પેમેન્ટ માટે સર્વિસ ચાર્જ આપવો પડે છે જોકે, યુપીઆઈ

(જુઓ પાનું ૨) ▶▶

## ઉત્તર પ્રદેશમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં નવનાં મોત

પ્રતાપગઢ/બારાબંકી/સહારનપુર: ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જિલ્લામાં ગુરૂવારે વહેલી સવારે ભારે વરસાદ દરમિયાન લગભગ ૧૦૦ વર્ષ જૂનું ઘર ધરાશાયી થતાં બે બાળકો સહિત એક જ પરિવારના છ સભ્યોના મોત નીપજ્યા હતા. આ જાણકારી પોલીસે આપી હતી. બારાબંકી અને સહારનપુરમાં દીવાલ અને મકાન તૂટી પડવાની અલગ અલગ ઘટનાઓમાં બે બાળક સહિત ત્રણ લોકોના મોત થયા હતા. આ સાથે રાજ્યમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં કુલ મૃત્યુઆંક નવ થયો છે. પ્રતાપગઢની ઘટના જિલ્લા મુખ્યાલયથી લગભગ ત્રણ કિલોમીટર દૂર મહોલી બજારમાં રાત્રે લગભગ બે વાગ્યે બની

(જુઓ પાનું ૨) ▶▶

## શિવસેનામાં 'એકહથ્થું' શાસન કઇ રીતે ચાલે?: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના જૂથને 'ખરી શિવસેના' ગણવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી ઉદ્ધવ ઠાકરેના જૂથની અરજીની અંતિમ સુનાવણી દરમિયાન સર્વોચ્ચ અદાલતે ગુરુવારે શિવસેનાના સુધારિત બંધારણ સામે સવાલ ઉઠાવ્યો હતો અને જણાવ્યું હતું કે પક્ષમાં દેખીતી રીતે 'એકહથ્થું' શાસન ચાલતું લાગે છે. પક્ષ (શિવસેના)નું મૂળ બંધારણ લોકતાંત્રિક સિદ્ધાંત પર આધારિત હતું, પરંતુ બાદમાં તેમાં સુધારો કરીને તેને દેખીતી રીતે 'એકહથ્થું' શાસનને અનુકૂળ બનાવી દેવાયું હોવાનું લાગે છે.

બૅન્ચે જણાવ્યું હતું કે રાજકીય પક્ષોએ પણ લોકતાંત્રિક રીતે કામ કરવાની જરૂર છે.

ઉદ્ધવ ઠાકરેના જૂથના વકીલ કપિલ સિબલે જણાવ્યું હતું કે આ મુદ્દો ચૂંટણી પંચના કાર્યક્ષેત્રમાં નથી આવતો, પણ તે રાજકીય પક્ષને પોતાનું (પાર્ટીનું) બંધારણ સુધારવા કહી શકે છે. અનેક એવા રાજકીય પક્ષ છે કે જેમાં છેલ્લાં અનેક વર્ષથી સંગઠન સ્તરે (આંતરિક) ચૂંટણી નથી યોજાઇ.

(જુઓ પાનું ૨) ▶▶

## ટ્રમ્પનો જીવ પડીકે બંધાયો: તેમના હેલિકૉપ્ટર પાસેથી પસાર થયું કમર્શિયલ પ્લૅન

વૉશિંગ્ટન: નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ અને ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશને બુધવારે જણાવ્યું હતું કે તેઓ તપાસ કરી રહ્યા છે કે જ્યારે મરીન વન વાઇટ હાઉસથી એન્ડ્રુઝ એર ફોર્સ બેઝ માટે પ્રમુખ સાથે વેસ્ટ કોસ્ટ ટ્રીપના પ્રથમ તબક્કા માટે રવાના થયું ત્યારે એક કમર્શિયલ જેટએ ઉડાન ભરી ત્યારે શું થયું.

વ્યસ્ત એરપોર્ટ નજીક હવામાં થયેલી અથડામણ પછી સ્થાપિત સલામતી પ્રક્રિયાઓનું સ્પષ્ટ ઉલ્લંઘન કરીને મંગળવારે બપોરે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પનું હેલિકોપ્ટર રોનાલ્ડ રેગન વૉશિંગ્ટન નેશનલ એરપોર્ટ નજીક આવી રહ્યું હતું ત્યારે વિમાનને ઉડાન ભરવાની મંજૂરી કેમ આપવામાં આવી તે સ્પષ્ટ નથી.

૨૯ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ, એક એરલાઇનર આર્મી બ્લેક હોક હેલિકોપ્ટર સાથે અથડાતાં ૬૭ લોકોના મોત થયા બાદ, એફએએએ નિર્ણય લીધો હતો કે વૉશિંગ્ટન, ડી.સી. એરપોર્ટ પર કોઈપણ હેલિકોપ્ટર કોઈપણ વિરોધાભાસી માર્ગ પરથી પસાર થાય ત્યારે તમામ ટેકઓફ અને લેન્ડિંગ અટકાવી દેવામાં આવશે.

વ્હાઇટ હાઉસ અને રીગન નજીકનો એરસ્પેસ લશ્કરી અને વાણિજ્યિક વિમાનોથી ભારે ગીચ છે.

મંગળવારે ઉડાન ભરેલું વિમાન મરીન વનની ઉપર જઇ રહ્યું હતું ત્યારે હેલિકોપ્ટર નજીક આવ્યું, જોકે બંને વિમાન અથડામણના માર્ગ પર નહોતા.

એફએએએ એક નિવેદનમાં જણાવ્યું

(જુઓ પાનું ૨) ▶▶

## મોદી, અમિત શાહ ચર્ચા માટે તૈયાર: રિજિજુ

નવી દિલ્હી: સંસદીય બાબતોના કેન્દ્રીય પ્રધાન કિરેન રિજિજુએ ગુરુવારે વિપક્ષ પર જાણીજોઈને સંસદની કાર્યવાહી ન કરવા દેવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ આખો દિવસ હાજર રહે છે અને ચર્ચા માટે ઉપલબ્ધ રહે છે. પ્રધાને ઉમેર્યું કે મડાગાંઠ છતાં કાયદાકીય કામ થાય છે અને બિલો પસાર થઈ રહ્યા છે.

આ નિવેદન એવા સમયે આપવામાં આવ્યું છે જ્યારે વિદ્યાર્થીઓ સાથે જોડાયેલા મુદ્દાઓ અને અયોધ્યામાં રામ મંદિરમાં દાનની કથિત ચોરીને લઈને વિપક્ષના સતત વિરોધને કારણે લોકસભા અને રાજ્યસભા બંન્નેની કાર્યવાહી વારંવાર સ્થગિત થઈ રહી છે. સંસદ પરિસરમાં પત્રકારો સાથે વાત કરતા રિજિજુએ કહ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▶▶

**પ્રતીક્ષાનો અંત: અંક પ્રગટ થઇ ચૂક્યો છે**

**જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ**

**ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ**

**વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ**

**મુંબઈ સમાચાર**

કિંમત: ₹ ૧૦૦/-

પ્રારંભ ઈ.સ. ૧૮૧૪ વર્ષ ૨૧૩



પંચાંગકર્તા: સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૩-૮૪ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૮-૪૯ ■ ઈ.સ. તા. ૧૦-૧૧-૨૦૨૬ થી તા. ૨૬-૦૩-૨૦૨૮

**સંપૂર્ણ ૧૭ માસનો સરળ, સચોટ, માહિતીસભર અને દળદાર અંક**

**૩૫૨ પૃષ્ઠના આ પંચાંગમાં આપને મળશે**

- ૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૬-૨૦૨૭-૨૦૨૮.
- ૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૬-૨૦૨૭-૨૦૨૮.
- તિથિ-યોગ- નક્ષત્ર-કરણ (દિવસના બન્ને કરણ) ચંદ્ર રાશિ પ્રવેશ અને મુંબઈ, રાજકોટ, અમદાવાદના સૂર્યોદયાસ્ત-સાંપતિક કાળ- પારસી- મુસ્લિમ તારીખ સહિત, એક માત્ર આ પંચાંગમાં દૈનિક અભિજિત (વિજય) મુહૂર્ત સાથે.
- દૈનિક આવશ્યક શાસ્ત્રાર્થ (વ્રતવ્રતાદિ, ઋતુ ઉત્સવો, તહેવારો રોજિંદા ઉપયોગી મુહૂર્તો) સાથે જ શુભાશુભ દિવસની વિગતો.
- સામાન્યજનો પણ સહેલાઈથી જાણી શકે તે હેતુસર મહિલાઓનાં વ્રતો: બીજ, ચતુર્થી, એકાદશી, પૂર્ણિમા, અમાસ, સંકષ્ટ ચતુર્થી અને તેના ચંદ્રોદયના સમયનું વિવિધ શહેરોનું કોષ્ટક તથા પ્રદોષ, શિવરાત્રી, ફાંકડું ચોથનું ઘર - પંચક, વિંછુડો, પુષ્ય અને રોહિણી નક્ષત્ર-ભરતી-ઓટ કોષ્ટકો.
- સૂક્ષ્મતા-સ્પષ્ટતા અને શાસ્ત્રોક્ત નિયમોની જાણકારી સાથે ગણિત અને ફળાદેશ માટે જરૂરી તેવા કોષ્ટકો.
- સંવત ૨૦૮૩નું રાશિ ભવિષ્ય
- મુહૂર્ત મેળાપકના નિયમો અને ગુણાંક કોષ્ટક તેમ જ પૂજા કરાવવી ન પડે તે માટેના નિયમોને આધીન લગ્ન મુહૂર્તની તારીખોનું વર-કન્યાની રાશિ પ્રમાણે કોષ્ટક.
- ગ્રહોનો નક્ષત્ર પ્રવેશ સાથે અભિજીત નક્ષત્ર પ્રવેશ ને સમાપ્તિ, નવમાંશ ગ્રહોની યુતિ તથા સમાપ્તિ સમય.
- શૂન્ય કાળ (નિર્બળ) ચંદ્ર વિશે માહિતી અને તે સમયે શું કરવું શું ન કરવું તેની વિગત.
- ગુરુ-શુક્રનાં અસ્તકાળમાં વિવાહ કરી શકાય એવી અલગથી તારીખનો સમાવેશ કર્યો છે.
- મુહૂર્તો-પ્રવાસ (પ્રવેશ-પ્રયાણ) માટેની સૂક્ષ્મ માહિતી અને વ્રતનો ઉપયોગી સ્પષ્ટ સમય.

**સંશોધન સભર લેખો**

★ તિથિનિર્ધારણની પ્રાચીન અવધારણા: એક ગહન સંશોધન
★ શુભ ગુરુ – શુભ ભાગ્ય
★ પિતૃદોષ...
★ રાહુ અને કેતુ એક અભ્યાસ
★ વાસ્તુશાસ્ત્રમાં દ્વારદિશા માટે મહત્ત્વની માહિતી
★ નોકરી કરતા જાતકો: સ્વભાવ – ખાસિયત – ઉપાય
★ પરદેશગમનમાં નવમાંશ ડિસ્પોઝિટરનું મહત્ત્વ
★ સિંહ રાશિનું વિશેષ અવલોકન
★ સાત ચક્ર અને તેના થકી થનારા રોગો
★ ઘડીયાં લગ્ન (અચાનક) કયા ગ્રહ યોગથી થાય?

માહિતી માટે સંપર્ક કરો: ફોન નં. ૦૨૨-૨૨૦૪૫૫૩૧-૩૩ **મુંબઈ સમાચાર** રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

**ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી** ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોન: (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષ: (૦૨૨) ૨૨૬૯૧૨૩૬

## રુદ્રપ્રયાગમાં નદીઓમાં પૂર: હાઈ અલર્ટ, શાળાઓમાં રજા

**નદીના કિનારાથી લોકોને દૂર રહેવા માટેની સ્પષ્ટ સૂચના આપવામાં આવી**

રુદ્રપ્રયાગ: ઉત્તરાખંડના રુદ્રપ્રયાગમાં ભારે વરસાદને કારણે હાઇ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અલકનંદા અને મંદાકિની બંને નદીઓના પાણીની સપાટી વધી રહી છે. સુરક્ષાને ધ્યાને લેતા શાળાઓ અને કોલેજો બંધ કરી દેવામાં આવી છે, લોકોને ઘરમાં રહેવાની અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને વરસાદના સમયે ઘરની બાહર ન નીકળવા માટે તંત્ર તરફથી સૂચના આપવામાં આવી છે. સતત વરસાદને કારણે અલકનંદા અને મંદાકિની નદીઓના જળસ્તરમાં વધારો થયો છે, જેના કારણે જિલ્લા વહીવટીતંત્ર એ હાઇ અલર્ટ જાહેર કર્યું છે. રુદ્રપ્રયાગ જિલ્લાના ઇમર્જન્સી વિભાગે એક નોટીફિકેશન જાહેર કરી લોકોને નદી કિનારાથી દૂર રહેવા અને સલામત સ્થળોએ રહેવા વિનંતી કરી છે.

ડિસ્ટ્રિક્ટ ઓફિસર નંદનસિંહ રાજાવરે જણાવ્યું હતું કે, હવામાન ખાતાએ કરેલી આગાહી અનુસાર, ચમૌલી તથા કેદારનાથ જેવા હિમાલયના ક્ષેત્રોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની પૂરી શક્યતાઓ સેવાઈ રહી છે. આનાથી રુદ્રપ્રયાગની નદી, જેમાં મંદાકિની નદીનો સમાવેશ થાય છે એને પણ માઠી અસર પહોંચી છે. મંદાકિની નદીમાં પાણીનું સ્તર વધતા અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ભયજનક સપાટીથી હાલમાં નીચે છે પણ જો સપાટી ઉપરથી પાણી જશે તો સ્થાનિક નગર નિગમના અધિકારીઓ,પોલીસ અને ઇમર્જન્સી મેનેજમેન્ટ ટુકડીને સ્ટેન્ડ ટુ રહેવા સૂચના આપી દેવામાં આવી છે. નદીના કિનારાથી લોકોને દૂર રહેવા માટેની સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. નદીના કિનારાઓ પાસે સતત વોચ રાખવામાં આવી રહી છે. સમગ્ર ઉત્તરાખંડમાં થોડા થોડા સમયના અંતરે વરસાદ થઈ રહ્યો છે. આના કારણે નદીમાં પાણીનો ફલો વધી રહ્યો છે. હવમાન ખાતાના અલર્ટ અનુસાર દહેરાદૂન, ચમૌલી અને બાગેશ્વરમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. પરિસ્થિતિને ગંભીરતાથી લઈને મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ જિલ્લા કલેક્ટર સાથે વાતચીત કરીને જુદા જુદા જિલ્લાઓની સ્થિતિની સમીક્ષા કરી છે. ■

## માતા-પિતાના ઝઘડામાં બાળકીની આંખ જોખમમાં, પિતાએ એસિડ ગટગટાવ્યું, દીકરીને છાંટા ઉડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પતિ-પત્નીના ઝઘડામાં આમ પણ બાળકો પિસાતા હોય છે ત્યારે સુરતમાં બનેલી એક ઘટનામાં દંપતીના ઝઘડામાં એક વર્ષની બાળકીની આંખની રોશની જોખમમાં મુકાઈ ગઈ છે.

શહેરના ભટાર વિસ્તારમાં ફર્નિચરનું કામ કરતા એક યુવકનો પત્ની સાથે છેલ્લા ઘણા દિવસથી કલેશ ચાલતો હતો. રોજના ઝઘડાથી કંટાળી યુવકે પોતાની સાથે એક વર્ષની દીકરીને રાખી એસિડ પી લેવાનો પ્રયાસ કર્યો હતો. આમ કરતા સમયે એસિડના છાંટા બાળકીના મોઢા પર ઉડ્યા હતા અને તે મોઢા અને આંખના ભાગે ગંભીર રીતે દાઝી હતી.

ઘટના બાદ પિતા અને બાળકીને સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અહીં એસિડ ઉડવાને કારણે બાળકીની આંખ સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે અને તેની રોશની ન જતી રહે તે માટે તબીબો કામે લાગ્યા છે. પિતાની પણ સારવાર ચાલી રહી છે. દરમિયાન ખટોદરા પોલીસે તપાસ હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.■

## વડોદરામાં સર્જાયાં ફિલ્મી દૃશ્યો: એસએસજી હૉસ્પિટલમાંથી આરોપી ભાગ્યો, ડ્રોનથી શોધ ચાલુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોલીસના સકંજામાંથી આરોપી ભાગ જાય, પછી આરોપી આગળને પોલીસ પાછળ એવા ઘણા દશ્યો આપણે ફિલ્મો-સિરિયલોમાં જોયા છે, પરંતુ વડોદરામાં ગુરુવારે આવા દશ્યો વાસ્તવમાં ભજવાતા જોવા મળ્યા હતા. અહીંની એસએસજી હૉસ્પિટલમાં દુષ્કર્મના આરોપીને લાવવામાં આવ્યો હતો. મળતી માહિતી અનુસાર દાહોદના આરોપીને ચામડીની તકલીફ હોવાથી તેને ઈન્જેક્શન મારવા હૉસ્પિટલ લાવવામાં આવ્યો હતો. આ માટે તેની હથકડી ખોલવામાં આવી હતી.

જોકે એક ઈન્જેક્શન મારતા જ આરોપી પોલીસના જપ્તામાંથી ભાગ્યો હતો અને બધે ધક્કા મારતો એક ઈમારતમાં ઘુસી ગયો હતો, જેનું કન્સ્ટ્રક્શન ચાલી રહ્યું છે. ભાગતો આરોપી અને ઈમારતમાં ઘુસતો આરોપી સીસીટીવી કૅમેરામાં કેદ થયા હતા. આરોપી ક્યા ફ્લોર પર છે અને ક્યાં સંતાયો છે તે જાણવા માટે પોલીસે ડ્રોનની મદદ લેવી પડી હતી. પોલીસે માઈકથી એનાઉન્સમેન્ટ કરી તેને બહાર નીકળવા પણ કહ્યું હતું.

રાવપુરા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી આવ્યો હતો અને પોલીસે સમગ્ર ઈમારતને કોર્ડન કરી ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. આ લખાય છે ત્યાં સુધી આરોપી પોલીસના હાથમાં આવ્યો નથી. આ અંગે પોલીસસૂત્રો સાથે સીધો સંપર્ક થઈ શક્યો નથી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ‘તહેલકા’ના તેજપાલને તેમનાં કુકર્મોની સજા મળી

**ભારતમાં** એક સમયે ખળભળાટ મચાવી દેનારા તરુણ તેજપાલ બળાત્કાર કેસમાં ફરી ટ્વિસ્ટ આવી ગયો. ‘તહેલકા’ મેગેઝિનના સ્થાપક તંત્રી તેજપાલ સામે તેના જ મેગેઝિનની રીપોર્ટર યુવતીએ નવેમ્બર, ૨૦૧૩માં જાતિય હુમલા (સેક્સ્યુઅલ એસોલ્ટ) અને બળાત્કારના પ્રયાસનો આક્ષેપ કરેલો પણ ગોવાની સેશન્સ કોર્ટે તેજપાલને નિર્દોષ છોડી મૂક્યા હતા. તેની સામે ગોવા સરકારે બોમ્બે હાઈકોર્ટની ગોવા બેંચમાં અરજી કરેલી. હાઈ કોર્ટે સેશન્સ કોર્ટના ચુકાદાને બદલીને તેજપાલને દોષિત ઠેરવી દીધા.

હાઈ કોર્ટે તેજપાલને ૧૦ વર્ષની જેલની સજા ફટકારી છે એ જોતાં માંડ માંડ છૂટેલા તેજપાલ પાછા જેલની હવા ખાતા થઈ જશે. સેશન્સ કોર્ટના ચુકાદાના કારણે પાંચ વર્ષ લગી બહારની હવા ખાનારા તેજપાલે બાકીની જિંદગી જેલમાં વિતાવવી પડે એવી પૂરી શક્યતા છે. તેજપાલ પાસે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાનો વિકલ્પ છે. સુપ્રીમ કોર્ટ તેજપાલને જામીન પણ આપી શકે કેમ કે તેજપાલની ઉંમર ૬૨ વર્ષ છે પણ તેના કારણે જે કાળી ટીલી લાગેલી છે એ ભુંસાવાની નથી. એક જમાનામાં પોતાના ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમથી પત્રકારોના હીરો બની ગયેલા અને અટલ બિહારી વાજપેયી સરકારને હચમચાવી દેનારા તેજપાલ પર બળાત્કારીનું લેબલ લાગે એ આઘાતજનક છે પણ તેમાં કોઈનો વાંક નથી. તેજપાલ પોતાનાં કુકર્મોની જ સજા ભોગવી રહ્યા છે.

તેજપાલ સામેનો કેસ ૧૩ વર્ષ જૂનો છે. તેજપાલ ૨૦૧૩માં ‘તહેલકા’ મેગેઝિનના તંત્રી હતા ત્યારે ‘તહેલકા’ મેગેઝિનની રિપોર્ટર યુવતીએ નવેમ્બર, ૨૦૧૩માં તેજપાલ સામે જાતીય હુમલા (સેક્સ્યુઅલ એસોલ્ટ) અને બળાત્કારના પ્રયાસનો આક્ષેપ કર્યો હતો. આ યુવતીનો આક્ષેપ હતો કે, ગોવામાં એક ફાઈવ સ્ટાર રીસોર્ટમાં ચાલી રહેલી કોન્ફરન્સ દરમિયાન તેજપાલે બદતમીઝી કરીને જાતીય હુમલો કર્યો હતો. યુવતીનો દાવો હતો કે, તેજપાલે લિફ્ટમાં પણ તેની સાથે શારીરિક છૂટછાટ લેવાની કોશિશ કરી હતી. યુવતીએ પછીથી તેજપાલે ક્યાં ક્યાં તેની સાથે ખરાબ વર્તન કર્યું તેની સંપૂર્ણ વિગતો આપી હતી અને કોર્ટમાં જુબાનીમાં પણ આખો ઘટનાક્રમ વર્ણવ્યો હતો.

યુવતીના આક્ષેપો અત્યંત આઘાતજનક હતા. આ યુવતી તેજપાલની દીકરી કારાની મિત્ર હતી ને પોતાની દીકરીની ઉંમરની છોકરી સાથે એક કહેવાતો પ્રતિષ્ઠિત માણસ આવી નીચ હરકત કરે એ સાંભળીને જ લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. ગોવા ભાજપ સરકારે તેજપાલને તરત પકડીને અંદર કરી દીધેલા પણ તેજપાલ લાંબો સમય જેલમાં રહ્યા નહીં. લગભગ છ મહિના પછી ૨૦૧૪ના મે મહિનામાં માતા ગુજરી જતાં તેમને અંતિમવિધિ કરવા જામીન મળ્યા હતા. આ જામીન પૂરા થયા પછી બે મહિના માંડ જેલમાં રહ્યા હશે ત્યાં જુલાઈ, ૨૦૧૪માં સુપ્રીમ કોર્ટે જામીન આપતાં એ બહાર આવી ગયેલા . ૨૦૧૭માં આરોપનામું દાખલ થયું પછી પણ તેજપાલ જામીન પર જ હતા ને ૨૦૨૧માં તો કોર્ટે જ છોડી મૂકેલા તેથી જેલમાં જવાનો સવાલ જ નહોતો. આમ, બળાત્કારના આરોપી હોવા છતાં તેજપાલ માંડ છ મહિના જ જેલમાં રહ્યા છે. હવે ગોવા પોલીસ તેમને કેટલો સમય જેલમાં રાખી શકે છે એ જોવાનું છે.

તેજપાલ સામે બળાત્કારનો આક્ષેપ થયો ત્યારે એવી વાતો ચાલેલી કે, ભાજપ સરકારે બદલો લેવા માટે તેમને ફિટ કરી દીધા છે. તેજપાલે ૨૦૦૧માં ભાજપની કેન્દ્રમાં સરકાર હતી ત્યારે સ્ટિંગ ઓપરેશન કરીને સંરક્ષણ સોદાઓમાં ચાલતા ભ્રષ્ટાચારને ખુલ્લો પાડીને અટલ બિહારી વાજપેયી સરકારને હચમચાવી દીધી હતી. તેજપાલે બનાવટી કંપની ઊભી કરીને સંરક્ષણને લગતા કોન્ટ્રાક્ટ મેળવવા ભાજપ તથા તેના સાથી પક્ષોના નેતાઓનો સંપર્ક કરેલો. ભાજપના તત્કાલીન પ્રમુખ બાંગારું લક્ષ્મણ અને સમતા પાર્ટીનાં પ્રમુખ જયા જેટલીએ તહેલકાના રિપોર્ટર્સ પાસેથી લાંચ લીધેલી ને બદલામાં મદદ કરવાનું વચન આપેલું. બીજા પણ ઘણા નાના નાના નેતાના પાપ કેમેરામાં કેદ થયેલાં.

બાંગારું લક્ષ્મણ, જયા જેટલી વગેરેએ દેશ સાથે ગદ્દારી કરી હોવાના કારણે લોકોમાં ભારે આક્રોશ હતો ને તેની કિંમત ૨૦૦૪માં ભાજપે લોકસભાની ચૂંટણીમાં હાર સાથે ચૂકવી હતી. ભાજપે તહેલકાનું ઓપરેશન કૉંગ્રેસના ઈશારે કરાયેલું એવા આક્ષેપો કરેલા પણ લોકોના ગળે વાત નહોતી ઉતરી. વાજપેયીએ લક્ષ્મણને ઘરભેગા કરેલા ને જ્યોર્જ ફર્નાન્ડિઝને પણ સંરક્ષણ મંત્રીપદેથી હટાવી દીધેલા પણ લોકો તહેલકા કાંડને ભૂલ્યા નહોતા. ભાજપના નેતાઓને આ કારણે તેજપાલ નહોતા ગમતા.

તેજપાલ ભેરવાયા ત્યારે મનોહર પર્રિકર ગોવાના મુખ્યમંત્રી હતા. પર્રિકર સંઘના માણસ ને બાંગરુંના ચેલા હતા તેથી ગુરુદક્ષિણા ચૂકવવા તેજપાલને જાતીય સતામણીના કેસમાં ફસાવી દીધા એવી વાતો ચાલેલી. તેજપાલે પણ આક્ષેપ કરેલો કે, પોતાનો અવાજ દબાવવા ભાજપે ફસાવ્યા છે. પોતે ભાજપ સામે સ્ટિંગ ઓપરેશન કર્યું તેનો બદલો ભાજપે ફિટ કરીને લીધો એવું તેજપાલ પોતે અને તેમના મળતિયા કહેતા પણ આ વાતો બકવાસ હતી.

પહેલી વાત એ કે, તહેલકા કાંડના ૧૨ વર્ષ પછી તેજપાલ સામે કેસ થયો ને બીજી વાત એ કે, તેજપાલે ગંદી હરકતો કરી હોવાના સીસીટીવી સહિતના પુરાવા ઉપલબ્ધ હતા. ભાજપે તેજપાલની ધરપકડ કરવામાં ઉત્સાહ બતાવેલો પણ તેના કારણે ફિટ કર્યાનો આક્ષેપ ના કરી શકાય. ભાજપની સરકારો બધા કેસોમાં આવો ઉત્સાહ નથી બતાવતી એ અલગ વાત છે પણ તેજપાલે કુકર્મ કર્યું તેમાં ભાજપને તક મળી એ જોતાં ભાજપ પર દોષારોપણ ના કરી શકાય. તેજપાલે પોતે ‘અયોગ્ય વર્તન’ કર્યું હોવાનું પણ કોર્ટમાં સ્વીકારેલું એ જોતાં ભાજપને દોષ ના આપી શકાય.

તેજપાલે ભલે ‘અયોગ્ય વર્તન’ કર્યું હોવાનું કહ્યું પણ તેમનું વર્તન અક્ષમ્ય હતું. રિપોર્ટર યુવતી તેજપાલની દીકરીની ઉંમરની હતી ને દીકરીની મિત્ર હતી. તેજપાલ તો તેના માટે પિતા સમાન હતા. મિત્રના પિતાની છત્રછાયામાં પોતે એકદમ સલામત હોવાનું માનીને એ નોકરી કરતી હતી. આ યુવતી સાથે ‘અયોગ્ય વર્તન’ કરીને તેજપાલે વિશ્વાસઘાત કર્યો હતો ને પોતે હળાહળ અનૈતિકતા આચરી હતી. આ વર્તને તેજપાલના ચાવવાના અને બતાવવાના જુદા જુદા હોવાનું પણ સાબિત કર્યું હતું.

‘તહેલકા’ દ્વારા તેજપાલ રાજકારણીઓની અનૈતિકતા અને ભ્રષ્ટાચાર સામે લડવાની વાતો કરતા, સામાજિક અનૈતિકતાની વાતો પણ કરતા હતા. નોકરીના સ્થળે સ્ત્રીઓનું શારીરિક શોષણ થાય એ મુદ્દે તેજપાલે ઘણી સ્ટોરીઝ કરેલી ને આ દૂષણને રોકવા ઝુંબેશ ચલાવવાની વાતો પણ કરેલી. આખી દુનિયાને આ જ્ઞાન આપનારા તેજપાલે પોતે જ પોતાનાથી ૩૦ વર્ષ નાની છોકરીનું શારીરિક શોષણ કરવાની કોશિશ કરી એ અક્ષમ્ય કહેવાય એ જોતાં તેમને થયેલી સજા બહુ ઓછી છે. કોર્ટની મર્યાદા છે કે, દરેક અપરાધ માટે સંસદે બનાવેલા કાયદાથી વધારે સજા ના આપી શકાય તેથી કોર્ટે પોતાનું કામ કર્યું પણ આ દેશની પ્રજાએ તેમને માફ ના કરવા જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, શુક્રવાર, તા. ૭-૮-૨૦૨૬, ભદ્રા

- ભારતીય દિનાંક ૧૬, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, આષાઢ વદ -૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે આષાઢ, તિથિ વદ -૯
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૩મો દએપદીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૪મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર કૃત્તિકા સાંજે ક. ૧૮-૪૨ સુધી, પછી રોહિણી
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભમાં (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૦, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સાંજે ક. ૧૭-૩૨.
- ઓટઃ ક. ૧૧-૫૭, મધ્યરાત્રે ક. ૦૦-૩૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ - નવમી. ભદ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૨૦ થી બપોરે ક. ૧૩-૫૯. સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું પૂજન વિશેષરૂપે, ઉંબરાના વૃક્ષનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, ગુલરના ઔષધીય પ્રયોગો, ૐ અગ્નયે નમઃના મંત્ર જાપ કરવા. માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, સપ્તશતી પાઠ વાંચન, હવન.
- આચમનઃ સૂર્ય-શનિ ત્રિકોણ આગળ ધપવાની ઈચ્છાવાળા, ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાપ્રેમી, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ શંકાશીલ, ચંદ્ર-હર્ષલ યુતિ ચસ્કેલું મન.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-શનિ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-હર્ષલ યુતિ. ચંદ્ર કૃત્તિકા યુતિ. ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ ઉત્તરે ૫ અંશ ૧૬ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# બળાત્કારના કેસમાં તરુણ તેજપાલને દસ વર્ષની સખત કેદ

## તહેલકાના માજી તંત્રીને રૂ. ૧૦.૨૧ લાખનો દંડ પણ કરાયો

પણજીઃ બોમ્બે હાઇ કોર્ટે તહેલકાના ભૂતપૂર્વ તંત્રી તરુણ તેજપાલને ૨૦૧૩માં પોતાના સાથી પર બળાત્કાર કરવાના કેસમાં ગુરુવારે દોષી ઠેરવીને દસ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૧૦,૨૧,૦૦૦નો દંડ કર્યો હતો.

ગોવાની સેશન્સ કોર્ટે (સત્ર ન્યાયાલયે) પાંચ વર્ષ પહેલાં તરુણ તેજપાલને આ કેસમાંથી છોડવાના આપેલા આદેશને વડી અદાલત દ્વારા રદબાતલ કરાયો હતો.

બોમ્બે હાઇ કોર્ટની ગોવા બૅન્ચનાં ન્યાયાધીશ નીલા ગોખલે અને ન્યાયાધીશ અમિત જામસાંડેકરે શરૂઆતમાં તરુણ તેજપાલને બે અઠવાડિયામાં શરણે થવા આદેશ આપ્યો હતો, પરંતુ તેમના વકીલોએ કરેલી વિનંતિને પગલે અદાલતે આ સમય લંબાવીને ચાર અઠવાડિયાનો કર્યો હતો.

અદાલતે તરુણ તેજપાલને ઓછી સજા કરતા જણાવ્યું હતું કે આ ઘટના ૧૩ વર્ષ પહેલાં બની હતી અને ત્યાર બાદ તેણે કોઇ અન્ય ગુનો કર્યો નહિ હોવાથી ઓછી સજા કરાઇ છે. અમે આશા રાખીએ છીએ કે ઘટનાના ૧૩ વર્ષ બાદ બન્ને પક્ષકાર (બળાત્કારનો ભોગ બનેલી મહિલા અને તેજપાલ) હવે સામાન્ય જીવન જીવતા હશે.

અદાલતે તરુણ તેજપાલને કરેલા રૂપિયા ૧૦,૨૧,૦૦૦ના દંડની રકમ બળાત્કારનો ભોગ બનેલી મહિલાને આપવા પણ આદેશ આપ્યો હતો.

તહેલકાના ભૂતપૂર્વ તંત્રીએ ક્ષમા માટે અદાલતને વિનંતિ કરી હતી અને જણાવ્યું હતું કે હું ‘રાજકીય કિન્નાખોરી’નો ભોગ બન્યો છું અને બે દીકરીનો બાપ છું.

ગોવા સરકારના વકીલ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ગુનેગારને વધુમાં વધુ સજા કરવા આદેશ આપવા અદાલતને વિનંતિ કરી હતી.

તરુણ તેજપાલે જણાવ્યું હતું કે હું વડી અદાલતના આ આદેશને સર્વોચ્ચ અદાલતમાં પડકારીશ. (એજન્સી) ■

# ઈરાન હોર્મુઝ ખાડીમાં સાત ટકા ટૉલ વસૂલવાની તૈયારીમાં

## ઓમાન સાથે ચાલી રહી છે વાટાઘાટ

તહેરાનઃ ઇરાન હોર્મુઝ ખાડીમાંથી પસાર થતાં વેપારી જહાજો પાસેથી સાત ટકા સુધીનો ટૉલ વસૂલવા માટે ઓમાનની સાથે મંત્રણા કરી રહ્યું છે. આ ઉપરાંત, જો આ ઇરાન અને ઓમાન વચ્ચે સંબંધિત કરાર થઇ જાય તો મોટા ભાગની હોર્મુઝ સામુદ્રધુની પર ઇરાનનો જ અંકુશ રહેશે.

ઇરાન જો હોર્મુઝ ખાડીમાંથી પસાર થતાં જહાજો પાસેથી શિપિંગ ટૉલ વસૂલવાનું શરૂ કરશે, તો તેને દર વર્ષે ૧૦૦ અબજ ડૉલરની આવક થવાની શક્યતા છે.

ઇરાનના નાયબ વિદેશ પ્રધાન કામેઝ ગરીબાબાદીએ જણાવ્યું હતું કે હોર્મુઝ ખાડીમાંથી આવ-જા કરતા જહાજો ઇરાનના જળવિસ્તારમાંથી પસાર થતાં હોવાથી તહેરાન દ્વારા તેઓ પાસેથી ટૉલ વસૂલી શકાય છે.

ઇરાન વેપારી જહાજમાંના માલસામાનના મૂલ્યને આધારે પાંચથી સાત ટકા ટૉલ વસૂલવા માગે છે, જ્યારે ઓમાન ત્રણ ટકા ટૉલ વસૂલવાની વાત કરી રહ્યું છે.

વિશ્વમાં દરિયાઇ માર્ગે જતાં ખનિજ તેલમાંનું વીસ ટકા ઑઇલ હોર્મુઝ ખાડીમાંથી જ લઇ જવાય છે.

તહેરાન જો વેપારી જહાજો પાસેથી સાત ટકા ટૉલ વસૂલ કરવાનું શરૂ કરે, તો તેને દરરોજની ૩૮.૫ કરોડ ડૉલરની અને દર વર્ષે ૧૦૦ અબજ ડૉલરની આવક થઇ શકે છે. ■

# ₹ ૭૪.૫ કરોડઃ આ છે મોદીનો એક વર્ષનો વિદેશ પ્રવાસનો ખર્ચ

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે સંસદમાં આ વર્ષે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વિદેશ યાત્રા પર થયેલા કુલ ખર્ચનો ખુલાસો કર્યો છે. વિદેશ મંત્રાલયે રાજ્યસભામાં માહિતી આપી હતી કે આ વર્ષે અત્યાર સુધીમાં વડાપ્રધાનની વિદેશ યાત્રાઓ પર ૭૪.૫ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

આ ઉપરાંત વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, મોદીની આ વિદેશ મુલાકાતોએ દ્વિપક્ષીય અને વૈશ્વિક સંબંધોને મજબૂત બનાવવામાં મદદ કરી છે, જેના પરિણામે એપ્રિલ ૨૦૨૧થી ડિસેમ્બર ૨૦૨૫ વચ્ચે ભારતમાં ૩૮૧.૮ અબજ ડોલર એફડીઆઇ આવી છે.

આ અંગે આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહ અને ડાબેરી પક્ષના સાંસદ ડો. વી. શિવદાસને રાજ્યસભામાં વડાપ્રધાનની વિદેશ મુલાકાતો અંગે એક અતારાંકિત પ્રશ્ન રજૂ કર્યો હતો. સાંસદોએ વર્ષ અને મુલાકાતો દ્વારા વિભાજિત ખર્ચ, હસ્તાક્ષરિત સમજૂતી કરાર અને ૨૦૨૧ થી અત્યાર સુધી દેશમાં વિદેશી સીધા રોકાણના પ્રવાહની વિગતો માગી હતી.

વિદેશ રાજ્યમંત્રી પબિત્રા માર્ગિરિટાએ રાજ્યસભામાં લેખિત જવાબ રજૂ કર્યો. તેમણે જણાવ્યું હતું કે ૨૦૨૧થી પ્રધાનમંત્રી દ્વારા કરવામાં આવેલી તમામ વિદેશી મુલાકાતો અને તેના પર થયેલા કુલ ખર્ચની વ્યાપક વિગતો પૂરી પાડવામાં આવી છે.■

## પ્રજામત

### મકાન ખરીદનાર ધ્યાન આપે

મુંબઈમાં મકાન હવે લાખોમાં નહીં, પરંતુ કરોડો રૂપિયામાં બોલાય છે. નામચીન બિલ્ડરોના પ્રોજેક્ટ જોવા મળે છે. ક્યારેક પઝેશન બે વર્ષે, ત્રણ વર્ષે એ રીતે બુકિંગ થાય છે. ખરીદદારે ખાસ ધ્યાન પાર્કિંગ વિશે રાખવું જોઈએ. તેમણે બિલ્ડર પાસેથી લખાવી લેવું જોઈએ કે તેમને પાર્કિંગ ક્યાં મળશે. કોઈ-કોઈ મોટા બિલ્ડરો બેઝમેન્ટમાં પાર્કિંગ આપે છે અને ત્યાર પછી ઉપરનું પાર્કિંગ પ્રીમિયમમાં વેચે છે. ખરીદનાર આ બાબતે ધ્યાન આપે તો પસ્તાવાનો વારો ન આવે.

**ફખરુદ્દીન ખાનભાઈ ચીતલવાલા**
**ભાયખલા**

### માત્ર વીડિયો નહીં, માનવતા પણ બતાવીએ

તાજેતરમાં મુંબઈ સહિત દેશના વિવિધ ભાગોમાં મારામારી, હુમલા અને અન્ય દુખદ ઘટનાઓના બનાવો સામે આવી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં ઘણા લોકો મદદ કરવા કરતાં મોબાઇલમાં વીડિયો બનાવવામાં વધુ વ્યસ્ત જોવા મળે છે. આપણે સૌએ યાદ રાખવું જોઈએ કે મુશ્કેલીમાં મુકાયેલી વ્યક્તિને સમયસર મળેલી મદદ તેનો જીવ બચાવી શકે છે. જો આપણે માત્ર દર્શક બનીને ઊભા રહીએ તો ગુનેગારોમાં હિંમત વધે છે અને સમાજમાં ભયનું વાતાવરણ સર્જાય છે. આજે કોઈ અજાણી વ્યક્તિ ભોગ બની રહી છે, પરંતુ આવતી કાલે આપણા પરિવારનો સભ્ય, મિત્ર કે નજીકની વ્યક્તિ પણ આવી ઘટનાનો ભોગ બની શકે છે. આથી તમામ નાગરિકોને અપીલ છે કે

- પોતાની સલામતીનું ધ્યાન રાખીને શક્ય હોય એટલી મદદ કરો
- તરત જ પોલીસ અથવા અન્ય ઇમર્જન્સી સેવાઓને જાણ કરો
- આસપાસના લોકોને અવાજ આપો અને સહયોગ એકત્ર કરો
- માત્ર વીડિયો બનાવવામાં સમય ન બગાડો, પ્રથમ પ્રાથમિકતા પીડિતની મદદ હોવી જોઈએ
- કાયદો પોતાના હાથમાં ન લો, પરંતુ કાયદેસર રીતે પોલીસને સહકાર આપો

સજાગ નાગરિક જ સુરક્ષિત સમાજનું નિર્માણ કરે છે. ચાલો, માત્ર દર્શક નહીં, જવાબદાર નાગરિક બનીએ.

**-જયંત જોશી**

### ‘મુંબઈ સમાચાર’ અમર રહો

મુંબઈ સમાચારના ૨૦૫મા જન્મદિવસનું શ્રેય તંત્રી, ઉપતંત્રી તથા અન્ય સ્ટાફના પ્રામાણિક અને નિષ્ઠાવાન કાર્યનું મીઠું ફળ છે. આ પેપર અઠવાડિયાના સાત દિવસ વિવિધ સાહિત્ય પીરસીને વિવિધ સ્તરના લોકોને જ્ઞાન અને મનોરંજન પીરસતું દેશ-વિદેશનું લોકમાન્ય, લોકપ્રિય વર્તમાનપત્ર છે. આ પેપરની ‘સુખનો પાસવર્ડ’ કૉલમ સર્વને પ્રિય છે તથા એ નીતિમત્તા શીખવતી પાઠશાળા છે. આ કૉલમે મને ઘણા પ્રસંગે માર્ગદર્શન આપ્યું છે. આ પૃથ્વીલોકમાં જ્યાં સુધી સૂરજ અને ચાંદ ચમકતા રહેશે ત્યાં સુધી ‘મુંબઈ સમાચાર’ ચમકતું રહેશ. અમારું મુંબઈ સમાચાર અમર રહો.

**-ભૂપેન્દ્ર રતિલાલ દોશી, પૂના**

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઇલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં.

– તંત્રી

## પહેલા પાનાનું ચાલુ

### યુપીઆઇ

ટ્રાન્ઝેક્શનને અત્યાર સુધી આવા ચાર્જમાંથી મુક્તિ આપવામાં આવી છે. પેમેન્ટ અને સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટમાં પ્રસ્તાવિત ફેરફારો કરવેરા પરના વ્યાપક કાયદાનો એક ભાગ છે, જે મંગળવારે ગૃહમાં રજૂ કરવામાં આવ્યો હતો.બપોરે ૨ વાગ્યે ગૃહ ફરી શરૂ થયા પછી લોકસભામાં ધ્વનિ મતદાન દ્વારા બિલ પસાર કરવામાં આવ્યું હતું. સંસદની કાર્યવાહી ફરી શરૂ થતાં જ નાણા પ્રધાન નિર્મલા સીતારમણે ટેક્સેશન એન્ડ અધર લોઝ (અમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૬ રજૂ કર્યું હતું. જેનો હેતુ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટ,૨૦૦૭ અને ઈન્કમ ટેક્સ એક્ટ,૨૦૨૫મા સંશોધન કરવાનો હતો અને ફાઈનાન્સ એક્ટ, ૨૦૨૬માં ફેરફાર કરવાનો હતો જેથી તેના પર વિચાર કરી શકાય. સરકારનો હેતુ ગ્રાહકો અને નાના વ્યવસાયો માટે ડિજિટલ પેમેન્ટ સર્વિસ પર નાના ચાર્જ વસૂલવાનો છે, જ્યારે ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમને ચલાવતી બેન્કો, પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ અને ચુકવણી માળખાગત કંપનીઓ માટે ટકાઉ આવક મૉડેલ સુનિશ્ચિત કરવાનો છે. ■

### ઉત્તર પ્રદેશમાં

હતી. સર્કલ ઓફિસર(શહેર) આશુતોષ મિશ્રાએ જણાવ્યું કે આ ઘટના ત્યારે બની જ્યારે પરિવારના સાત સભ્યો જૂના ઘરમાં એક જ રૂમમાં સૂતા હતા. ઘરનો માત્ર એક જ સભ્ય અમન(૨૮) કાટમાળમાંથી બચી શક્યો હતો. પોલીસે ફાયર સર્વિસના કર્મચારીઓની મદદથી બચાવ કામગીરી હાથ ધરી હતી અને કાટમાળ નીચે ફસાયેલા તમામ લોકોને બહાર કાઢ્યા હતા. બાદમાં ઘાયલોને સરકારી મેડિકલ કોલેજ લઇ જવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ તેમાંથી છને મૃત જાહેર કર્યા હતા. પોલીસે જણાવ્યું કે આજે સવારે બારાબંકી જિલ્લાના અલિયાબાદ ગામમાં રમતી વખતે જૂની ઈંટની દીવાલ તૂટી પડતાં બે ભાઇ-બહેનનાં મોત થયા હતા અને ત્રણ અન્ય બાળકો ઘાયલ થયા હતા. સર્કલ ઓફિસર(શહેર) સૌરભ શ્રીવાસ્તવે જણાવ્યું કે ગામની એક શેરીમાં પાંચ બાળકો રમી રહ્યા હતા ત્યારે દિવાલ તૂટી પડી હતી. જેના કાટમાળ નીચે તેઓ દટાઇ ગયા હતા. ગ્રામજનોએ બાળકોને બચાવ્યા હતા અને જિલ્લા હોસ્પિટલ લઇ ગયા હતા. એક અન્ય ઘટનામાં બુધવારે રાત્રે સહારનપુર જિલ્લાના ઘાઘરેકી ગામમાં માટીનું મકાન તૂટી પડવાથી ૩૫ વર્ષીય મહિલાનું મોત થયું હતું. સ્ટેશન હાઉસ ઓફિસર દેવેશ કુમાર શર્માએ જણાવ્યું કે ભારે વરસાદ વચ્ચે રાત્રે લગભગ ૧૧-૩૦ વાગ્યે મકાન તૂટી પડવાથી મહિલા કાટમાળ નીચે દટાઇ ગઇ હતી. પોલીસ અને સ્થાનિક લોકોએ તેને બહાર કાઢી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પહોંચાડી હતી. જ્યાં તબીબોએ મહિલાને મૃત જાહેર કરી હતી. ■

### મોદી, અમિત શાહ ચર્ચા

વિપક્ષ ગૃહને કામ કરતા અટકાવી રહ્યું છે અને સાથે જ આરોપ લગાવી રહ્યો છે કે સરકાર ચર્ચાથી બચી રહી છે. વધુમાં તેમણે કહ્યું કે વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સવારથી સંસદમાં હાજર રહે છે અને સાંજે જ બહાર નીકળે છે. વિપક્ષ જ ગૃહને કામ કરવા દેતું નથી અને બહાર સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. તે યોગ્ય નથી.

તેમણે કહ્યું હતું કે સરકારે કામ યથાવત્ રાખ્યું છે અને બિલ પાસ કર્યા છે, ખાસ કરીને રાજ્યસભામાં, જ્યાં વિપક્ષી સભ્યોના વિરોધ છતાં ચર્ચાઓ થઈ છે. અમે બિલો પસાર કરી રહ્યા છીએ અને ગૃહની કાર્યવાહી ચલાવી રહ્યા છીએ. રાજ્યસભામાં યોગ્ય ચર્ચા પછી બિલો પસાર કરવામાં આવી રહ્યા છે.

કૉંગ્રેસ અને તેના એક કે બે સાથી પક્ષો વોકઆઉટ કરી રહ્યા છે અથવા હંગામો કરી રહ્યા છે, પરંતુ સભ્યો ચર્ચામાં ભાગ લઈ રહ્યા છે અને પોતાના મંતવ્યો વ્યક્ત કરી રહ્યા છે.

સંસદીય બાબતોના પ્રધાને દાવો કર્યો કે સતત વિક્ષેપો સરકાર કરતાં કોંગ્રેસને વધુ નુકસાન પહોંચાડી રહ્યા છે, ખાસ કરીને તેમના પ્રથમ વખત ચૂંટાયેલા સાંસદો માટે જેઓ સંસદમાં બોલવાની તક ગુમાવી રહ્યા છે. નુકસાન કોંગ્રેસનું જ થઈ રહ્યું છે. તેના કેટલાક નવા સાંસદોને બોલવાની તક મળી રહી નથી.

આના કારણે નુકસાન કોને થઈ રહ્યું છે? તેમના પોતાના સાંસદોનું.

રિજિજુએ કહ્યું કે સરકારે પરીક્ષાના પેપર લીકને રોકવા માટે પહેલાથી જ ક્રાંતિકારી પગલાં લીધા છે અને વિપક્ષ પર એક જ મુદ્દા પર વારંવાર વિરોધ પ્રદર્શન કરવાનો આરોપ લગાવ્યો છે. મુદ્દો ખતમ થઈ ગયો છે. દેશ આગળ વધી રહ્યો છે. વડાપ્રધાને પરીક્ષા પેપર લીક પર ક્રાંતિકારી નિર્ણયો લીધા છે. પરંતુ દરરોજ સવારે તેઓ એક જ મુદ્દા પર નાટક રચે છે અને સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખે છે. તેઓ નાટક પણ કરે છે અને ભગવાન રામનું અપમાન પણ કરે છે. તેઓ આગળ વધવાનો માર્ગ શોધવા માટે વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને અન્ય વિપક્ષી નેતાઓના સંપર્કમાં છે. ■

### ટ્રમ્પનો જીવ

હતું કે પ્રારંભિક તપાસમાં દર્શાવવામાં આવ્યું છે કે અલગ થવાનું ક્ષણિક નુકસાન થયું હતું જેના પછી વિમાન એકબીજાથી દૂર જતાં રહ્યા હતા.

આ દરમિયાન એર ટ્રાફિક કંટ્રોલર કમર્શિયલ પાઇલટ અને મરીન વન પાઇલટ બંનેના સંપર્કમાં હતો,'' તેવું એફએએએ જણાવ્યું હતું.

વાઇટ હાઉસે ભારપૂર્વક જણાવ્યું હતું કે ટ્રમ્પ ક્યારેય જોખમમાં નહોતા.

''મરિન વન ફ્લાઇટ્સ વિશ્વના કેટલાક શ્રેષ્ઠ વિમાનચાલકો દ્વારા ચલાવવામાં આવે છે, અને કોઈપણ સમયે રાષ્ટ્રપતિને કોઈ નુકસાન થયું ન હતું,'' તેવું વાઇટ હાઉસના પ્રવક્તા કુશ દેસાઈએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

મરિન કોર્પ્સે તેમના હેલિકોપ્ટર પાઇલટ્સની કાર્યવાહીનો બચાવ કર્યો હતો.

નિયમિત મરિન વન મૂવમેન્ટ સાથે કોઈ ‘નજીકના સંપર્ક’ નહોતા, તેવું મરિન કોર્પ્સના પ્રવક્તા કેપ્ટન જેકબ સુગે એક ઇમેઇલમાં જણાવ્યું હતું. ■

### શિવસેનામાં

ચૂંટણી પંચ પાસે પક્ષનું બંધારણ યોગ્ય છે કે નહિ, તે નક્કી કરવાની સત્તા નથી.

સિબલે જણાવ્યું હતું કે પક્ષના (શિવસેનાના) બન્ને જૂથે પક્ષનું ૨૦૧૮નું બંધારણ સ્વીકાર્યું હતું અને તેઓ વર્ષો સુધી તેના આધારે કામગીરી કરતા હતા. શિંદે જૂથ પાસે વિધાનસભ્યોની બહુમતી હતી, જ્યારે ઠાકરે જૂથ પાસે સંગઠનના પ્રાથમિક સભ્યોની બહુમતી હતી. ઠાકરે જૂથ પાસે ૧૯.૪ લાખ પ્રાથમિક સભ્યોનો ટેકો હતો, જ્યારે શિંદે જૂથ પાસે માત્ર ૪.૪૮ લાખ પ્રાથમિક સભ્યોનો ટેકો હતો.

તેમણે જણાવ્યું હતું કે એકનાથ શિંદેએ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા તે પછી તેમનું વિધાનસભામાંનું સંખ્યાબળ ૩૧થી વધીને ૫૬ થયું હતું. લોકોને સત્તા લોહચુંબકની જેમ આકર્ષે છે.

મહારાષ્ટ્રના બન્ને રાજકીય જૂથ વચ્ચે પક્ષના ચિહ્ન ‘ધનુષ્ય અને બાણ’ને મુદ્દે પણ ખેંચતાણ ચાલી રહી છે.

સર્વોચ્ચ અદાલતે આ કેસની વધુ સુનાવણી ૧૧ ઑગસ્ટ પર મુલતવી રાખી હતી.

દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનની બનેલી બૅન્ચ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાને ‘ધનુષ્ય અને તીર’નું ચિહ્ન ફાળવવાના ચૂંટણી પંચના આદેશને પડકારતી ૨૦૨૪માં કરાયેલી બે અરજીની અંતિમ સુનાવણી કરી રહી છે.

ચૂંટણી પંચે એકનાથ શિંદેની શિવસેનાને ‘ખરી શિવસેના’ ગણતા ૨૦૨૩ની ૧૭ ફેબ્રુઆરીએ લીધેલા નિર્ણયને પણ સર્વોચ્ચ અદાલતમાં પડકારાયો હતો.

અગાઉ, ઉદ્ધવ ઠાકરેના જૂથના વકીલ કપિલ સિબલે જણાવ્યું હતું કે ચૂંટણી પંચે આ કિસ્સામાં પક્ષના બંધારણની અવગણના કરી હતી અને તેને ૨૦૧૩ના માર્ચમાં સુધારેલું બંધારણ અપાયું હતું. આ પ્રકરણમાં પક્ષપલટાનો મુદ્દો ઊભો થાય છે.

ચૂંટણીનું ચિહ્ન હંમેશાં રાજકીય પક્ષની માલિકીનું જ હોય છે. શિવસેનાના ૨૦૧૮ના રેકૉર્ડ્સમાં એકનાથ શિંદેને ‘પક્ષ પ્રમુખ’ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેનાની રાષ્ટ્રીય કારોબારીના સભ્ય તરીકે જ ગણાવાયા હતા. (એજન્સી) ■

# બામણબોરને રાજકોટમાં અને બોટાદને સુરેન્દ્રનગર જીપીસીબી કચેરીમાં ભેળવવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લઈ રાજ્યમાં વહીવટી સરળતા, પર્યાવરણીય દેખરેખની ક્ષમતા અને ઔદ્યોગિક એકમોની સુવિધામાં વધારો કરવાના હેતુથી, ભૌગોલિક અનુકૂળતાને ધ્યાનમાં રાખીને બોટાદ જિલ્લા અને બામણબોર ઔદ્યોગિક વિસ્તારની પ્રાદેશિક કચેરીઓનું પુનર્ગઠન કરવામાં આવ્યું છે. આ નવા ફેરફારથી વહીવટી અને મહેસૂલી સીમાઓ વચ્ચે સુસંગતતા આવશે અને સંબંધિત વિસ્તારોના ઉદ્યોગો માટે સરકારી પ્રક્રિયાઓ અત્યંત સરળ અને ઝડપી બનશે.

આ નવા સુધારા અંતર્ગત બામણબોર જી.આઈ.ડી.સી. તથા તેની આસપાસના વિસ્તારોને સુરેન્દ્રનગર કચેરીમાંથી મુક્ત કરી રાજકોટ પ્રાદેશિક કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ મૂકવામાં આવ્યા છે. આ ફેરફારથી કચેરીનું અંતર ૮૪ કિમીથી ઘટીને માત્ર ૨૯ કિમી થઈ જશે. બામણબોર-રાજકોટ સળંગ કલસ્ટર હોવાથી એકસમાન પર્યાવરણીય નિયમન શક્ય બનશે અને કોઈપણ દુર્ઘટના સમયે રાજકોટની ટીમ મિનિટોમાં સ્થળ પર પહોંચી શકશે. વધુમાં, રાજકોટ ખાતે જૂની સ્થાપિત કચેરી, સ્ટાફ અને બોર્ડની પોતાની પ્રયોગશાળા ઉપલબ્ધ હોવાથી ઉદ્યોગોના સેમ્પલનું પૃથક્કરણ ત્વરિત થશે.

બીજી તરફ, સાણંદ જી.આઈ.ડી.સી. અને ધોલેરા એસ.આઈ.આર. ના ઝડપી વિકાસને કારણે અમદાવાદ (ગ્રામ્ય) કચેરીના વધતા વહીવટી કાર્યભારને હળવો કરવા માટે બોટાદ જિલ્લાને હવે સુરેન્દ્રનગર પ્રાદેશિક કચેરી હેઠળ સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. અગાઉ અમદાવાદથી બોટાદનું અંતર આશરે ૧૩૦ કિમી હતું,

જે હવે સુરેન્દ્રનગર કચેરી સાથે જોડાતા ઘટીને માત્ર ૭૦ કિમી થઈ ગયું છે. આ નિર્ણયથી બોટાદ જિલ્લાના તમામ ૧૬૯ ઔદ્યોગિક અને ૩૬ હેલ્થકેર એકમોને નજીકની સેવાઓનો સીધો લાભ મળશે. ■

# રાજકોટમાં સાંઈબાબા સર્કલથી કોઠારિયા સુધી આરસીસી રોડ બનશે



(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શહેરની મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શહેરના વિકાસને લગતી અનેક મહત્વપૂર્ણ દરખાસ્તો પર ગુરુવારે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં સાઈબાબા સર્કલથી કોઠારિયા રોડ સુધીના ૮૦ ફૂટ રોડને આરસીસી રોડમાં રૂપાંતરિત કરવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. અંદાજે ૧૧ કરોડના ખર્ચે આ રોડનું નિર્માણ કરવામાં આવશે. મુખ્ય પ્રધાનની ટકોર બાદ આ રોડના વિકાસ માટેની દરખાસ્તને મંજૂરી મળતા હવે કામગીરીને વેગ મળશે, તેમ સૂત્રો જણાવી રહ્યા હતા.

દરમિયાન સ્ટેન્ડિંગ કમિટીમાં કુલ ૧૬ દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી. જેમાંથી બે દરખાસ્તોને પેન્ડિંગ રાખવામાં આવી હતી, જ્યારે બે દરખાસ્તો વધુ સ્પષ્ટતા માટે પરત મોકલવામાં આવી હતી. આ ઉપરાંત, શહેરની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને સ્વચ્છતા સર્વે માટેની અંદાજે ૧.૧૦ કરોડની દરખાસ્તને પણ હાલ પેન્ડિંગ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# કચ્છમાં ડ્રગ્સના ગુનાઓમાં પકડાયેલા આરોપીની મિલકતો પોલીસે જપ્ત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોલીસે માત્ર ડ્રગ્સ પકડવા અને ગુનેગારોને જેલભેગા કરવાથી આગળ વધીને કાળી કમાણીથી ઊભી કરેલી મિલકતો જપ્ત કરવાની ઝુંબેશ શરૂ કરી છે. ડ્રગ્સનો ગેરકાયદે વેપાર કરીને વસાવેલી સ્થાવર અને જંગમ મિલકતોનો કાયદાકીય હિસાબ મેળવી તેને સરકારી ચોપડે જપ્ત કરવામાં આવી રહી છે. ગુનેગારો સામે કાયદા હેઠળ આકરી કાયદાકીય કાર્યવાહી કરીને તેમના આર્થિક નેટવર્કને ધ્વસ્ત કરવાનો આક્રમક અભિગમ અપનાવવામાં આવ્યો છે.

છેલ્લા ૩ વર્ષમાં સમગ્ર ગુજરાતમાં ડ્રગ્સ કેસમાં મિલકત જપ્ત કરાવવાની પ્રથમ અને સૌથી સફળ કામગીરી પૂર્વ કચ્છ પોલીસે કરી બતાવી છે, જે રાજ્યના અન્ય તમામ પોલીસ યુનિટ્સ માટે એક રોલ મોડેલ સાબિત થઈ છે. ગાંધીધામ ખાતે અગાઉ ૩ થી ૪ વાર માદક પદાર્થોની હેરાફેરીમાં પકડાઈ ચૂકેલા કુખ્યાત આરોપી પિંટુ વેદાનંદ ઉર્ફે બેદાનંદ યાદવ વિરુદ્ધ એસઓજી ટીમે આકરી કાર્યવાહી કરી છે. તપાસમાં ખુલાસો થયો હતો કે આરોપીએ પોતે અને પોતાની પત્નીના નામે ડ્રગ્સના કાળા કારોબારમાંથી મિલકતો વસાવી હતી. આરોપીએ રૂ. ૧૫ લાખનું મકાન અને ત્રણ વાહનો મળીને કુલ રૂ. ૨૨,૩૧,૦૦૦ ની મિલકત વસાવી હતી જેને કચ્છ પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# જૂનાગઢમાં એસસી-એસટી વિદ્યાર્થીઓની સ્કોલરશિપઃ ઓળવી જનાર સંચાલક સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ આર્થિક કારણોસર પછાત સમુદાયના વિદ્યાર્થીઓનું શિક્ષણ ન અટકે તે માટે સરકાર દ્વારા શિષ્યવૃતિ આપવામાં આવતી હોય છે, પણ અમુક તત્વો આ સહાયનો પણ દુરુપયોગ કરીને કૌભાંડ આચરતા હોય છે. જૂનાગઢમાં 'ગુજરાત એજ્યુકેશન' નામની સંસ્થાના ઓઠા હેઠળ ચાલતા મોટા અનુસૂચિત જાતિ-અનુસૂચિત જનજાતિ (એસસી-એસટી) સ્કોલરશીપ કૌભાંડનો પર્દાફાશ થયો હતો. પેરોલ ફર્લો સ્કવોડે આ મામલે બી ડિવિઝન પોલીસ મથકમાં દર્શન મેસવાણીયા (રહે. ઝાંઝરડા ચોકડી નજીક, જુનાગઢ) અને અન્ય સંડોવાયેલા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતા અને આઈટી એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસ ફરિયાદ અનુસાર, આરોપી દર્શન મેસવાણીયા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને એક્સટર્નલ કોર્સમાં ૧૦૦ ટકા સ્કોલરશીપથી એડમિશન અપાવવાની અને પરીક્ષામાં પાસ કરાવવાની ગેરંટી આપતો હતો. તે વિદ્યાર્થીઓ પાસેથી અસલ ડોક્યુમેન્ટ અને ફિંગરપ્રિન્ટ મેળવીને તેમની જાણ બહાર ફિનો પેમેન્ટ બેંકમાં ખાતા ખોલાવતો હતો. સ્કોલરશીપની રકમ સીધી આ ખાતાઓમાં જમા થતી, પરંતુ પાસબુક, એટીએમ અને વિદ્યાર્થીઓના નામે લીધેલા સીમકાર્ડ આરોપી પોતાની પાસે જ રાખતો હતો.

અત્યાર સુધીની તપાસમાં ૪૦ જેટલા વિદ્યાર્થીઓના ખાતામાં સરકાર તરફથી કુલ રૂ. ૨૪,૪૪,૭૯૦ ની સ્કોલરશીપ જમા થઈ હોવાનું ખુલ્યું હતું, જેમાંથી આરોપીએ રૂ. ૧૧,૦૩,૫૦૦ ઉપાડી લઈને ઉચાપત કરી હતી. કેટલાક કિસ્સાઓમાં તો વિદ્યાર્થીએ પરીક્ષા ન આપી હોય કે ક્લાસમાં હાજરી ન આપી હોય તો પણ ખોટા પુરાવા ઊભા કરીને સ્કોલરશીપ મેળવી લેવામાં આવતી હતી. ઉપરાંત, કેટલાક વિદ્યાર્થીઓ પાસેથી એડમિશન માટે રોકડા કે ગૂગલપે દ્વારા રૂપિયા પડાવીને તેમને એડમિશન ન અપાવી છેતરપિંડી પણ આચરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ઉનાના ગુંદાળા ગામમાં સિંહ યુગલે ગામની મધ્યે બે ગાયનું મારણ કર્યું

## સિંહ આવી જતા હોવાથી લોકો માં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઉનાઃ ઉના તાલુકા નું ગુંદાળા ગામ જંગલ બોર્ડરથી નજીક આવેલું ગામ છે અને ગામના સીમ વિસ્તારમાં સિંહનો વસવાટ પણ લગભગ નિશ્ચિત થઈ ગયેલ છે. ગત મોડી રાત્રીના સમયે સિંહ યુગલ ગામમાં શિકારની શોધમાં આવી પહોંચેલા અને ગામની શેરીઓમાં લટાર મારી હતી. સિંહ યુગલ ગામ માં આવ્યું હોવાની જાણ થતા ગ્રામજનોમાં ભય ફેલાયેલો હતો અને ગ્રામજનો પણ પોતાના માલઢોર ને સલામત રીતે ખસેડી આપેલ અને ગામમાં સિંહ યુગલ આવ્યા બાદ સિંહ અને સિંહણ અલગ અલગ ગામની શેરીઓમા શિકારની શોધમાં હતા અને ગામના યુવાનો પણ સિંહ દર્શન કરવા નીકળ્યા હતા. અંતે ગામની મધ્યે આવેલા બાપા સીતારામ ચોક માં ૨ ગાયો નું મરણ કરી કલાકો સુધી શિકાર પર બેસીને સિંહ યુગલે પોતાની ભૂખ સંતોષી હતી અને ગ્રામજનોએ આ દશ્યો પોતાના મોબાઇલમાં કેદ કર્યા હતા. નાના એવા ગામમાં રહેણાંક વિસ્તાર સુધી સિંહ આવી જતા હોવાથી લોકો માં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. વહેલી સવાર સુધી સિંહ યુગલ ગામમાં બેસી રહ્યું હતું. વન વિભાગ પણ ગામમાં પહોંચ્યું હતું. લોકોએ પેટ્રોલિંગ કરવાની માગણી કરી હતી. ■

# જામનગરમાં મકાન ધરાશાયી, ત્રણને ઈજા, એક કાટમાળ નીચે હોવાની આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ શહેરના રાજપાર્ક પાસે આવેલા રંગમતી પાર્ક, બે ચબૂતરાવાળી શેરીમાં એક મકાનનો ઉપરનો ભાગ અચાનક ધરાશાયી થતાં અફરાતફરીનો માહોલ સર્જાયો છે. ઘટનામાં બે થી ત્રણ જેટલા લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું છે. જ્યારે એક વ્યક્તિ કાટમાળ નીચે દબાયેલ હોવાની આશંકા વચ્ચે બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

રાજપાર્ક નજીક રંગમતી પાર્કની બે ચબૂતરાવાળી શેરીમાં આવેલા મકાનનો ઉપરનો ભાગ ધરાશાયી થતાં સ્થાનિકોમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનામાં બે થી ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. એક વ્યક્તિ હજુ પણ કાટમાળ નીચે દબાયેલ હોવાની માહિતી સામે આવી છે. ફાયર વિભાગની ટીમે સ્થળ પર પહોંચી રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું છે અને કાટમાળ હટાવી વ્યક્તિને બહાર કાઢવા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી છે. ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ પણ ઘટના સ્થળે હાજર રહી ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવાની કામગીરી કરી રહી છે. હાલ બચાવ કામગીરી ચાલુ હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# જામનગરમાં એનાલોગ પનીર પર પ્રતિબંધની કડક અમલવારી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ જામનગર મહાનગર પાલિકાના ફૂડ વિભાગ દ્વારા ગુરુવારથી એનાલોગ ચીઝ, બટર અને પનીર જેવી પ્રોડક્ટ્સ પર લાગુ કરાયેલા પ્રતિબંધની કડક અમલવારી શરૂ કરવામાં આવી છે.

આ અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી ખાણી-પીણીની દુકાનો, રેસ્ટોરન્ટ, ફાસ્ટ ફૂડ સેન્ટરો અને અન્ય ખાદ્ય વ્યવસાયિક એકમોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

રાજ્ય સરકારે બુધવારે આ પ્રોડેક્ટ્સ પર પ્રતિબંધ જાહેર કર્યો હતો. ગુરુવારે સવારથી શહેરમાં બારથી વધુ વેપારી એકમોમાં ફૂડ વિભાગની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પ્રતિબંધિત એનાલોગ પનીરનો ઉપયોગ થઈ રહ્યો છે કે નહીં તેની ખાસ ચકાસણી કરવામાં આવી હતી.ચેકિંગ દરમિયાન શહેરના અંકલ ડોનાલ્ડ પિઝા ખાતે અંદાજે ૧૨ કિલો એનાલોગ પનીર મળી આવ્યું હતું. ફૂડ વિભાગની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને જપ્ત કરાયેલ પનીરનો સ્થળ પર જ નાશ કર્યો હતો તેમજ સંબંધિત સંચાલકોને નિયમોનું પાલન કરવા સૂચના આપવામાં આવી હતી.

મહાનગરપાલિકાના ફૂડ વિભાગે જણાવ્યું હતું કે ગ્રાહકોના આરોગ્યને ધ્યાનમાં રાખીને પ્રતિબંધિત ખાદ્ય પદાર્થોના ઉપયોગ સામે આગામી દિવસોમાં પણ શહેરભરમાં સતત અને સઘન ચેકિંગ અભિયાન ચાલુ રહેશે. નિયમોનો ભંગ કરનાર વેપારીઓ સામે ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ફૂડ વિભાગે તમામ વેપારીઓને પ્રતિબંધિત એનાલોગ ચીઝ, બટર અને પનીરનો ઉપયોગ બંધ કરી માત્ર માન્ય અને ગુણવત્તાયુક્ત ખાદ્ય સામગ્રીનો જ ઉપયોગ કરવાની અપીલ કરી છે. ■

# ભાવનગર જિલ્લા જેલના સિપાઈ પર કાચાકામના કેદીએ કર્યો જીવલેણ હુમલો

ભાવનગરઃ જિલ્લા જેલમાં ફરજ બજાવતા સિપાઈ દિગ્વિજયસિંહ બી. ગોહિલ પર જેલમાં જ એક કાચા આરોપીએ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી કાનનો પડદો તોડી નાખ્યાનો બનાવ બનતા ચકચાર મચી હતી. બનાવ અંગે આરોપી વિરુદ્ધ નીલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ભાવનગર જિલ્લા જેલ ખાતે સિપાઈ તરીકે ફરજ બજાવતા ૩૧ વર્ષીય દિગ્વિજયસિંહ બી. ગોહિલ ફરજ પર હતા. તે દરમિયાન બેરેક નંબર ૧ના કાચા કામના આરોપી હાફિઝ અરશદભાઈ અન્સારીએ પોતાની બેરેકમાં જવા જણાવતા તેના પર ઉશ્કેરાઈ બીજા કાચા કામના આરોપી કિરણભાઈ ઉર્ફે મનહર મકવાણાએ ઉશ્કેરાઈ સિપાઈને મોઢા પર ૫-૬ થપ્પડો મારી હતી અને કોર્ટમાં ખોટા આક્ષેપો કરી ફસાવી દઈશ તેવી ધમકી આપી હતી જ્યારે સિપાઈ દિગ્વિજયસિંહ સર્કલ બહાર આવેલા શૌચાલય જઈને પરત ફરતા હતા, ત્યારે સલામતી યાર્ડની બાજુના સર્કલ ગેટ નંબર ૧ પાસે કાચા આરોપી કિરણ મકવાણાએ એકલતાનો લાભ ઉઠાવી અચાનક હુમલો કર્યો હતો. આરોપીએ મજબૂત બાંધાનો હોવાથી તેમને આડેધડ માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ■

# એઆઈ જનરેટેડ ફોટા અને રીલ્સથી બજરંગદાસબાપાના મૂળ ચિત્રો તથા સાચા વિચારો સાથે છેડછાડઃ ગુરુઆશ્રમ દ્વારા અપાઈ ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ પ્રસિદ્ધ યાત્રાધામ બગદાણા સ્થિત શ્રી બજરંગદાસજી સીતારામ આશ્રમ સનાતન સંસ્થા દ્વારા પૂજ્ય બજરંગદાસ બાપાના વાસ્તવિક સ્વરૂપ, પવિત્રતા અને આશ્રમની અધિકૃત પરંપરાઓની જાળવણી અર્થે એક અત્યંત મહત્વપૂર્ણ અને સખત આવેદનાત્મક આવેદન જાહેર કરવામાં આવ્યું છે. વર્તમાન સમયમાં સોશિયલ મીડિયા પર માત્ર લાઈક્સ અને વ્યુઝ મેળવવાની ઘેલછામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજીનો દુરુપયોગ કરી પૂજ્ય બાપાના કલ્પનિક ફોટા, બનાવટી દ્રશ્યો અને મનઘડંત વાર્તાઓ સાથેની રીલ્સ વાયરલ કરવામાં આવી રહી છે, જે અંગે આશ્રમ ટ્રસ્ટ દ્વારા ભારે ચિંતા અને રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. સંસ્થાન દ્વારા સ્પષ્ટપણે જણાવાયું છે કે પૂજ્ય બાપાનું સમગ્ર જીવન રામનામના જપ, સાદગી, સરળતા અને માનવતાની પરમ સેવામાં જ આધારિત રહ્યું છે. તેમણે ક્યારેય ચમત્કારોના દાવો કર્યા નથી પરંતુ પોતાની ઉચ્ચ સાધનાના બળે કરોડો શ્રદ્ધાળુઓના હૃદયમાં સ્થાન મેળવ્યું છે. આવા સમયે વડે તૈયાર કરાતી ખોટી સામગ્રી પૂજ્ય બાપાના પવિત્ર સ્વરૂપ સાથે મોટો અન્યાય છે. જો આ કલ્પનિક સામગ્રીને તાત્કાલિક ધોરણે અટકાવવામાં નહીં આવે તો આવનારી પેઢી સાચા ઇતિહાસથી વંચિત રહી જશે અને દ્વારા જનરેટ થયેલા વિકૃત ચિત્રોને જ સત્ય માની લેશે.

આ પરિસ્થિતિને ધ્યાને રાખી ગુરુ આશ્રમ બગદાણાના ટ્રસ્ટી મંડળ, મેનેજર અને સ્વયંસેવકો દ્વારા તમામ ભક્તોને અવાસ્તવિક ફોટા કે રીલ્સ આગળ શેર ન કરવા, તેને પ્રોત્સાહન ન આપવા અને જે લોકોએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આવા ફોટા મૂક્યા હોય તેને તાત્કાલિક અસરથી હટાવી લેવા માટે કડક સૂચના સાથે વિનંતી કરવામાં આવી છે. પૂજ્ય બાપાના મૂળ ચિત્રો અને સાચા વિચારોને જાળવી રાખીને આવનારી પેઢી સુધી સાચો વારસો પહોંચાડવો એ જ સાચી ભક્તિ હોવાનું આશ્રમ દ્વારા ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે. ■

# જામનગરમાં ૩૨ લાખના ધિરાણ સામે બાવીસ લાખ વ્યાજ ચૂકવ્યું, છતાં સોનાના દાગીના વેચી માર્યા

## ગેરકાયદે ઉઘરાણી કરી સોનાના દાગીના વેચી નાખવા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ફરિયાદ નોંધાવી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરમાં વ્યાજખોરોનો આતંક સતત વધી રહ્યો છે, ત્યારે વધુ એક પઠાણી વ્યાજખોરીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જામનગર સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં એક વેપારીએ બે શખ્સો સામે ઊંચા વ્યાજે રૂપિયા આપી, ગેરકાયદેસર ઉઘરાણી કરી સોનાના દાગીના વેચી નાખવા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે બંને આરોપીઓ વિરુદ્ધ ગુજરાત મની લેન્ડર્સ એક્ટ (ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત અધિનિયમ) અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ ચોપડે નોંધાયેલી પ્રાથમિક માહિતી અનુસાર, ગોકુલનગરમાં રહેતા અને અગાઉ ગ્રેઇન માર્કેટમાં સેલ્સ એજન્સી ચલાવતા ૪૦ વર્ષીય વેપારીએ આરોપી ભરતભાઈ નંદા પાસેથી પોતાની ધંધાકીય જરૂરિયાત માટે કટકે-કટકે કુલ રૂ. ૩૨ લાખ ૨ ટકાથી ૫ ટકાના ઊંચા વ્યાજે લીધા હતા. મુકેશકુમારે જાન્યુઆરી-૨૦૨૩ થી ફેબ્રુઆરી-૨૦૨૫ સુધીમાં વ્યાજ પેટે રૂ. ૨૨ લાખ ચૂકવી દીધા હતા અને સિક્યુરિટી પેટે આશરે ૬૨૦ ગ્રામ વજનના સોનાના ૪ બિસ્કિટ, ૨ ચેન અને ૧ લકી પણ ગીરવે મૂક્યા હતા. આમ છતાં, આરોપી ભરતભાઈ નંદાએ ફરિયાદીની જાણ બહાર આ સોનાના દાગીના વેચી નાખી તેમની સાથે વિશ્વાસઘાત કર્યો હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત, આ જ ફરિયાદમાં બીજા આરોપી રવિરાજસિંહ ગોહિલ (રહે. પડાણા) સામે પણ ગંભીર આક્ષેપો છે. ફરિયાદીના ભાઈ ઘનશ્યામભાઈએ રવિરાજસિંહ પાસેથી રૂ. ૪ લાખ માસિક ૫ ટકાના વ્યાજે લીધા હતા. આરોપીએ ફરિયાદીની દુકાનમાંથી રૂ. ૩ લાખનું ફર્નિચર માત્ર રૂ. ૪૦ હજારમાં ગણીને બળજબરીથી પડાવી લીધું હતું અને વધુ પૈસાની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પોલીસે મામલે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ■

# રાજકોટમાં ગિફ્ટ પાર્સલના નામે ૬.૩૧ લાખની ઠગાઈ કરનાર ત્રણ વિદેશી આરોપી ઝડપાયા

## આરોપીઓમાં ઘાના, ટાન્ઝાનિયા અને સાઉથ સુદાનના નાગરિકનો સમાવેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શહેરના ગ્રામ્ય સાયબર ક્રાઈમ પોલીસને આંતરરાષ્ટ્રીય સાયબર ઠગાઈના કેસમાં મોટી સફળતા મળી છે. ફેસબુક પર મિત્રતા કેળવી જર્મનીથી ગિફ્ટ પાર્સલ મોકલવાના બહાને રાજકોટના એક વ્યક્તિ પાસેથી ૬ લાખ ૩૧ હજાર ૯૦૦ની ઓનલાઈન ઠગાઈ આચરનાર એક મહિલા સહિત ત્રણ વિદેશી આરોપીને ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડાથી ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે મહિલા આરોપીએ ફેસબુક પર ખોટી ઓળખ બતાવી ફરિયાદી સાથે મિત્રતા કરી હતી. ત્યારબાદ વોટ્સએપ મારફતે સતત સંપર્કમાં રહી ફરિયાદીનો વિશ્વાસ જીત્યો અને જર્મનીથી ગિફ્ટ પાર્સલ મોકલ્યું હોવાનું જણાવ્યું હતું.

બાદમાં અન્ય સાગરિતોએ પોતે દિલ્હી એરપોર્ટના અધિકારી હોવાનું કહી પાર્સલમાં યુરો કરન્સી, સોનાની ચેઈન, આઈફોન અને મોંઘી ઘડિયાળ હોવાનું જણાવી વિવિધ ચાર્જના બહાને ફરિયાદી પાસેથી અલગ-અલગ તબક્કે કુલ ૬.૩૧ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા હતા.

સાયબર ક્રાઈમ પોલીસે ટેકિન્કલ તપાસ, બેંક ટ્રાન્ઝેક્શન, મોબાઈલ નંબર, આઈપી લોગ અને અન્ય ડિજિટલ પુરાવાના આધારે આરોપીઓ સુધી પહોંચી ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડાથી એક મહિલા સહિત ત્રણ વિદેશી નાગરિકની ધરપકડ કરી હતી.

પકડાયેલા આરોપીઓમાં ઘાના, તાન્ઝાનિયા અને સાઉથ સુદાનના નાગરિકનો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી ત્રણ મોબાઈલ ફોન, ત્રણ પાસપોર્ટ કબજે કર્યા છેતેમજ ગુનામાં ઉપયોગમાં લેવાયેલા કુલ ૧૫ બેંક એકાઉન્ટ ફ્રીઝ કર્યા છે.

હાલ પોલીસે આરોપીઓની પૂછપરછ શરૂ કરી છે અને આ આંતરરાષ્ટ્રીય સાયબર ઠગાઈ ગેંગના અન્ય સભ્યો સુધી પહોંચવા વધુ તપાસ હાથ ધરી છે. ■

# કચ્છ તરફની રદ કરાયેલી તમામ ટ્રેનો પુનઃ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સામખિયાળી-ભચાઉ વચ્ચે ચાર લાઈન અને ઓટોમેટિક સિગ્નલિંગના જોડાણ કામકાજ અર્થે રેલવે તંત્ર દ્વારા લેવાયેલો ૧૨ દિવસનો મેગા બ્લોક પૂર્ણ થતાં, આજથી કચ્છ તરફ આવતી-જતી તમામ ટ્રેનોનો વ્યવહાર પૂર્વવત રાબેતા મુજબ શરૂ થઈ ગયો છે. ટ્રેન વ્યવહાર પુનઃ શરૂ થતાં વિતેલા દિવસોમાં હાલાકી ભોગવી રહેલા મુસાફરો અને પ્રવાસી વર્ગે ભારે રાહતનો દમ લીધો છે. સામખિયાળી-ભચાઉ સેક્શનમાં ત્રીજી અને ચોથી લાઈનના જોડાણ તથા નોન-ઈન્ટરલોકિંગ કામગીરી માટે રેલવે દ્વારા ૧૨ દિવસનો સબળ બ્લોક લેવામાં આવ્યો હતો. આ સમયગાળા દરમિયાન કચ્છથી ચાલતી અને આવતી દરરોજની ૧૬ ટ્રેનો સંપૂર્ણપણે રદ કરવામાં આવી હતી, જ્યારે ૧૬ ટ્રેનોને આંશિક રીતે ટૂંકાવવામાં આવી હતી. આ બ્લોકના કારણે ભુજ-અમદાવાદ વચ્ચે દોડતી નમો ભારત ટ્રેનને ધ્રાંગધ્રા સુધી જ દોડાવવામાં આવતી હતી. ■

# નખત્રાણામાં ગેરકાયદે કોલસાની ટ્રક પકડતાં વનરક્ષક પર જીવલેણ હુમલો, ત્રણ શખ્સો સામે હત્યાના પ્રયાસનો ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ નખત્રાણામાં પાસ-પરમિટ વગર કોલસો ભરેલી આઇશર ટ્રક પકનારા વનરક્ષક પર ત્રણ શખ્સોએ ફોરેસ્ટ ઓફિસે ધસી જઈને જીવલેણ હુમલો કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ''મારી ગાડી તારા સાહેબ પણ ન રોકાવે'' તેમ કહીને હુમલાખોરોએ વનરક્ષકને લાફો ઝીંકી, ગળું દબાવી જાનથી મારી નાખવાનો પ્રયાસ કરતાં સરકારી આલમમાં ભારે ચકચાર મચી ગઈ છે.

નખત્રાણા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ અનુસાર, નખત્રાણા પશ્ચિમ રેન્જની અરલ મોટી બીટમાં વનરક્ષક તરીકે ફરજ બજાવતા ભારુ નારણ ચારણ રાત્રિના સમયે સહકર્મી રાહુલ લક્ષ્મણ ચૌધરી સાથે પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન માતાના મઢ હાઇવે પર પંગત હોટલ નજીક કોટડા (જડોદર) તરફથી આવતી એક શંકાસ્પદ આઇશર ટ્રક (નં.જીજે-૧૨-બીવાય-૬૦૪૩)ને રોકાવીને તપાસ હાથ ધરી હતી.

ટ્રકના ચાલક જાડા માકુ જત (રહે. લુડબાય) ની પૂછપરછ કરતાં ગાડીમાં ગેરકાયદેસર કોલસો ભરેલો હોવાનું અને તેની પાસે કોઈ પાસ-પરમિટ ન હોવાનું સામે આવ્યું હતું. આથી વનરક્ષકો કાયદેસરની કાર્યવાહી કરવા માટે ટ્રકને બેરૂ રોડ પર આવેલી ફોરેસ્ટ ઓફિસે લઈ આવ્યા હતા.

ઓફિસ ખાતે કાર્યવાહી ચાલી રહી હતી ત્યારે રાત્રે આશરે દસેક વાગ્યે બે ટુ-વ્હીલર પર જયદીપસિંહ ઉર્ફે પિન્ટુ દિનબંધુસિંહ જાડેજા, રાજકુમાર દિનબંધુસિંહ જાડેજા (બંને રહે. નખત્રાણા) અને દાદુભા જાડેજા (રહે. અરલ મોટી) લાકડાના ધોકા સાથે ત્યાં ધસી આવ્યા હતા. જયદીપસિંહે ઉશ્કેરાઈને વનરક્ષક ભારુભાઈને ગાળો આપી હુમલો કર્યો હતો. તેણે ભારુભાઈને ગાલ પર લાફો ચોડી દઈ, ''આજે તો તને પૂરો જ કરી નાખવો છે'' તેમ કહી શ્વાસ રૂંધાઈ જાય ત્યાં સુધી ગળું દબાવી રાખ્યું હતું, જેના કારણે વનરક્ષક બેભાન જેવી સ્થિતિમાં મુકાઈ ગયા હતા. આ દરમિયાન રાજકુમારે ગડદાપાટુનો માર માર્યો હતો અને દાદુભાએ ગાળાગાળી કરી મદદગારી કરી હતી.

બનાવ પગલે બૂમાબૂમ થતાં આસપાસની કોલોનીમાંથી ફોરેસ્ટના અન્ય કર્મચારીઓ દોડી આવ્યા હતા અને વનરક્ષકને વધુ મારથી છોડાવ્યા હતા.

હુમલા બાદ તમામ આરોપીઓ પોતાના વાહનો અને ટ્રક ડ્રાઇવરને લઈને સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. આ મામલે વનરક્ષક ભારુભાઈ ચારણની ફરિયાદના આધારે નખત્રાણા પોલીસે ત્રણેય આરોપીઓ સામે સરકારી ફરજમાં રૂકાવટ અને હત્યાના પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. ■

# વિદ્યાવિહારનો આરઓબી સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયામાં ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લાંબા સમયથી રાહ જોવાતો વિદ્યાવિહાર ફ્લાયઓવર પ્રોજેક્ટ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ગયો છે, જેમાં મોટા ભાગનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. હવે માત્ર બે સ્પાનનું કોંક્રિટ કાસ્ટિંગ બાકી છે. બાકીનું કામ ૩૧ ઑગસ્ટ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. એ બાદ પાલિકા લોડ ટેસ્ટિંગ અને અન્ય ફરજિયાત ટેક્નિકલ સેફ્ટીને લગતી બાબતોની તપાસ કરશે. સુરક્ષાના તમામ પાસાઓ સફળતાપૂર્વક ક્લિયર કર્યા પછી જ ફ્લાયઓવરને વાહનોની અવરજવર માટે ખોલવામાં આવશે અને કદાચિતઆઠ સપ્ટેમ્બર પછી ખુલ્લો મૂકવામાં આવે એવી શકયતા હોવાનું પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

આ કનેક્ટર વિદ્યાવિહાર પૂર્વમાં રામકૃષ્ણ ચેમ્બુરકર માર્ગને પશ્ચિમમાં લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ સાથે જોડે છે અને તેમાં રેલવે ટ્રેક પર ૧૦૦-મીટરનો પટ્ટો આવે છે. આ બ્રિજ વિદ્યાવિહાર રેલવે સ્ટેશનના ફૂટપાથ પર સીધો પ્રવેશ પણ આપશે અને તેથી રાહદારીઓ માટે કનેક્ટિવિટીમાં પણ સુધારો થશે. પાલિકાના બ્રિજ વિભાગના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે બે સ્પાનના કોંક્રિટ કાસ્ટિંગને બાદ કરતાં મોટા ભાગનું કામ પૂર્ણ થઈ ગયું છે. કામ પૂર્ણ થયા પછી બ્રિજને ટ્રાફિક માટે ખોલતા પહેલા લોડ ટેસ્ટ અને ટેક્નિલ સેફ્ટીની તપાસ કરવામાં આવશે. આ બ્રિજ ખુલ્લો મુકાયા બાદ ટ્રાફિકને રોકવા માટે પાલિકાએ બ્રિજની બંને બાજુએ એપ્રોચ રોડ પહોળા કરવાનું શરૂ કર્યું છે. પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે ગુરુવારે કામની સમીક્ષા કરી હતી અને અધિકારીઓને અડચણો અસરગ્રસ્ત સંસ્થાઓ, ફૂટપાથ અને વૃક્ષ સંબંધિત સમસ્યાઓને દૂર કરવા નિર્દેશ આપ્યો હતો.

સગીરાને બંધક બનાવી દુષ્કર્મ આચરવાનો કેસ

# આરોપીએ પોલીસ લોકઅપમાં નરમ ગાદલું, પિત્ઝાની કરી માગણી

નાગપુરઃ નાગપુરમાં ભાડાના ઘરમાં ૧૬ વર્ષની સગીરાને બંધક બનાવી તેની સાથે દુષ્કર્મ આચરવા બદલ ધરપકડ કરાયેલા થાણેના ૧૯ વર્ષના યુવકે પોલીસ લોકઅપમાં નરમ ગાદલું, પિત્ઝા અને મચ્છર મારવાની દવાની માગણી કરી હતી તેમ જ લોકઅપની સ્થિતિ અંગે ફરિયાદ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આરોપી નિર્મય માધવ પાખરેએ તેના અને સગીરાના મોબાઇલનો પાસવર્ડ જાહેર કરવાનો ઇનકાર કર્યો હતો. આરોપીએ સગીરાને ઘરમાં બંધક બનાવી હતી ત્યારે તેનો મોબાઇલ લઇ લીધો હતો અને તેનો પાસવર્ડ બદલી નાખ્યો હતો.

ધરપકડ બાદ આરોપીએ લોકઅપની સ્થિતિ અંગે ફરિયાદ કરી હતી અને કહ્યું હતું કે લોકઅપની દીવાલો ગંદી છે અને ટોઇલેટ અસ્વચ્છ છે, એમ હુડકેશ્વર પોલીસે જણાવ્યું હતું.

આરોપીએ નાસ્તામાં પિત્ઝા, ઉચ્ચ ગુણવત્તાનું ભોજન, નરમ ગાદલું અને મચ્છર મારવાની દવાની માગણી કરી હતી. આરોપીએ શરૂઆતમાં તબીબી તપાસ કરાવવા માટે ઇનકાર કરી દીધો હતો, પણ તેને બાદમાં ટેસ્ટ માટે લઇ જવામાં આવ્યો હતો. નોંધનીય છે કે આરોપી નિર્મયે ગયા વર્ષે ફેક ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ બનાવ્યું હતું. નિર્મયે ઇન્સ્ટાગ્રામ પર પીડિતા સાથે મિત્રતા કરી હતી અને બંને ચેટિંગ કરવા લાગ્યાં હતાં. પીડિતાએ પોતાના અંગત ફોટા આરોપીને શૅર કર્યા હતા. આરોપી બાદમાં પીડિતાના ફોટા ઓનલાઇન સર્ક્યુલેટ કરવાની ધમકી આપી તેને બ્લેકમેઇલ કરવા લાગ્યો હતો. તેણે પીડિતા સાથે હોટેલમાં દુષ્કર્મ આચર્યું હતું. આરોપીએ તેને દિઘોરી ખાતે ઘરમાં બોલાવી હતી, જ્યાં તેને ૩૦ કલાક સુધી બંધક બનાવી રાખી હતી અને તેના હાથ-પગ બાંધી વારંવાર તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.

નાગપુરથી ૨ ઑગસ્ટે પીડિતા ગુમ થતાં પરિવારજનોએ હુડકેશ્વર પોલીસ સ્ટેશનમાં મિસિંગની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ટેક્નિકલ બાબતોને અભ્યાસ કર્યા બાદ પીડિતાનું લોકેશન ટ્રેસ કર્યું હતું.

સોમવારે રાતે દિઘોરી વિસ્તારમાં પહોંચેલી પોલીસ ઘરનો દરવાજો તોડી અંદર પ્રવેશી ત્યારે પીડિતા બેડ પર પડેલી હતી અને તેના હાથ-પગ બંધાયેલા હતા. નજીકમાં આરોપી ઊભો હતો અને તેના હાથમાં પટ્ટો હતો. પીડિતાના શરીર પર ઇજાના ૨૦થી વધુ નિશાન હતા. (પીટીઆઇ)

# હિન્દુ મરણ

**દશા નાગર વણિક**

સુરત નિવાસી હાલ અંધેરી સ્વ. હરસુખલાલ જીણુભાઇ લાલાજીના પત્ની શશીકળા (ઉં. વ. ૯૮) તા. ૩-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે બિહાગ, મુદ્રકના મમ્મી. તે નૈમીશા, વનીતાના સાસુ. તે પાયલ, ગુંજન, મનનનાં દાદી. સ્વ. ચંપકલાલ તથા સાકેરલાલના નાના ભાઇના પત્ની. તે સ્વ. કલાવતી મોતીલાલ પારેખના દીકરી. ઠે. ફ્લેટ નં. ૫૮, બિલ્ડિંગ ૩૬-બી, અક્ષર કૃપા કો. ઓ. હા. સો. લી. મનીષનગર, જે. પી. રોડ, અંધેરી (વેસ્ટ).

**કપોળ**

મહુવા નિવાસી હાલ પાર્લા સ્થિત સ્વ. મનસુખલાલ હરગોવિંદદાસ દોશીના પત્ની ગં. સ્વ. નિરંજના (ઉં. વ. ૮૫) તે જાફરાબાદવાળા સ્વ. રતિલાલ તાપીદાસ સંઘવીના દીકરી. મધુસુદન, સ્વ. મહેન્દ્રભાઇ તથા સ્વ. હંસાબેનના બહેન. તે ઝરણા અજિત પારેખ તથા દિવ્યેશ દોશીના માતુશ્રી. નીપા તથા અજિત પારેખના સાસુ. સુશીલભાઇ દોશી તથા જસવંતીબેન અરુણભઇ મહેતાના ભાભી તા. ૪-૮-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. પ્રભાવંતી મથુરાદાસ કોઠારી વતન ગામ મોટી વીરાણી કચ્છ તથા હાલ ઘાટકોપરના પુત્ર ભરતભાઇ (ઉં. વ. ૬૪) તે સ્વ. લીલાધર હીરજી સોતા (વતન ગામ ઝરુ)ના મોટા જમાઇ. દક્ષાબેનના પતિ. અ. સૌ. જ્યોતિબેન પ્રતાપભાઇ, અ. સૌ. દક્ષાબેન મહેશભાઇ, અ. સૌ. સરોજબેન રાજેશભાઇ, અ. સૌ. શીતલબેન અનિલભાઇ, રાજેશભાઇના ભાઇ. અ. સૌ. સ્વાતીબેન, સ્વ. સુમિતના પિતા. સચિન મહાત્રેના સસરા તા. ૫-૮-૨૬ બુધવારના રામચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૭-૮-૨૬ શુક્રવારના સાંજે ૪થી ૬. ઠે. બીટાવાલા હોલ, જંગલેશ્વર મહાદેવ મંદિર માર્ગ, સુભાષ નગર, અસલ્ફા વિલેજ, ઘાટકોપર (પશ્ચિમ).

**નવગામ ભાટિયા**

ધ્રોલ-જોડિયાવાળા હાલ અંધેરી, ગં. સ્વ. ઇન્દુબેન વેદ (ઉં. વ. ૮૪) તે સ્વ. રણજીતસિંહના પત્ની. તે સ્વ. જમનાદાસ વિરજી વેદના પુત્રવધૂ. તે સ્વ. નરોત્તમદાસ દામોદરદાસ સંપટના પુત્રી. તે ભરતભાઇ, સ્વ. જનક તથા અ. સો. ભારતી ભરત ઉદેશીના કાકી. તે કિશનભાઇ, સુરેશભાઇ, જયંતભાઇ, દિલીપભાઇ, હસમુખભાઇ, રાજુ ભાઇ, તરુણભાઇ, સ્વ. નીરૂબેન, સ્વ. ઉર્મિલાબેન તથા મીનીબેનના મોટા બહેન બુધવાર, તા.૫-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૮-૮-૨૬ના સાંજે ૫થી ૭.ઠે. વિલેપાર્લે મેડિકલ કલબ, ૧૩-બી, સંત જ્ઞાનેશ્વર રોડ, જુહુ મુંબઇ-૪૯. પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

નાજુ અસપી ગગરાત તે મરહુમ અસપીના ધન્યાની. તે મરહુમો ફેની મીનોચેર દાદ. તે નાઝનીન ને રયોમંદના માતાજી. તે નેવીલ ને પરીઝાદના મામી. તે મરહુમો દોલત બમનશા ગગરાતના વહુ. (ઉં. વ. ૮૧) રે. ઠે. ૩૧, વેસ્ટ વ્યુ, જામે જમશેદ રોડ, પારસી કોલોની, દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૭-૮-૨૬ના દીને બપોરે ૩.૪૫ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં.

પેરીન મંચેરશાહ શાહુના તે મરહુમો મેહેરબઇ મનચેશા શાહુના દીકરી. તે મરહુમ રોશનના બહેન. તે યઝદીના માસી. તે નરીમાનના સાલી. (ઉં. વ. ૯૩) રે. ઠે. પ્લોટ ૧૯/૨૦ બી - ૩૦૩, ધવલગિરિ, શેર પંજાબ સોસાયટી, મહાકાલી કોઝવે રોડ, અંધેરી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૯૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૮-૮-૨૬ના દિને બપોરે ૩.૪૫ વાગે ડુંગરવાડી અગિયારી પર છેજી.

# જૈન મરણ

**ઝાલાવાડી વિશા શ્રી. મુ. જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ કાંદિવલી અ. સૌ. અશ્વિનાબેન નવીનચંદ્ર કોઠારી (ઉં. વ. ૭૫) તા. ૫-૮-૨૬ બુધવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે મિલન તથા રીમ્પલના માતુશ્રી. ફાલ્ગુની તથા કૌશલકુમારના સાસુ. ધ્રુવિનના દાદી. હિતાર્થના નાની. તે અરવિંદભાઇ, કિશોરભાઇ તથા પ્રતિભાબેનના ભાભી. તે શારદાબેન નગીનદાસ દોશીના સુપુત્રી. બન્ને પક્ષનું બેસણું રવિવાર, તા. ૯-૮-૨૬ના બપોરે ૩-૩૦થી ૫. ઠે. વર્ધમાન સ્થાનકવાસી હોલ, શંકરમંદિર સામે, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મૂળ વતન પાળિયાદ, હાલ બોરીવલી, વિમળાબેન મનસુખલાલ શાહ (બારભાયા) (ઉં. વ. ૯૩) તે પિયરપક્ષે વઢવાણ નિવાસી ત્રિભોવનદાસ ગોવિંદજી ગાંધીના દીકરી તા. ૪-૮-૨૬ના મંગળવારે અરિહંતશરણ થયેલ છે. તે પ્રફુલ, મિનાક્ષી, અરૂણા, હરેન્દ્ર, હેમંતના માતા. સુવર્ણા, નીના, ચારુ, હર્ષદકુમાર, સ્વ. મુકેશકુમારના સાસુ. સેજલ, દિશા, મેઘાના વડસાસુ. મેહુલ, ધવલ, ભાવિક, મંથન, બેલા, સિદ્ધિ, શીતલ, કિંજલ, વિવેક, નિકિતાના બા. પ્રાર્થનાસભા ૮-૮-૨૬, શનિવારના સવારે ૧૦ થી ૧૨. સ્વામીનારાયણ મંદિર, અજમેરા ગ્લોબલ સ્કૂલની સામે, યોગીનગર, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વે.મૂ. જૈન**

ધોલેરા નિવાસી વિરમગામ હાલ ડોમ્બિવલી, માતુશ્રી ઝવેરીબેન નાનાલાલ નાગરદાસ શાહના સુપુત્ર કમલેશના ધર્મપત્ની અ. સૌ. સંધ્યાબેન (ઉં. વ. ૬૭) તા. ૪/૮/૨૬ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હર્ષદભાઈ, મહેન્દ્રભાઈ, સુશીલાબેન કાંતિલાલ શાહ, ભાવનાબેન શાંતિલાલ શાહ, ઇલાબેન સતીષકુમાર શાહના નાનાભાઈના ધર્મપત્ની. જીગર તથા પૂજાના માતુશ્રી. અમિષા તથા આનંદકુમાર મહેન્દ્રભાઈ શેઠના સાસુ. બાબુલાલ રામલાલ શાહ (ગામ કડી, હાલ વડોદરા)ની દીકરી. તેમની સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાશ્રીમાળી વૈષ્ણવ વણિક**

ઢસા નિવાસી હાલ થાણે, સ્વ. ધીરજબેન વ્રજલાલભાઈ સંઘરાજકાના પુત્ર ચેતનભાઈ વ્રજલાલભાઈ સંઘરાજકા (ઉં. વ.૬૧) તે જયશ્રીબેનના પતિ. હર્ષિતના પિતા. સ્વ. દીપકભાઈ અને નીતાબેન શૈલેષભાઈ મોદીના ભાઈ. મીનાબેનના દિયર, વડોદરા નિવાસી સ્વ. પુષ્પાબેન રેણુકાન્ત પ્રાણજીવનભાઈ સુરતીના જમાઈ. તા. ૦૫/૦૮/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓસવાળ જૈન**

બિદડા (ખા.ફ.) ના કુસુમબેન વલ્લભજી ગંગર (ઉં. વ. ૮૦) તા.૪-૮-૨૬ના અવસાન પામેલ છે. જવેરબેન જેવત ના પુત્રવધુ. વલ્લભજી ના ધર્મપત્ની. બીના, વિપુલ, રાજુના માતુશ્રી. ડોણ નેણબાઈ મેઘજી જીવરાજના પુત્રી. મણીલાલ, ચંદ્રકાંત, વિનેશ, ખેતબાઈ શામજી, રાયણ કેસરબેન નાનજી, બાડા હેમલતા વસનજી, બિદડા વનિતા જયંતિલાલના બેન. પ્રા. શ્રી મા.ક.મૂ.પૂ.શ્વે..જૈન સંઘની શ્રી નારાણજી શામજી વાડી, માટુંગા, ટા. ૪ થી ૫.૩૦. ચક્ષુદાન કરેલ છે.

નાની તુંબડીના પુષ્પાબેન પ્રેમજી શામજી દેઢિયાના સુપુત્રી અ.સૌ. નીતા હરીશ ભલ્લા (ઉદયપુર-રાજ./દહીંસર) (ઉં. વ. ૫૯) તા. ૪.૮.૨૬ના અવસાન પામેલ છે. હિરસિંહ ભલ્લાના ધર્મપત્ની. રશ્મીના મમ્મી. સ્વ. જયા, મીના, ભદ્રા, દિપક, વીણાના બહેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિ. હિરસિંહ ભલ્લા : ૪૦૪, સદ્ગુરૂ હાઈટ્સ-૧, અશોકવન, દહીંસર (ઈસ્ટ).

કુંદરોડીનાં ગોવિંદજી નેણશી છેડા (ઉં. વ. ૮૩) તા. ૫-૮-૨૬, બુધવારનાં અરિહંતશરણ પામેલ છે. ઉંમરબાઇ નેણશી દેરાજના પુત્ર. અમૃતબેનના પતિ. રીટા, પ્રફુલના પિતા. મુલબાઇ, હેમકુંવરબાઇ, કંચનબેનના ભાઇ. કપાયાના હીરબાઇ હીરજી સંગોઇના જમાઇ. પ્રા. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ.ટી. રોડ, બોરીવલી (વેસ્ટ), ટા. ૨ થી ૩.૩૦.

લઠેડીના મણીલાલ ગડા (ઉં. વ. ૭૬) તા. ૫-૮-૨૬ ના અવસાન પામેલ છે. ચંચલબેન નાગજીના પુત્ર. લીલાવંતીના પતિ. ભાવેશના પિતા. શાંતીલાલ, લક્ષ્મીચંદ, પ્રવીણ, વિજયાબેન, ઝવેરીબેન, લીલાવંતી, જયવંતીના ભાઇ. પુરબાઇ દેવશીના જમાઈ. પ્રા. શ્રી માટુંગા કચ્છી શ્વેતાંબર મૂ.પૂ. જૈન સંઘ, શ્રી નારાણજી શામજી વાડી, માટુંગા (સે.રે.) ટા. ૧.૩૦ થી ૩.

ભુજપુરનાં સાકરબેન રવજી ગાલા (ઉ.વ. ૮૪) તા. ૫-૮-૨૬નાં અવસાન પામેલ છે. કુંવરબાઇ નરશીના પુત્રવધુ. રવજીના પત્ની. દેશલપુર મમીબાઇ માલશીના દેઢીયાના સુપુત્રી. વિનોદ, અરવિંદ, રાજુ, જ્યોત્સનાના માતુશ્રી. લખમશી, દેશલપુર ખેતબાઇ પુંજાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિનોદ ગાલા, ૫૦૨, ફેનકીન કેપીટલ, રામ મારૂતિ રોડ, થાણે (વે).

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

ચોટીલા નિવાસી હાલ ભાયંદર સ્વ. સમજુબેન મગનલાલ શાહના સુપુત્ર જયંતીલાલ શાહ (નાનુ કાકા) (ઉં. વ. ૮૮) તે સ્વ. મંજુલાબેનનાં પતિ. વિરેન શાહ, સ્વ. રાજેશભાઇ, દીનાબેન અતુલકુમાર વોરાના પિતાશ્રી. સ્વ. મનસુખલાલભાઇ, સ્વ. હરીભાઇ, સ્વ. લક્ષ્મીચંદભાઇ, સ્વ. શાંતિલાલભાઇના નાનાભાઇ. વેવાઇ પક્ષે સ્વ. ચંપાબેન મણીલાલ કુવાડીયાના જમાઇ તા. ૫-૮-૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

# ડૉક્ટરો પર હુમલાના મામલે હાઈ કોર્ટ સાત ઑગસ્ટે સેનાના કોર્પોરેટરની જામીન અરજી મંજૂર કરે તેવી શક્યતા

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે તે થાણે જિલ્લાની મ્યુનિસિપલ હોસ્પિટલમાં તબીબો પર હુમલો કરનાર આરોપી શિવસેનાના કોર્પોરેટર રમેશ મ્હાત્રેને જામીન આપવા ઈચ્છે છે, પરંતુ તે કડક શરતોને આધીન રહેશે. સંબંધિત તમામ પક્ષોને સાંભળ્યા બાદ, કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવીન્દ્ર વી. ઘુગે અને ન્યાયાધીશ ગૌતમ અંખડની બેન્ચે જામીનની કેટલીક શરતો જણાવી હતી અને કહ્યું હતું કે શુક્રવારે આ અંગેનો ઔપચારિક આદેશ પસાર કરવામાં આવશે.

ચાર્જશીટ દાખલ ન થાય ત્યાં સુધી રાજકારણીને રાજ્યમાં પ્રવેશ ન કરવાના નિર્દેશ ઉપરાંત, તેમને સાક્ષીઓનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્ક ન કરવા અને તેઓ જ્યાં રોકાવાના હોય તે સ્થળનું સરનામું તથા સંપર્ક નંબર પૂરા પાડવા માટે પણ કહેવામાં આવશે. સુનાવણી દરમિયાન, અદાલતે ચાર્જશીટની સ્થિતિ વિશે પૂછતાં સરકારી વકીલ શિશિર હિરેએ જણાવ્યું હતું કે ફોરેન્સિક વિશ્લેષણનો અહેવાલ મળ્યા બાદ તે દાખલ કરશે.

# સીજેપીએ રાષ્ટ્રીય કાર્યકારી સમિતિની રચના કરીઃ દીપકે સંયોજક, દાસ અને રાંકા સહ-સંયોજક બન્યા

છત્રપતિ સંભાજીનગર : સંગઠનને મજબૂત કરવાના પ્રયાસરૂપે, 'કોકરોચ જનતા પાર્ટી' (સીજેપી) એ ગુરુવારે તેની રાષ્ટ્રીય કાર્યકારી સમિતિની રચના કરી છે અને તેના સ્થાપક અભિજિત દિપકે (૩૦) ની રાષ્ટ્રીય સંયોજક તરીકે નિમણૂક કરી છે. સીજેપીના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસ (૨૭) અને પ્રવક્તા આશુતોષ રાંકા (૩૦) આ સંગઠનના સહ-સંયોજક રહેશે.

દિપકેના નિવાસસ્થાને યોજાયેલી સીજેપીની કોર ટીમની બે દિવસીય બેઠક પૂર્ણ થયા બાદ ોઅહીં યોજાયેલી પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરવામાં આવી હતી. સીજેપીએ દાવો કર્યો છે કે, નજીકના ભવિષ્યમાં તેઓ રાજકીય પક્ષની સ્થાપના નહીં કરે, પરંતુ તે પાયાના સ્તરે કામ કરશે.

તેમના નિવેદન મુજબ, પોતાના રોડમેપના અમલીકરણ માટે, સીજેપી સમગ્ર ભારતમાં રાજ્ય સંકલન સમિતિઓ તેમજ લોકસભા અને શહેર-સ્તરીય સંકલન એકમોની સ્થાપના કરશે.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન સંગઠનના વિસ્તરણ વિશે વાત કરતા સૌરવ દાસે કહ્યું, ''અમે અમારી વેબસાઇટ દ્વારા સભ્યપદ અભિયાન શરૂ કરી રહ્યા છીએ. વિદ્યાર્થીઓ, યુવા વ્યાવસાયિકો અને કામદારો સંયુક્ત રીતે પોતાનો અવાજ ઉઠાવવા માટે અમારી સાથે જોડાઈ શકે છે.સીજેપી કોઈ ભંડોળ ઉઘરાવવાનું નથી એમ દાસે ઉમેર્યું હતું. જોકે તેમણે ઈશારો કર્યો હતો

# મહારાષ્ટ્રમાં એક લાખથી વધુ ટેક્સી ડ્રાઈવર મરાઠી શીખી ગયા

મુંબઈઃપરિવહન મંત્રી પ્રતાપ સરનાઈકે ગુરુવારે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ૧ મે, ૨૦૨૬થી તમામ ટેક્સી અને ઓટો રિક્ષા ચાલકો માટે મહારાષ્ટ્રની સત્તાવાર ભાષા કામ પૂરતી આવડવી ફરજિયાત બનાવ્યું ત્યારથી એક લાખથી વધુ બિન-મરાઠી ડ્રાઇવરોએ સામાન્ય વાતચીત કરતા આવડે એટલું મરાઠી શીખી લીધું છે.

મંત્રાલય ખાતે સમીક્ષા બેઠક યોજ્યા બાદ સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં સરનાઈકે એપ-આધારિત ટેક્સીઓ ચલાવતા ડ્રાઇવરો સહિત અન્ય ડ્રાઇવરોને ૧૫ ઓગસ્ટ સુધીમાં મરાઠી તાલીમ પૂર્ણ કરવા વિનંતી કરી હતી.મહારાષ્ટ્ર સરકારે એપ્રિલમાં જાહેરાત કરી હતી કે રાજ્યમાં ઓટો રિક્ષા અને ટેક્સી ડ્રાઇવરો મુસાફરો સાથે મરાઠીમાં વાતચીત કરી શકવા જોઈએ અને તેમના ભાષાના જ્ઞાનની ચકાસણી કરવામાં આવશે. મહારાષ્ટ્ર દિવસ (૧ મે) ના રોજ 'હિન્દુહૃદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે મરાઠી શિકવાણી અભિયાન' પણ શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં સ્થળાંતરિત ડ્રાઇવરો માટે મરાઠીમાં એક અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. (પીટીઆઈ)

# પીક અવર્સમાં મધ્ય રેલવેની ટ્રેનસેવા પ્રભાવિત

મુંબઈઃ શહેરની 'લાઈફલાઈન' ગણાતી લોકલ ટ્રેન સેવા મધ્ય રેલવે સવારે ફરી એકવાર ખોરવાઈ હતી. થાણે સ્ટેશન પર એક લોકલ ટ્રેનમાં ટેકનિકલ ખામી સર્જાતા સેન્ટ્રલ રેલવેની અપ સ્લો લાઈન પર ટ્રેન વ્યવહાર ખોરવાયો હતો, જ્યારે અન્ય બનાવમાં પ્રવાસીની તબિયત લથડ્યા પછી એમ બે ઘટનાના કારણે સવારે પીક અવર્સ દરમિયાન ઓફિસ જતા કર્મચારીઓ, વિદ્યાર્થીઓ સહિત હજારો મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

મળતી માહિતી મુજબ થાણે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૪ પર ગુરુવારે સવારે ૮:૪૨ વાગ્યે પહોંચેલી ઝ-૩૬ સબર્બન લોકલ ટ્રેનમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. ખામીના કારણે આ ટ્રેનને રદ કરવામાં આવી હતી અને ત્યારબાદ તેને સમારકામ માટે કુર્લા કાર શેડમાં મોકલવામાં આવી હતી. ટ્રેનમાં ખામી સર્જાયા બાદ તે પ્લેટફોર્મ નંબર ચાર પર ૮:૪૨ વાગ્યાથી ૯:૦૩ વાગ્યા સુધી એટલે કે લગભગ ૨૧ મિનિટ સુધી ઊભી રાખવામાં આવી હતી. જેના કારણે અપ સ્લો લાઇન પર પાછળ આવતી અનેક લોકલ ટ્રેનોને રોકવી પડી હતી અને ટ્રેન વ્યવહાર પર તેની અસર પડી હતી.

આ ટેકનિકલ ખામીના કારણે અપ સ્લો લાઈન પર ચાલતી લોકલ ટ્રેનોમાં ૪૦થી ૪૫ મિનિટ મોડી પડી હતી. સવારે કામકાજના સમયે મોટી સંખ્યામાં મુસાફરો ટ્રેનની રાહ જોતા જોવા મળ્યા હતા. થાણે, મુલુંડ, ભાંડુપ, કાંજુરમાર્ગ, વિક્રોલી અને ઘાટકોપર જેવા સ્ટેશનો પર મુસાફરોની ભારે ભીડ જોવા મળી હતી.

દરમિયાન આજે જ એક અલગ ઘટનામાં ડાઉન સ્લો લોકલ ટ્રેનમાં મુસાફરી કરી રહેલા એક મુસાફરની તબિયત પરેલ સ્ટેશન પર અચાનક ખરાબ થઇ હતી. કલ્યાણ (ઉં-૨૫) લોકલ ટ્રેન પરેલ સ્ટેશન પર ઊભી હતી ત્યારે મુસાફરની તબિયત બગડી હોવાની માહિતી મળતા જ સરકારી રેલવે પોલીસ (જીઆરપી), ડેપ્યુટી સ્ટેશન મેનેજર અને રેલવે સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મુસાફરને ડેપ્યુટી સ્ટેશન મેનેજરની ઓફિસમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. રેલવે સ્ટાફે મુસાફરને વધુ સારવાર માટે સાયન હોસ્પિટલ લઈ જવાની સલાહ આપી હતી, પરંતુ મુસાફરે હોસ્પિટલમાં દાખલ થવાનો ઇનકાર કર્યો હતો.

# મજાસ બસ ડેપોમાં છતનું પ્લાસ્ટર તૂટી પડતાં બેસ્ટ વેટ-લીઝ ઓપરેટરના ત્રણ મિકેનિક જખમી

મુંબઈઃ જોગેશ્ર્વરીના મજાસ બસ ડેપોમાં સ્ટોર રૂમ-કમ-રેસ્ટ રૂમની છત પરથી પ્લાસ્ટરના ટુકડા તૂટી પડતાં બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) વેટ-લીઝ બસ ઓપરેટર માતેશ્વરી અર્બન ટ્રાન્સપોર્ટ સાથે કામ કરતા ત્રણ મિકેનિક જખમી થયા હોવાનો બનાવ બન્યો હતો. આ ઘટના સવારે લગભગ ૬.૪૫ વાગ્યે બની હતી જ્યારે છત પરથી પ્લાસ્ટર અચાનક રૂમની અંદર પડી ગયું હતું, જેમાં ઓપરેટરના ઍન્જિનિયરિંગ વિભાગના ત્રણ મિકેનિક જખમી થયા હતા. તેમને જોગેશ્ર્વરીમાં આવેલી ટ્રોમા કેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# ભાજપ મુંબઈની ખુલ્લી જગ્યાઓ પચાવી પાડવાના પ્રયાસમાં છેઃ આદિત્ય ઠાકરે

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ ગુરુવારે શાસક ભારતીય જનતા પક્ષ (ભાજપ) પર મુંબઈની ખુલ્લી જગ્યાઓ પચાવી પાડવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. પત્રકાર પરિષદમાં ઠાકરેએ જણાવ્યું હતું કે મુંબઈ મહાનગરપાલિકા અને મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા)ના ત્રણ જાહેર પ્લોટ શ્રી વિલે પાર્લે કેળવણી મંડળને ફાળવવામાં આવ્યા હતા, જે ભાજપના વિધાન પરિષદના સભ્ય સાથે જોડાયેલા હતા. આદિત્ય ઠાકરેનું કહેવું હતું કે ભાજપની નીતિ મુંબઈની ખુલ્લી જગ્યાઓ પચાવી પાડવાની છે.

# સગર્ભા ડૉગી સાથે રિક્ષામાં કુકર્મઃ ગોરેગામમાં રસોઈયો પકડાયો

## પશુ હૉસ્પિટલમાં ડૉગીને પાંચ બચ્ચાં મૃત જન્મ્યાં

મુંબઈઃ ગોરેગામમાં બનેલી હિચકારી ઘટનામાં રસોઈયાએ રસ્તાને કિનારે પાર્ક રિક્ષામાં સગર્ભા ડૉગી સાથે કુકર્મ આચર્યું હતું. ઘટનાને બીજે દિવસે પશુ હૉસ્પિટલમાં લઈ જવાયેલી ડૉગીએ આઠ બચ્ચાંને જન્મ આપ્યો હતો, જેમાંથી પાંચ મૃત્યુ પામ્યાં હતાં. મળતી માહિતી અનુસાર ઘટના સોમવારની મધરાતે ગોરેગામ પશ્ચિમના રામ મંદિર વિસ્તારમાં બની હતી. રામ મંદિર નજીક રહેતા એક પ્રાણીપ્રેમીની ફરિયાદને આધારે ગોરેગામ પોલીસે ગુરુવારે અજિત દાસ (૨૬) નામના યુવક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. કૂક તરીકે કામ કરતા દાસને તાબામાં લઈ પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ ફરિયાદ અનુસાર સોમવારની રાતે જમ્યા પછી ફરિયાદી મધરાતે એક વાગ્યાની આસપાસ સ્કૂટર નજીકની ઈમારત પાસે પાર્ક કરવા ગયો હતો. તે સમયે રસ્તાને કિનારે પાર્ક રિક્ષામાં આરોપી યુવક એક ડૉગી સાથે નજરે પડ્યો હતો. શંકાસ્પદ જણાતાં ફરિયાદી રિક્ષા નજીક ગયો હતો અને યુવકની પૂછપરછ કરી હતી. ફરિયાદીને જોતાં જ આરોપીએ સગર્ભા ડૉગીને છોડી દીધી હતી. આરોપી ઉડાઉ જવાબ આપતો હોવાથી ફરિયાદીએ પોલીસ કન્ટ્રોલમાં કૉલ કરી માહિતી આપી હતી.

# ડોંબિવલીમાં ઈજાગ્રસ્ત યુવતીને ઊંચકીને દોડી મહિલા ટીસી

મુંબઈઃ મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેનોમાં ભારે ભીડ હોવી સામાન્ય વાત છે. આવી અતિશય ભીડને કારણે અવારનવાર મુસાફરો પ્લેટફોર્મ પર પડી જવાના કે ઈજાગ્રસ્ત થવાના બનાવો બનતા હોય છે. આવી જ એક દર્દનાક ઘટના મધ્ય રેલવેના ડોંબિવલી રેલવે સ્ટેશન પર બની હતી. જ્યાં ટ્રેનમાંથી ઊતરતી વખતે અતિશય ભીડના કારણે એક ૨૩ વર્ષીય યુવતી પ્લેટફોર્મ પર પડી ગઈ હતી, પરંતુ આ સમયે ડ્યૂટી પર તહેનાત મધ્ય રેલવેની મહિલા હેડ ટિકિટ કલેક્ટર (TC) એ પોતાની ફરજ અને માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

મધ્ય રેલવેના જણાવ્યા અનુસાર, આ ઘટના ડોમ્બિવલી સ્ટેશનના પ્લેટફોર્મ નંબર પાંચ પર બની હતી. ટિકિટ ચેકિંગ હેડ ટિકિટ કલેક્ટર વૃષાલી સાવંત જાધવ ત્યાં ડ્યૂટી પર હતાં. એ દરમિયાન ટ્રેનમાંથી ઊતરતી વખતે ૨૩ વર્ષીય મુસાફર પૂજા નામની યુવતી ભીડના ધક્કાના કારણે પ્લેટફોર્મ પર પડી ગઈ હતી. તેમણે જાતે જ ઈજાગ્રસ્ત યુવતીને પોતાના ખોળામાં ઊંચકી લીધી અને દોડીને સ્ટેશન માસ્ટરની ઓફિસે પહોંચાડી. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ યુવતીને તરત નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં હાલ તેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું હતું. આ ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. નેટિઝન્સ મહિલા ટીસીની બહાદુરી અને સ્ફૂર્તિના વખાણ કરતાં નથી થાકી રહ્યા.

# મહારાષ્ટ્રમાં ૧૫,૪૦૭ બોગસ ક્લેમઃ એસઆઈટીને તપાસ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારના આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (એબીએમજેએવાય) અને મહાત્મા જ્યોતિરાવ ફુલે જન આરોગ્ય યોજના (એમજેપીજેએવાય) હેઠળ વર્ષ ૨૦૨૪થી ૨૦૨૬ દરમિયાન ૧૫,૪૦૭ શંકાસ્પદ આરોગ્ય વીમા ક્લેમ્સ કરાયા હોવાની ચોંકાવનારી બાબત બહાર આવ્યા બાદ સફાળી જાગેલી મહારાષ્ટ્ર સરકારે તેની તપાસ માટે વિશેષ તપાસ ટીમ (એસઆઈટી)ની રચના કરી છે. ગઈકાલે જાહેર કરાયેલા સરકારી ઠરાવ મુજબ રાજ્યભરમાં વિવિધ જિલ્લાઓમાં ગેરરીતિઓની આશંકા વ્યક્ત થતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં ૧૦ જુલાઈએ યોજાયેલી સમીક્ષા બેઠક બાદ આ બાબતની તપાસ કરવાનો નિર્ણય લેવાયો હતો. આ અગાઉ જિલ્લા સિવિલ સર્જન અને જિલ્લા આરોગ્ય અધિકારીઓને તમામ ૧૫,૪૦૭ કેસમાં લાભાર્થીઓની સ્થળ પર જઈને ચકાસણી કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. હવે નાશિક વિભાગીય કમિશનર પ્રવીણ ગેડમના નેતૃત્વમાં એસઆઈટી આ સમગ્ર મામલાની તપાસ કરશે.

એસઆઈટીને ૩૦ દિવસમાં પોતાનો અહેવાલ સરકારને સોંપવાનો આદેશ આપવામાં આવ્યો છે.

# આવતા અઠવાડિયે સાંતાક્રુઝમાં ૨૪ કલાક પાણીપુરવઠો બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ ઉપનગરમાં સાંતાક્રુઝ અને અંધેરી વિસ્તારમાં પાણીપુરવઠામાં સુધારણા કરવા માટે અમુક કામ હાથ ધરવામાં આવવાના છે, જેમાં આવતા અઠવાડિયામાં મંગળવારથી બુધવાર સુધીના ૨૪ કલાકમાં અંધેરીમાં પાણી ઓછા દબાણ સાથે તો સાંતાક્રુઝમાં આ સમય દરમ્યાન પાણીપુરવઠો બંધ રહેશે.

પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ પાણીપુરવઠામાં સુધારણા કરવા માટે વિવિધ ઉપાયયોજના અમલમાં મૂકવામાં આવવાની છે, જેમાં ૨,૪૦૦ મિલીમીટર વ્યાસની વૈતરણા પાઈપલાઈન આંશિક રીતે ખંડિત કરવામાં આવવાની છે, જેનું કામ મંગળવાર, ૧૧ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ સવારે ૧૦ વાગ્યાથી બુધવાર, ૧૨ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ સવારે ૧૦ વાગ્યા સુધી હાથ ધરવામાં આવશે.

કબીર નગર, બામણવાડા, પારસીવાડા, એરપોર્ટ વિસ્તાર, તરુણ ભારત કોલોની, ઈસ્લામપુરા, દેઉલવાડી, ઘાટીવાડા, ચકલા, પી એન્ડ ટી કોલોની (ઓછા દબાણથી પાણી પુરવઠો બપોરે ૦૨.૦૦ થી ૫.૩૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે).

કોલડોંગરી, જૂની પોલીસ લેન, વિજય નગર (સહાર રોડ), મોગરાપાડા (ઓછા દબાણથી પાણી પુરવઠો સાંજે પાંચ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે)

# રસ્તા પર જન્મદિનની ઉજવણી કરી ઍરગનથી ફાયરિંગઃ ૧૦ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોરીવલીમાં મધરાતે રસ્તા પર જન્મદિનની ઉજવણી વખતે ભારે ધમાલ કરીને ઍરગનથી ફાયરિંગ કરવામાં આવ્યાનો વીડિયો વાયરલ થતાં પોલીસે ૧૦ શકમંદને તાબામાં લઈ તપાસ હાથ ધરી હતી.

સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં આકાશ નામના યુવકનો જન્મદિન ઊજવતા મિત્રો નજરે પડે છે. રસ્તાની વચ્ચે ઈનોવા કાર ઊભી રાખવામાં આવી છે. તેના બોનેટ પર પાંચથી છ કેક મૂકીને ઉજાણી કરતા યુવાનોમાંથી એક હવામાં ગોળીબાર કરતો વીડિયોમાં નજરે પડે છે. આ વીડિયોની પોલીસે ગંભીર નોંધ લઈ તપાસ હાથ ધરી હતી. તપાસમાં જણાયું હતું કે ઘટના બુધવારની મધરાતે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ બોરીવલી પશ્ચિમમાં ગોરાઈ વિસ્તારની સુવિદ્યા સ્કૂલ નજીકની એક સોસાયટી બહાર બની હતી. સોસાયટીમાં રહેતા આકાશ રામકૃપાલ ગુપ્તા (૨૬)ના જન્મદિનની મિત્રો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. રસ્તાની વચ્ચે કાર પાર્ક કરીને કેક કાપવામાં આવ્યો હતો. જોર જોરથી બૂમો પાડીને યુવાનોએ ધમાલ મચાવી હતી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




# વિદેશી ફિલ્મોનાં આવાં ઓવારણાં કેમ લેવાય છે?

**ક્રિસ્ટોફર નોલનની સફળતાનાં વાજાં વાગી રહ્યાં હતાં ત્યાં 'સ્પાઇડર-મેન' ફિલ્મના ઢોલ બજને લગા જેવો માહોલ બની ગયો છે.**




કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી




હોલિવૂડને ૨૦૨૬ના વર્ષના પહેલા સાત મહિના ફળ્યા છે એવું ખાતરીપૂર્વક કહી શકાય એમ છે. સિને પ્રેમીઓએ હોલિવૂડની ફિલ્મોને વધાવી લીધી છે એવું બૉક્સ ઑફિસ કલેક્શન પરથી જરૂર પ્રતીત થાય છે. અલબત્ત, સફળ નીવડેલી ફિલ્મોને હોલિવૂડની ફિલ્મો કહેવું જરા ખટકે એવી વાત છે. કેમ? કારણ કે દર્શકોને થિયેટર સુધી દોડતા કરનારી ફિલ્મોના લિસ્ટમાં ખાસ તો ફ્રેન્ચાઇઝી ફિલ્મો અને એમાંય માર્વેલ (એમસીયુ), ડિટેક્ટિવ કૉમિક્સ (ડીસી) અને અગ્રણી ઍક્શન ફ્રેન્ચાઇઝી ફિલ્મો જ મુખ્યત્વે હોય છે. હોલિવૂડની અન્ય ફિલ્મો કાં તો ભારતમાં રિલીઝ નથી થતી અને થાય છે તો અપવાદ બાદ કરતાં સિને રસિકોમાં એના માટે ઉત્સાહ નથી હોતો.

છેલ્લાં ૧૦ વર્ષની સફળ ફિલ્મોનું લિસ્ટ જોવાથી Oppenheimer, The Jungle Book, The Odyssey, Project Hail Mary જેવી ગણીગાંઠી નૉન ફ્રેન્ચાઇઝી ફિલ્મનાં નામ જોવા મળે છે. અને હા, આ ફિલ્મો પણ સફળ ફિલ્મોના કઝીન જેવી જ છે. ચુકાદો સ્પષ્ટ છે કે આંખો પહોળી થઈ જાય, હેરત થાય અને મોઢામાંથી ઓહ માય ગૉડ નીકળી જાય એવી ફિલ્મોને પ્રાધાન્ય મળે છે. દર્શકોને રોમેન્સ-કૉમેડી કરતાં રોમાંચ માટે વધુ રુચિ છે. અપવાદ તો દરેક બાબતે હોય. હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પણ ઘણે અંશે એવું જ જોવા મળી રહ્યું છે.

ક્રિસ્ટોફર નોલનની 'The Odyssey' (આ લખાય છે ત્યાં સુધીમાં કલેક્શન ૧૮૦ કરોડ)ની સફળતાનો નશો ઊતરે એ પહેલાં માર્વેલ સ્ટુડિયોની Spider-Man: Brand New Day રિલીઝના પહેલે જ દિવસે ૧૭ હજાર ૨૫૦ શોમાં પ્રદર્શિત થઈ ૬૦.૬૦ કરોડનું કલેક્શન મેળવવામાં સફળ રહી છે. આ સાથે સ્પાઇડરમૅનની ફિલ્મે સાત વર્ષ પહેલાં Avengers: Endgame ફિલ્મે સ્થાપેલા પ્રથમ દિવસના ૫૩.૧૦ કરોડના વિક્રમના ભુક્કા બોલાવી દીધા છે. પહેલા પાંચ દિવસમાં સ્પાઇડરમૅનની ફિલ્મ ભારતમાં ૩૩૭ કરોડ રૂપિયાનો વકરો કરવામાં સફળ રહી છે. જે ઝડપથી સ્પાઇડરમૅનની ફિલ્મ આગળ વધી રહી છે એ જોતાં એવેંજર્સનો ભારતીય કલેક્શનનો રેકૉર્ડ તોડી નાખી એ નવો વિક્રમ નોંધાવશે તો નવાઈ નહીં લાગે.

ઑગસ્ટથી-ડિસેમ્બર દરમિયાન ભારતમાં હોલિવૂડની ૧૪ ફિલ્મ રિલીઝ થવાની માહિતી છે. એમાંથી Super Troopers 3, One night only એ બંને કૉમેડી ફિલ્મ છે. બાકીની ડઝન સાયન્સ ફિક્શન કે પછી ઍક્શન-ઍડ્વેન્ચર અથવા સુપરહીરો કે ઍનિમેશન ફિલ્મો જ છે.

ભારતમાં પહેલી માર્વેલ ફિલ્મ ૨૦૦૮માં (Iron Man) રિલીઝ થઈ હતી. એ સમયે અંગ્રેજી ઉપરાંત કેવળ હિન્દીમાં ડબ કરવામાં આવી હતી. આ ફિલ્મને ૧૧ કરોડનું કલેક્શન મળ્યું હતું જે એ સમયે આ વકરો ફિલ્મ ખૂબ જ સારી સફળતાને વરી છે એ દર્શાવતો હતો. હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીની ૧૦૦ કરોડ ક્લબની શરૂઆત ૨૦૦૮માં થઈ હતી. આધારભૂત માહિતી અનુસાર છેલ્લાં ૧૮ વર્ષમાં આપણે ત્યાં ૩૮ માર્વેલ ફિલ્મો રિલીઝ થઈ છે. અંગ્રેજી ઉપરાંત અન્ય પાંચ ભાષામાં ડબ કરવામાં આવે છે અને સ્પાઇડરમૅન શ્રેણી સહિતની સ્પેશ્યલ ઍનિમેટેડ ફિલ્મો તો દસ ભારતીય ભાષામાં ડબ કરી રિલીઝ કરવામાં આવે છે. આટલાં વર્ષોમાં સાત માર્વેલ ફિલ્મ ૧૦૦ કરોડથી વધુ કલેક્શન મેળવવામાં સફળ રહી છે. પ્રથમ નંબરે છે Avengers: Endgame : ૩૭૩.૨૨ કરોડ રૂપિયા. રસપ્રદ વાત એ છે કે માર્વેલ સિરીઝની સૌથી સફળ ફિલ્મ (બૉક્સ ઑફિસ વર્લ્ડવાઇડ કલેક્શન ૨.૮ બિલ્યન ડૉલર) પણ 'એવેંજર્સઃ એન્ડગેમ' જ છે. હોલિવૂડની હન્ડ્રેડ કરોડ કલેક્શન મેળવનારી પ્રથમ ફિલ્મ હતી Furious 7 (૨૦૧૫) અને ૧૦ વર્ષમાં આંકડો ૧૫ પર પહોંચી ગયો છે.

ભારતમાં માર્વેલ ફિલ્મોને કેમ સફળતા મળે છે?:

આ ફિલ્મોને મળતા આવકારનું પ્રમુખ કારણ એ છે કે આ ફિલ્મ વિવિધ સ્થાનિક ભાષાઓમાં ઉપલબ્ધ કરવામાં આવે છે. મતલબ કે ભારતના રાજ્ય અનુસાર એ હિન્દી, તમિળ, તેલુગુ, કન્નડ, મલયાલમ અને ગુજરાતીમાં ડબ કરી રિલીઝ કરવામાં આવે છે. પરિણામે આ ફિલ્મો મહાનગર પૂરતી સીમિત નથી રહેતી અને વિવિધ રાજ્યોનાં નાના શહેર-નગરના પ્રેક્ષક સુધી પહોંચે છે. બીજું કારણ છે ફિલ્મોની ભવ્યતા. આજના યુવા વર્ગને પડદા ઉપર આંખ આંજી દેતાં દૃશ્યો, ત્યાગ-બલિદાન-સંઘર્ષની ભવ્ય ગાથા જોવામાં વધુ રુચિ છે. ભારતનું માર્કેટ વિશાળ હોવાથી અમુક ફિલ્મો નૉર્થ અમેરિકાના પ્રીમિયર શો પહેલાં ભારતમાં રિલીઝ કરવામાં આવે છે.

## આ વર્ષની ટૉપ ફાઇવ...

આ વર્ષના જૂન મહિના સુધીમાં ભારતમાં પ્રદર્શિત થયેલી ટૉપ ફાઇવ (બૉક્સ ઑફિસ કલેક્શનને આધારે) ફિલ્મો પર નજર નાખતા આપણા દર્શકોની પસંદગીનો ખ્યાલ આવે છે. પહેલા ક્રમાંકે છે Mission: Impossible - The Final Reckoning. ટોમ ક્રુઝની ઍક્શન સ્પાય ફિલ્મ સિરીઝની આઠમી ફિલ્મ. વિશ્વભરમાં ૮૫૦ મિલ્યન ડૉલરનું કલેક્શન મેળવનારી ફિલ્મનો ભારતમાં વકરો હતો ૧૪૮ કરોડ રૂપિયા. બીજા નંબરે છે Thunderbolts. માર્વેલ સિરીઝની એન્ટી હીરોની આ ફિલ્મ વિશ્વભરમાં ૫૩૦ મિલ્યન ડૉલરનો વકરો કરવામાં સફળ રહી હતી અને ભારતમાં કલેક્શન હતું ૧૨૦ કરોડ રૂપિયા. તરછોડાયેલા અને સુધારી રહેલા ખલનાયકોની વાર્તા દર્શકોને બહુ જ ગમી ગઈ. ત્રીજા નંબરે છે Jurassic World: Rebirth જે જુરાસિક ફ્રેન્ચાઇઝીની સાતમી ફિલ્મ છે. સાયન્સ ફિક્શન કૅટેગરીની આ ફિલ્મની સિરીઝનો પ્રારંભ ૧૯૯૩માં સ્ટીવન સ્પીલબર્ગ દિગ્દર્શિત Jurassic Park (૧૯૯૩)થી થયો હતો. આ સિરીઝની અગાઉની ફિલ્મોને પણ દર્શકોનો સારો પ્રતિસાદ મળ્યો હતો અને આ પણ એમાં અપવાદ નહોતી. વિશ્વભરમાં ૬૮૦ મિલ્યન ડૉલરનું કલેક્શન મેળવનારી આ ફિલ્મનો ભારતમાં વકરો હતો ૯૫ કરોડ રૂપિયા. ચોથા નંબરે છે બેસ્ટ સાઉન્ડનો ઑસ્કર એવોર્ડ મેળવનારી સ્પોર્ટ્સ ઍક્શન ફિલ્મ F1. બે ઑસ્કર એવોર્ડ મેળવી ચૂકેલો અફલાતૂન અભિનેતા બ્રેડ પિટ ફિલ્મમાં ૩૦ વર્ષના બ્રેક પછી ટીમનું નાક રાખવા સ્પર્ધામાં ઊતરનાર ફૉર્મ્યુલા વન રેસિંગ ડ્રાઇવરના રોલમાં છે. વિશ્વભરમાં ૫૪૦ મિલ્યન ડૉલરનું કલેક્શન મેળવી ઍક્ટરની ૪૦ વર્ષની કરિયરની સૌથી સફળ ફિલ્મ સાબિત થઈ છે. ફૉર્મ્યુલા રેસિંગ માટે આપણે ત્યાં જબરું આકર્ષણ છે. ૮૮ કરોડ રૂપિયાનો વકરો કરવામાં ફિલ્મ સફળ રહી છે. પાંચમા નંબરે બિરાજે છે ફ્રેન્ચાઇઝીના લેબલ વિનાની સાયન્સ ફિક્શન ફિલ્મ Project Hail Mary. આ ફિલ્મની ખાસિયત એ છે કે હોલિવૂડની આ ફિલ્મનું પ્રીમિયર ૯ માર્ચે લંડનમાં થયું, ૨૦ માર્ચે યુએસમાં રિલીઝ થઈ અને છ જ દિવસ પછી ૨૬ માર્ચે ભારતમાં રિલીઝ કરવામાં આવી. વિશ્વભરમાં ૬૮૪ મિલ્યન ડૉલરનું કલેક્શન મેળવનારી આ ફિલ્મનો ભારતમાં વકરો હતો ૮૫ કરોડ રૂપિયા. ■

---

# મૂવી ને મોબાઈલઃ નાનો પડદો વિરુદ્ધ મોટો પડદો

સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ

**'મોટા પડદાથી લઈને ફોનની ચમકતી સ્ક્રીન સુધી, કળા હવે સંવેદના નથી રહી, પણ માત્ર ૨૪ કલાક ચાલતો તમાશો બની ગઈ છે.'**
**- નસીરુદ્દીન શાહ**

------------------

**'લોકોને હવે ગહન વાર્તા નથી જોઈતી, એમને તો બસ એવું કન્ટેન્ટ જોઈએ છે, જે તેમના માનસિક શૂન્યાવકાશને થોડી સેકન્ડ માટે ભરી દે.'**
**- સૌરભ શુક્લા, લેખક-કલાકાર**

-------------

છેલ્લાં ૧ મહિનાથી સોશ્યલ મીડિયાનો વપરાશ રાતોરાત વધ્યો અને દેશની રાજધાનીથી લઈને મોટાં મોટાં શહેરોના કોફી શોપ્સ, બાર કે રેસ્ટોરેંન્ટસમાં એક જ નામ ગૂંજવા લાગ્યુંઃ 'સીજેપી' એટલે કે 'કોક્રોચ જનતા પાર્ટી', જેણે આમ તો 'નીટ' પરીક્ષાપત્ર ફૂટવાનાં મુદ્દે દિલ્હીનાં જંતરમંતર મેદાનમાં આંદોલન કરેલું. આ કોઈ ગંભીર રાજકીય ચળવળ લાગતી નહોતી પણ 'ઝેન- ઝી' એટલે કે ૧૯૯૭-૨૦૨૨ વચ્ચે જન્મેલી પેઢીનાં હજારો ને અન્ય લાખો યુવાન-યુવતીઓ રસ્તા પર ઊતરી આવેલા. તેમના હાથમાં પોસ્ટરો હતાં, આંખોમાં આક્રોશ હતો. રસ્તાની એક બાજુએ કોઇ છોકરો હાથમાં માઈક લઈને ગંભીર નારા લગાવતો હતો ને બીજી જ સેકન્ડે તેનો દોસ્ત કેમેરા સામે આવીને બોલતો હતોઃ 'દોસ્તો, હિંદુ-મુસ્લિમ છોડો, શિક્ષણને બચાવો' આવી ડાહી વાતોથી લઇને અતિશય રમૂજી-ક્રિએટિવ વાતો પણ હતી ને કશેક અશ્લીલતા પણ ખરી.... આખરે જ્યારે સરકાર ઝૂકી અને શિક્ષાપ્રધાને રાજીનામું આપવું પડ્યું ત્યારે ચળવળ અટકી અને પછી પાટનગરની સડક પર ડાન્સ થયા, બિયર બાર્સમાં ડિજિટલ યુગના સ્ટાર્સ આ જીતનો જશ્ન મનાવી રહ્યા હતા. ખુદ વડા પ્રધાન મોદીજીએ ઇન્સ્ટાગ્રામ પર વારે વારે રીલ્સ મૂકીને યંગ લોકોને મનાવવા પડ્યા! આ ઇન શોર્ટ, હવે ક્રાંતિ મનોરંજનકળા અને તમાશા વચ્ચેની સીમા રેખાઓ કેવી ભૂંસાઈ ગઈ છે.

એવામાં મૂવીજગત પર મોબાઇલની ઇન્સ્ટાગ્રામ રીલ્સ કે યુટયૂબની આઇટેમો ભારી પડી રહી છે. હવે ફોન પર મનોરંજક રીલ્સ, ક્રાઇમ સમાચારોના કે અશ્લીલ વીડિયો વગેરે જોઇ જોઇને લોકોની મનોરંજનની ભૂખ જ ભાંગી ગઇ છે, કારણકે ૨૪ કલાક મનોરંજન ફોન પર હાથવગું છે. વળી, નવી ફિલ્મો કે વેબસિરીઝો પણ 'ટેલિગ્રામ' એપ કે બીજી સર્વિસથી પલક ઝપકાવતાં મળી જાય છે.

અગાઉ ફિલ્મોની વાર્તામાં ગુનાખોરી, અન્યાય, બળાત્કાર, ભ્રષ્ટાચાર, રાજકારણ વગેરે જે જે સામાજિક મુદ્દાઓ આવતા એ હવે માત્ર ૧૫ સેકન્ડના વીડિયોઝ ને વાયરલ ટ્રેન્ડ્સમાં ફેરવાઈ ગયા છે. ચર્ચા, અભિપ્રાયો અને આક્રોશ પણ હવે પળભરમાં ફોન પરનો મસાલો બની જાય છે.

મહાન શાયર અહમદ ફરાઝે સાચું જ કહ્યું હતુંઃ
*'ઈસ દૌર-એ-તમાશેમાં હુન્નર કૌન પરખતા હૈ?*
*યહાં જો જીતના શોર મચાએ, વો સિકંદર કહેલાતા હૈ.'*

હમણાં મુંબઈના નાટ્યગૃહમાં એક અનુભવી દિગ્દર્શકે પોતાના નવા નાટકનો પ્રયોગ રાખ્યો હતો. એક યુવાન પ્રેક્ષકે એમને ખૂબ ઉત્સાહથી કહ્યું : 'સર, નાટક ખૂબ જ અદ્ભુત હતું! પણ જો તમે પેલા વિલનની એન્ટ્રી વખતે એક નાનો ડાન્સ મૂકી દીધો હોત ને વચ્ચે થોડા પંચલાઈન ઉમેર્યા હોત, તો એનો ૩૦ સેકન્ડનો વીડિયો ઈન્ટરનેટ પર જોરદાર વાયરલ થઈ જાત!'




આ ટ્રેજીકોમિક કિસ્સો, આજના સમયની વાસ્તવિકતા કે કરૂણતા છતી કરે છે. એક જમાનો હતો જ્યારે થિયેટરમાં નાટક જોવા માટે લોકો પોતાની સાંજ સાચવી રાખતા. લેખકો દિવસો સુધી વિચારી વિચારીને લખતા, દિગ્દર્શકો પાત્રના માનસમાં ઊતરવા માટે મહિનાઓ વિતાવતા, પરંતુ આજે? આજે ફિલ્મના કાસ્ટિંગ ડિરેક્ટરો કલાકારોને પસંદ કરવા માટે માત્ર એમની ઇન્સ્ટા પ્રોફાઇલ ખોલે છે ને ફોલોઅર્સનો આંકડો ગણે છે.

જ્યારે ડિજિટલ પ્લેટફોર્મ પર રાતોરાત છવાઇ ગયેલા સમય રૈના, ગુરલીન, કુણાલ કામરા, પુનિત પાનિયા જેવા સ્ટેંડઅપ હાસ્ય કલાકારો અચાનક ફેમસ થઇ જાય ત્યારે સમજવું કે સમાજને સિનેમાનાટકની ગંભીરતા સાથે કોઈ લેવાદેવા નથી. નાટકસિનેમા હવે મોંઘો વિકલ્પ છે, કોણ મોંઘી ટિકીટો ને પોપકોર્ન ખરીદે, પાર્કિંગના પૈસા ભરે ને ૩ કલાક કાઢે? હવે ફોન પર ટ્રેન્ડિંગ વાયરલ રીલ્સ કે વિષયો પર સવાર થઈને ભલભલા કલાકારો, નેતાઓ, ડોક્ટરો, શાયરો, વિચારકો પોતાની બ્રાન્ડવેલ્યૂ ટકાવવાના હવાતિયાં મારે છે. અરે, વિદ્યા બાલન જેવી સ્ટાર અભિનેત્રી, કોઇકના અવાજમાં બનેલા ફાલતુ જોકસ પર રીલ્સ બનાવે ત્યારે શું સમજવું?




પહેલાં ટીવીનાં રીમોટ કંટ્રોલને લીધે ને હવે ફોન પર સતત સ્ક્રોલિંગને આખી નવી પેઢીનો પડદા પરનો 'એટેન્શન સ્પેન' કે લોકોનો પડદા પર ધ્યાન આપવાનો સમયગાળો સાવ ખતમ થઈ ગયો છે. લોકોને હવે બે-અઢી કલાકની ફિલ્મમાં પાત્રો કે વાર્તાનો ધીમો ને સુંદર વિકાસ નથી જોવો, દર્શકોને હવે દર ૧૦ સેકન્ડે કોઇ મોટો ધમાકો કે કોમેડી જોઈએ છે. ફોનની રીલ્સમાં સારા ઘરની કન્યાઓ રીલ્સમાં સેક્સી કપડામાં લટકાં કરે છે ને બીજી બાજુ સેંસર બોર્ડવાળા હજુ ફિલ્મોને સાફસુથરી રાખવામાં પડ્યા છે!

વળી આજે જ્યારે લેખક કે દિગ્દર્શક, પ્રોડક્શન હાઉસ કે ચેનલ, ઓટીટી પ્લેટફોર્મમાં પોતાની વાર્તા લઈને જાય છે ત્યારે પહેલો સવાલ પૂછવામાં આવે કે તમારી વાર્તામાંથી ટૂંકા વીડિયો કે ક્લિપ્સ કેવી રીતે બનશે? મુખ્ય પાત્ર માટે કેટલા લાખના ફોલોવર્સો એટલે કે 'જેમને રોજ ફોન પર નિહાળતા લોકોની મોટી સંખ્યા' મળી શકે એમ છે?




જો કલાકારનો અભિનય કે ફિલ્મકારની વાર્તા ડિજિટલ સ્ક્રીન પર સ્ક્રોલ થતાં અંગૂઠાને પાંચ સેકન્ડ માટે રોકી ન શકે તો આ આધુનિક મનોરંજન બજારમાં તમારી કળાની કિંમત શૂન્ય ગણાય છે. એક લેખકે કંટાળીને મજાકમાં કહેલું, 'આજકાલ લેખકોને સ્ક્રિપ્ટ લખવા પેનપેપરની જરૂર નથી પડતી... બસ, એક કેલ્ક્યુલેટર જોઈએ છે જેનાથી કલાકારોના ઇન્સ્ટાગ્રામના ફોલોઅર્સ એ ગણી શકે!'

હવે વાત માત્ર ફિલ્મો પૂરતી નથી રહી, પણ પુસ્તકો, નાટકો, ટીવી સિરિયલો અને ઓટીટી વેબસિરીઝોના મૂળિયાં પણ હચમચાવી નાખ્યા છે. નાટક, ફિલ્મ કે વેબસિરીઝના નિર્માતાઓનો આદેશ હોય છે કે જેનો ડિજિટલ ચહેરો પ્રખ્યાત હોય તેને મુખ્ય રોલ આપી દો, જેથી પહેલાં જ દિવસે ઘણી બધી ટિકિટો વેંચાઇ શકે કે ઓનલાઇન વ્યૂઝ મળી જાય. રોજ ફોન પર આરોગ્યથી ઇકોનોમી સુધીનાં સલાહ-સૂચનો આપતા 'સોશ્યલ ઇન્ફ્લ્યૂએન્સરો'ની ભીડ ને શોરમાં વચ્ચે સિનેમા, સાહિત્ય અને સાચી કલા ખોવાઈ જવા લાગી છે. હવે નાટકસિનેમા હવે 'સતત ધ્યાન ખેંચવાની ભૂખ બની ગયા છે. સમાજ એવા મુકામ પર આવીને ઊભો છે જ્યાં વિચારો નબળા પડી ગયા છે, પડદો નાનો થઇ ગયો છે ને કલાકારો માત્ર બજારનો સામાન બની ગયા છે. અગાઉ ફિલ્મ, ટીવી કે નાટકવાળાં આપણને થિયેટરના અંધારામાં માનવ સંવેદનાઓના દરિયામાં ડૂબકી મારવા પ્રેરતા. કદાચ હવે એ સમય દૂર નથી કે આવનારી પેઢી કળાને માત્ર 'નોટિફિકેશન' કે 'કેટલી આંખે જોયુ?' એનો આંકડો સમજી બેસશે. ■

ફ્લેશ બેક

હેન્રી શાસ્ત્રી

# નિરૂપા રૉય - મનહર દેસાઈની ફાઈવ સ્ટાર પૌરાણિક જોડી

## ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હીરો-હીરોઈનની ઘણી મશહૂર જોડી જામીને ખ્યાતિ મેળવવામાં સફળ રહી છે

ભારતીય ચિત્રપટની કેટલીક એવી ખાસિયત છે જે તમને અન્ય દેશોની ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ભાગ્યે જ જોવા મળે. જેમ કે ગીત-સંગીત, નૃત્ય, ચમત્કાર... લિસ્ટ લાંબું છે જેમાં એક ખાસિયત છે હીરો-હીરોઈનની જોડીનો. ૯૦ વર્ષ પહેલાં બૉમ્બે ટોકીઝના બૅનર હેઠળ બનેલી ‘અછૂત કન્યા’માં અશોક કુમાર-દેવિકા રાનીથી હિન્દી ફિલ્મોમાં રૂપેરી પડદા પર જોડી જામવાની પરંપરા શરૂ થઈ હોવાનું માનવામાં આવે છે. હિન્દી સિવાય સાઉથની ભાષાઓમાં એમજીઆર-સરોજાદેવી સહિત અનેક જોડી જોવા મળી છે. બંગાળી ફિલ્મોમાં ઉત્તમ કુમાર-સુચિત્રા સેન, મરાઠીમાં અરુણ સરનાઈક-જયશ્રી ગડકર અને ગુજરાતી ચિત્રપટમાં તો ઉપેન્દ્ર ત્રિવેદી-સ્નેહલતાની બોલબાલા હતી.



રતિભાઈ પુનાતરની ‘ગુણસુંદરી’


જોડીની પહેલી પૌરાણિક ફિલ્મ ‘નાગ પંચમી’

ત્રીજી ઑગસ્ટના દિવસે જેમની જન્મજયંતી હતી એ ગુજરાતી અને હિન્દી ફિલ્મોના અભિનેતા મનહર દેસાઈની પણ ગુજરાતી ફિલ્મોથી ચમકી હિન્દી ફિલ્મોમાં પ્રસિદ્ધિ મેળવનારાં નિરૂપા રૉય સાથે ફિલ્મોમાં જોડી જામી હતી. ૧૯૪૮માં રિલીઝ થયેલી ગુજરાતી ફિલ્મ ‘ગુણસુંદરી’માં પહેલી વાર નાયક-નાયિકા તરીકે ઝળક્યા પછી ગુજરાતી અને હિન્દીમાં કુલ બે ડઝન ફિલ્મોમાં આ જોડી જામી હતી, બોલો! હિન્દી સિનેમામાં લીડ પેર તરીકે સૌથી વધુ ફિલ્મ (૩૦થી વધારે) કરવાનો વિક્રમ ધર્મેન્દ્ર-હેમા માલિનીના નામ પર છે. ઉત્તમ કુમાર-સુચિત્રા સેન પણ ૩૦ ફિલ્મમાં હીરો-હીરોઈન તરીકે જોવા મળ્યાં છે. ગુજરાતી ફિલ્મોના નિર્માણમાં મોટી ભરતી આવી હતી એ ૧૯૭૦ના દાયકામાં ઉપેન્દ્ર ત્રિવેદી-સ્નેહલતાની જોડી પણ હિટ સાબિત થઈ હતી. ૧૭ વર્ષમાં (૧૯૪૮થી ૧૯૬૫) નિરૂપા રૉય-મનહર દેસાઈ ૨૪ ફિલ્મમાં સાથે જોવા મળ્યાં જેમાં ચાર ગુજરાતી હતી અને અન્ય ૨૦ હિન્દી ફિલ્મો હતી.

નિરૂપા રૉય અને મનહર દેસાઈ વચ્ચે ઉંમરમાં ૧૪ વર્ષનો તફાવત હતો. જોકે બંનેની ફિલ્મ કરિયરની શરૂઆત લગભગ સાથે થઈ. નિરૂપાજીની પહેલી ફિલ્મ હતી ‘રાણકદેવી’ (૧૯૪૬). ૧૯૪૬માં રિલીઝ થયેલું આ એકમાત્ર ગુજરાતી ચિત્રપટ હતું. સૌરાષ્ટ્રનાં રાણીની કથા ધરાવતી આ ફિલ્મને સિને રસિકોનો સારો આવકાર મળ્યો હતો અને આ ફિલ્મથી કલ્પનાના રંગો પૂરેલી ઐતિહાસિક ગુજરાતી ચિત્રપટ નિર્માણને વેગ મળ્યો. મનહર દેસાઈની પહેલી ફિલ્મ હતી ૧૯૪૭ની ‘તૂફાની સ્વર’.

અને ૧૯૪૮માં આવી ગુજરાતી ફિલ્મ ‘ગુણસુંદરી’. રતિભાઈ પુનાતર દિગ્દર્શિત આ ફિલ્મ ૧૭ વર્ષનાં નિરૂપાજી અને ૩૧ વર્ષના મનહરભાઈને લીડ રોલમાં સાથે ચમકાવતી પહેલી ફિલ્મ હતી. ફિલ્મને ફાંકડો પ્રતિસાદ મળ્યો (૪૦ અઠવાડિયાં ચાલી) અને બંને કલાકારને સ્ટારડમ મળી ગયું. જોડી તરીકે દર્શકોની નજરમાં વસી ગયાં અને ફિલ્મમેકરો વહેતી ગંગામાં હાથ ધોવા માટે થનગનવા લાગ્યા.

આ જોડીની ફિલ્મોની યાદી પર નજર નાખતાં તેમણે નાયક-નાયિકાનો રોલ કર્યો હોય એવી પહેલી ચાર ફિલ્મ ગુજરાતી છે. ૧૯૪૮માં રતિભાઈએ નિરૂપાજી અને મનહરભાઈને લઈને બીજી ફિલ્મ બનાવી ‘નણંદ ભોજાઈ’. આ ફિલ્મ ગુજરાતી અને હિન્દી (નનદ-ભૌજાઈ) એમ બંને ભાષામાં રિલીઝ થઈ હોવાની નોંધ છે. ગુજરાતીમાં સંગીત અવિનાશ વ્યાસનું હતું જ્યારે હિન્દીમાં બુલો સી. રાની સંગીતકાર હતા. રતિભાઈની જ ‘મંગળફેરા’ જોડીની ત્રીજી ફિલ્મ હતી અને ગીતા દત્ત-એ. આર. ઓઝાએ ગાયેલા યુગલગીત ‘રાખનાં રમકડાં મારા રામે, હે મારા રામે રમતા રાખ્યા રે, મૃત્યુલોકની માટીમાંથી માનવ કહીને ભાખ્યાં રે’ ઘેર ઘેર ગુંજ્યું અને આજે પણ અનેકના હોઠ પર રમતું હશે. જોડીની ચોથી ગુજરાતી ફિલ્મ હતી ફરી રતિભાઈ દિગ્દર્શિત અને શ્રી દેશી નાટક સમાજ માટે પ્રભુલાલ દ્વિવેદી લિખિત પ્રસિદ્ધ નાટક ‘ગાડાનો બેલ’ પરથી બનેલી એ જ નામની ફિલ્મ. આ ફિલ્મને પણ સારી સફળતા મળી હતી. આમ નિરૂપા રૉય-મનહર દેસાઈએ સાથે કામ કર્યું હતું એ પ્રથમ ચારેય ગુજરાતી ફિલ્મોને સારી સફળતા મળી હતી.

જોડીની લોકપ્રિયતા જોઈ હિન્દીમાં પૌરાણિક-સામાજિક ચિત્રપટ બનાવતા રમણ બી. દેસાઈએ ૧૯૫૩માં ‘નાગ પંચમી’ નામની ફિલ્મ બનાવી. ફિલ્મને બૉક્સ ઑફિસ પર ધરખમ સફળતા મળી પછી આ હીરો અને હીરોઈન માયથોલૉજિકલ ફિલ્મો બનાવતા મેકરોના ફેવરિટ બની ગયા. એમની ફિલ્મોની યાદી પર નજર ફેરવતાં ‘નાગ પંચમી’ના પ્રભાવનો ખ્યાલ આવે છે. ‘નાગ પંચમી’ સહિત જે ૨૧ ફિલ્મમાં આ જોડી ચમકી એમાંથી પાંચેક ફિલ્મ બાદ કરતાં બાકીની બધી પૌરાણિક અથવા ધાર્મિક કે ઐતહાસિક ફિલ્મ હતી. મનહર દેસાઈ-નિરૂપા રૉય માયથોલૉજિકલ ફિલ્મોની જોડી નંબર વનનો દરજ્જો ધરાવતી હતી. ■

### જોડીની ૨૪ ફિલ્મોની આ રહી યાદી...

નિરૂપા રૉય-મનહર દેસાઈની લીડ રોલમાં પહેલી ફિલ્મ હતી ૧૯૪૮ની ‘ગુણસુંદરી.’ આ એક સામાજિક ચિત્રપટ હતું. તેમની અંતિમ ફિલ્મ હતી ‘સતી નારી’ (૧૯૬૫) જે પૌરાણિક ફિલ્મ હતી. જોકે ફિલ્મ સાઇન કર્યા પછી કોઈ મતભેદ થવાથી નિરૂપાજીએ ફિલ્મ છોડી દીધી હતી અને અનિતા ગુહાને સાઈન કરવામાં આવ્યાં હતાં. આમ આ જોડીની રિલીઝ થયેલી અંતિમ ફિલ્મ હતી ‘શંકર સીતા અનસૂયા’ (૧૯૬૫) અને એ પણ પૌરાણિક ફિલ્મ હતી. આ યાદીમાં પહેલી ચાર ગુજરાતી અને બાકીની ફિલ્મ હિન્દી છે.

૧ ગુણસુંદરી (૧૯૪૮),
૨ નણંદ ભોજાઈ - ગુજરાતી અને હિન્દી (૧૯૪૮),
૩ મંગળફેરા (૧૯૪૯),
૪ ગાડાનો બેલ (૧૯૫૦),
૫ નાગ પંચમી (૧૯૫૩),
૬ મનચલા (૧૯૫૩),
૭ નયા રાસ્તા (૧૯૫૩),
૮ શિવરાત્રી (૧૯૫૪),
૯ સતી મદાલસા (૧૯૫૫),
૧૦ નવરાત્રી (૧૯૫૫),
૧૧ સતી નાગકન્યા (૧૯૫૬),
૧૨ ચંડી પૂજા (૧૯૫૭),
૧૩ નાગ મણિ (૧૯૫૭),
૧૪ જનમ જનમ કે ફેરે (૧૯૫૭),
૧૫ રામ હનુમાન યુદ્ધ (૧૯૫૭),
૧૬ પતિ પરમેશ્વર (૧૯૫૮),
૧૭ પક્ષીરાજ (૧૯૫૯),
૧૮ ચરણોં કી દાસી (૧૯૫૯),
૧૯ વીર દુર્ગાદાસ (૧૯૬૦),
૨૦ માયા મચ્છેન્દ્ર (૧૯૬૦),
૨૧ હમીર હાથ (૧૯૬૪),
૨૨ શાહી રક્ષા (૧૯૬૫),
૨૩ શંકર સીતા અનસૂયા (૧૯૬૫)
૨૪ સતી નારી (૧૯૬૫).

મનોરંજનનું મેઘધનુષ

ઉમેશ ત્રિવેદી

# બોલિવૂડની સફળ કારકિર્દીની સાથે થોડું વિવાદાસ્પદ જીવન જીવતી અભિનેત્રી પ્રિટી ઝિંટા

શર્મિલા ટાગોર પછી પ્રિટી ઝિંટા બોલિવૂડની એકમાત્ર અભિનેત્રી છે, જેના ગાલે ખંજન પડે છે, જે તેની સુંદરતામાં વધારો કરે છે અને તે ખંજનને કારણે તે ‘ડિમ્પલ ગર્લ’ તરીકે પણ ઓળખાય છે.

૩૧મી જાન્યુઆરી ૧૯૭૫ના હિમાચલ પ્રદેશના સિમલા જિલ્લામાં હિન્દુ કુટુંબમાં તેનો જન્મ થયો છે. તેના પિતા દુગાનંદ ઝિંટા ભારતીય લશ્કરના અધિકારી હતા. પ્રિટીને બે ભાઈ છે, દીપાંકર તેના કરતાં એક વર્ષ મોટો છે અને મનીષ તેના કરતાં એક વર્ષ નાનો છે. દીપાંકર પણ ભારતીય લશ્કરમાં અધિકારી છે, જ્યારે મનીષ કેલિફોર્નિયામાં રહે છે. તેના પિતાનું માર્ગ અકસ્માતમાં મૃત્યું થયું હતું અને એ જ અકસ્માતમાં તેની માતાને ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને બે વર્ષ પથારીમાં જ રહેવું પડ્યું હતું.

સિમલાની કૉન્વેન્ટ ઑફ જીસસ એન્ડ મેરી સ્કૂલમાં તેણે અભ્યાસ કર્યો છે. ત્યાર પછી સિમલાની જ સેન્ટ બેડે’સ કૉલેજમાં અભ્યાસ કર્યો છે, જ્યાંથી તેણે ડિગ્રી મેળવી છે અને ત્યાર બાદ તે ક્રિમિનલ સાયકોલૉજીમાં પોસ્ટ ગ્રૅજ્યુએટ થઈ છે. આ સમય દરમિયાન તેણે મૉડેલિંગમાં ઝુકાવ્યું હતું. અને તેની સૌથી પહેલી કમર્શિયલ ઍડ ‘પર્ક ચૉકલેટ’ની હતી. ત્યાર બાદ તેણે બીજી અનેક કમર્શિયલ ઍડ કરી હતી.

૧૯૯૮માં તે મુંબઈ તેની એક મિત્ર સાથે આવી હતી. તેની આ મિત્ર ઑડિશન આપવા આવી હતી. તે સમયે પ્રિટી દિગ્દર્શક શેખર કપૂરને મળી હતી. શેખર કપૂરે પ્રિટીએ અભિનેત્રી બનવું જોઈએ એમ કહ્યું હતું. શેખર કપૂર ત્યારે હૃતિક રોશન સાથે ‘તારા રમ પમ’ની તૈયારી કરી રહ્યા હતા. તેમાં તેણે પ્રિટી ઝિંટાની હીરોઇન તરીકે પસંદગી કરી હતી. જોકે ત્યાર પછી આ ફિલ્મ અભેરાઈએ ચઢાવી દેવામાં આવી હતી. પ્રિટીની શરૂઆત તેના કારણે અટકી પડી હતી. ત્યાર પછી શેખર કપૂરે જ પ્રિટીને મણિરત્નમ પાસે મોકલી અને તેને પહેલી ફિલ્મ મળી, જેમાં તેની ભૂમિકા માત્ર ૨૦ મિનિટ પૂરતી જ હતી.

આ ફિલ્મ હતી શાહરૂખ ખાન સાથેની ‘દિલ સે’. પ્રિટી ઝિંટાની ફિલ્મમાં પસંદગી થઈ તેના કારણે તેની મિત્રોએ તેની મજાક ઉડાવી હતી કે હવે તારે સફેદ સાડી પહેરીને વરસાદમાં નાચવાની શરૂઆત કરવી પડશે. ચીલાચાલુ કમર્શિયલ હિન્દી ફિલ્મોમાં હીરોઇનને ફાળે મોટેભાગે આવી જ ભૂમિકા આવતી હોય છે. જોકે મિત્રોની આ મજાકને કારણે જ કેટલીક ફિલ્મોમાં પ્રિટીએ સાવ અલગ જ કહી શકાય એવી ભૂમિકાઓ કરી હતી. તેમાં ‘ક્યા કહેના’ (સિંગલ મધરની ભૂમિકા) અને ‘ચોરી-ચોરી ચૂપકે ચૂપકે’ (સરોગેટ મધરની ભૂમિકા) ભજવી હતી.



પ્રિટી ઝિંટાએ પોતાની અભિનય કારકિર્દી દરમિયાન લગભગ બધા જ સુપરહીટ હીરો સાથે ભૂમિકા કરી છે. તેમાંય ફિલ્મ ઉદ્યોગના ચારેય ખાન શાહરૂખ, આમિર, સલમાન અને સૈફ, સન્ની દેઓલ-બૉબી દેઓલ, અમિતાભ બચ્ચન, અભિષેક બચ્ચન, હૃતિક રોશન, અક્ષયકુમાર, અજય દેવગણ, અર્જુન રામપાલ, અનિલ કપૂર, ગોવિંદાનો સમાવેશ થાય છે.

અભિનેત્રી તરીકેની કારકિર્દી દરમિયાન તેણે ત્રણેક વાર લાંબો ‘બ્રેક’ લીધો છે અને દર વખતે તે ‘ડબલ જોશ’થી પાછી ફરી છે. પહેલો બ્રેક તેણે ૨૦૦૯માં લીધો ત્યારે તે ચાર વર્ષે પાછી ફરી હતી, બીજો બ્રેક તેણે ૨૦૧૪માં લીધો, ત્યારે પણ તે ચાર વર્ષે પાછી ફરી. ૨૦૧૮માં જોકે તેને ‘કમબૅક’ એટલું ફળ્યું નહોતું. ૨૦૧૮માં પછી તેણે ફરી એકવાર ‘બ્રેક’ લીધો જે આઠ વર્ષ લાંબો હતો અને ૨૦૨૬ની ૧૫ ઑગસ્ટે તે ‘કમબૅક’ કરી રહી છે અને તે પણ આમિર ખાન નિર્મિત અને સન્ની દેઓલ અભિનીત ફિલ્મ ‘બટવારા-૧૯૪૭’થી. તેનું આ ‘કમબૅક’ જોરદાર સાબિત થવાની શક્યતા વધુ છે.

અભિનય કારકિર્દીની સાથે જ પ્રિટીની અંગત જિંદગી થોડી વિવાદાસ્પદ પણ રહી છે. શરૂઆતમાં તેનાં મૉડેલ માર્ક રોબિન્સન સાથે એક વર્ષ સંબંધ રહ્યા હતા. જોકે, ૨૦૦૧માં બંને છૂટાં પડ્યા ત્યાર પછી પ્રિટી ‘બૉમ્બે ડાઇંગ’ કંપનીના વારસદાર નેસ વાડિયા સાથે સંબંધ ધરાવતી હતી. ૨૦૦૫થી ૨૦૦૯ સુધી નેસ વાડિયા સાથે તેનો પ્રેમસંબંધ હતો. જોકે ત્યારે તે બંને ‘પંજાબ કિંગ્સ ઇલેવન’ના સહમાલિક હતાં. ધીમે ધીમે તેમના સંબંધમાં ખટાશ આવી ગઈ. ૧૩ જૂન ૨૦૧૪ના તો પ્રિટીએ નેસ વાડિયા વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે નેસે ૩૦મેના દિવસે આઇપીએલની મૅચ દરમિયાન તેની છેડતી કરી હતી અને તેને ધમકાવી હતી. જોકે આ ફરિયાદ પછી ૨૦૧૮માં પરસ્પર સંમતિથી આ કેસ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો.

એ પછી ૨૯ ફેબ્રુઆરી ૨૦૧૬માં પ્રિટી ઝિંટા લોસ એન્જલસમાં અમેરિકન જેન ગુડઇનફને પરણી હતી અને પછી તે મુંબઈ છોડીને લોસ એન્જલ્સ ચાલી ગઈ હતી. જોકે આઇપીએલમાં ટીમની માલિક હોવાથી તે વારંવાર મુંબઈ આવતી રહે છે. ૨૦૨૧માં સરોગસીથી તે એક પુત્ર અને એક પુત્રી એમ જોડિયાં બાળકોની માતા પણ બની છે.

પ્રિટી એક સારી અભિનેત્રી હોવા ઉપરાંત મીડિયામાં તેની ઇમેજ એક સ્પષ્ટવકતા અને પોતાના વિચારો જાહેરમાં પ્રામાણિકપણે રજૂ કરનારી અભિનેત્રી તરીકેની છે. બોલિવૂડની સુંદર અભિનેત્રી કે બોલિવૂડની શ્રેષ્ઠ પરિધાન ધારણા કરનારી અભિનેત્રી તરીકે તે ખૂબ જ લોકપ્રિય છે. ■

OTTનું હોટસ્પોટ

## આઠ ઑગસ્ટથી ૧૪ ઑગસ્ટ શું જોશો?

૨૦૧૨માં ‘કૉકટેલ’ ફિલ્મ આવી હતી. તેનાં ૧૪ વર્ષ પછી તેનો બીજો ભાગ એટલે કે ‘કૉકટેલ-ટુ’ રજૂ થઈ હતી. હોમી અડજાણિયા દિગ્દર્શિત આ ફિલ્મ ૧૪ ઑગસ્ટે નેટફિલ્ક્સ પર જોવા મળશે. આ હિટ ફિલ્મનાં કલાકારો શાહિદ કપૂર, ક્રીતી સેનન અને રશ્મિકા મંદાના છે.

**નેટફિલ્ક્સ** પર જ ૧૩ ઑગસ્ટે ‘વન હન્ડ્રેડ ઑફ સોલીટ્યુડ’નો બીજો ભાગ રજૂ થશે. આ સિવાય અહીં આજે સાત ઑગસ્ટે (શુક્રવારે) દિલજિત દોસાંજ, વેદાંગ રૈના, શર્વરી અને નસીરુદ્દીન શાહ અભિનીત ફિલ્મ ‘મૈ વાપસ આઉંગા’ જોઈ શકાશે.

આ સિવાય, આજે શુક્રવાર સાત ઑગસ્ટે ‘ઑપરેશન સફેદ સાગર’નું પણ પ્રસારણ આ ચૅનલ પર થવાનું છે. જેમાં મુખ્ય કલાકારો જિમી શેરગીલ, સિદ્ધાર્થ, અભય વર્મા અને દિયા મિર્ઝા છે. ફિલ્મના દિગ્દર્શક ઓની સેન છે. આ ફિલ્મ ‘કારગીલ યુદ્ધ’ આધારિત છે.

**એમેઝોન પ્રાઇમઃ** અહીં ત્રણ નવી અંગ્રેજી સિરીઝ શરૂ થઈ રહી છે, જેમાં ૧૩ ઑગસ્ટે ‘ટ્રેઇટર્સ’ની બીજી સીઝન, ૧૨ ઑગસ્ટે ‘રીચર’ની ચોથી સીઝન અને ૯ ઑગસ્ટે ‘ધ ઓઝન ઇન ધ વાઇલ્ડ વિથ બીઆર ગ્રીલ્સ’ જોવા મળશે.

**જિયો હોટસ્ટારઃ** આ ચૅનલ પર ૭ ઑગસ્ટથી (આજથી) સુપર મારિયો ગેલેક્સી-ઍનિમેશન ફિલ્મનું પ્રસારણ શરૂ થશે. ■

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## રશ્મિકાના ઉદાહરણ પરથી કોઈ ઘડો લેશે?


રશ્મિકા મંદાના

હાલમાં સમાચાર આવ્યા કે રશ્મિકા મંદાના કોઈ સેટ પર ઈજાગ્રસ્ત થઈ હતી. જોકે, આ ઘટના જૂની હતી,પણ સમાચાર નવા હતા, કારણ કે, રશ્મિકા અને એની ટીમે આ સમાચાર છુપાવ્યા હતા. થોડા દિવસ અગાઉ રશ્મિકાએ સોશિયલ મીડિયા પર આવીને પોતાની હિપ ઇન્જરી વિશે પોસ્ટ મૂકી ત્યારે તેના ફેન્સને ખબર પડી.

જોકે, એ પહેલાંના અઠવાડિયાઓ સુધી સોશ્યલ મીડિયા પર રશ્મિકાની ગેરહાજરીની નોંધ તો લેવાઈ જ રહી હતી. પછી રશ્મિકાએ ધીરે-ધીરે હાજરી પુરાવવાનું શરૂ કર્યું. પહેલાં સેલ્ફીઓ મૂકી, પછી વીડિયો મૂક્યા વગેરે વગેરે. પરંતુ હાલમાં તેણે જે પોસ્ટ મૂકી તેનાથી ખબર પડી કે, લે, આ બેનબા તો માંદાં પડ્યાં હતાં. પોતાની ઇન્જરીની વાત કરતાં રશ્મિકાએ જે ખુલાસો કર્યો છે, એ કદાચ આજકાલના તમામ કલાકારોને સમજવા જેવો છે.

આ ‘પુષ્પા ગર્લ’ નું કહેવું હતું કે આ તેની પહેલી કે બીજી નહીં, પરંતુ ત્રીજી ઇન્જરી છે!! હેં????? હા, તમે પણ ચોંકી ગયા ને? તો રશ્મિકાના કહેવા અનુસાર તેણે અત્યાર સુધી પોતાની જાતને મશીન તરીકે જ ટ્રીટ કરી છે એટલે કે, પહેલી કે બીજી ઇન્જરી બાદ પણ ડોક્ટરોની આરામ કરવાની સલાહને તેણે અવગણી અને સતત કામમાં વ્યસ્ત રહી હશે. આ જ કારણસર તેને ત્રીજી વખત ઈજાગ્રસ્ત થવું પડ્યું.

બોલિવૂડના અન્ય કલાકારોએ પણ (સિવાય કે અક્ષય કુમાર) આના પરથી ઘડો લેવાની જરૂર નથી? શું તેમણે પણ ‘જીવન કી આપાધાપી’માંથી થોડો સમય પોતાના શરીરને આરામ માટે કાઢવો જોઈએ? જો એમ કરશે તો જ કેરિયર તંદુરસ્ત રહેશે અને લાંબી પણ ચાલશે. નહીં તો રશ્મિકાની જેમ અણગમા સાથે લાંબો બ્રેક લેવો પડશે.

## ‘રાણો’ તો રાણાની રીતે જ આવશે!



શાહરૂખ ખાન

વો ઝમાના ગયા તોલારામ કે જ્યારે હોલિવૂડની બિગ-બજેટ ફિલ્મોને આવકારવા આપણી હિન્દી ફિલ્મો પોતાનું સ્થાન ખાલી કરી દેતી. હવે બોલિવૂડને હોલિવૂડનો ડર નથી. ભલે, હોલિવૂડ એમના કરતાં વધુ સારી રીતે વાર્તા કહી શકે છે, પણ એટલીસ્ટ એની સાથે ટક્કર લેવામાં આપણી ફિલ્મો જરાય પાછળ નથી.

આવનારી ક્રિસમસ પર ત્રણ-ત્રણ મોટા ગજાની હોલિવૂડ ફિલ્મો સામે શાહરૂખ ખાનની ‘કિંગ’ ટક્કર લેશે. જોકે, આ ટક્કર વચ્ચે એક અઠવાડિયાનો ગેપ છે, તેમ છતાં તેની અસર જરાય ઓછી નહીં થાય.

આવનારી ૧૮ ડિસેમ્બરે ત્રણ હોલિવૂડ ફિલ્મ : ‘એવેન્જર્સઃ ડૂમ્સ ડે’, ‘ડ્યૂનઃ પાર્ટ ૩’ અને ‘જુમાન્જીઃ ઓપન વર્લ્ડ’ એકસાથે રિલીઝ થવાની છે. એના પછીના અઠવાડિયે, એટલે કે ૨૪ ડિસેમ્બરે, શાહરૂખની ‘કિંગ’ રિલીઝ થશે તેની જાહેરાત ઑલરેડી થઈ ચૂકી છે.

જોકે જ્યારે પેલી ત્રણ હોલિવૂડ ફિલ્મોની જાહેરાત થઈ ત્યારે અમુક લોકોને ચિંતા થઈ અને તેમણે અંદરની ખબર કાઢી. આ ખબર પરથી પાક્કું થયું છે કે ‘રાણો’ તો રાણાની રીતે જ, એટલે કે ૨૪ ડિસેમ્બરે જ, થિયેટરોમાં આવશે.....જ્યારે પણ એક સાથે આટલી બધી ફિલ્મો આવતી હોય ત્યારે શો અંગે મારામારી હોય. પણ શાહરૂખ ખાનનો ઇતિહાસ છે કે જ્યારે એ પોતે ફિલ્મ પ્રોડ્યુસ કરે છે ત્યારે તે મેક્સિમમ સ્ક્રીન્સ લઈ જાય છે. આથી હવે ચિંતા પેલા હોલિવૂડવાળાએ કરવાની છે કે એક અઠવાડિયા પછી ભારતમાં એમનાં કલેક્શનની હાલત શું થશે!

## હવે આવશે ‘ટનલ મેન’




‘યશરાજ’ ફિલ્મ્સે હવે એવું નક્કી કરી લીધું લાગે છે કે દેશના ઇતિહાસમાં જ્યાં જ્યાં સામાન્ય માણસે અસાધારણ કામ કર્યું હોય ત્યાં ત્યાં કેમેરો પહોંચાડવો. પહેલાં ભોપાલ ગેસ દુર્ઘટનાના અનામી હીરો પર ‘ધ રેલવે મેન’ બનાવી અને હવે વારો આવ્યો છે ૨૦૨૩ની ઉત્તરકાશીની સિલ્ક્યારા ટનલ દુર્ઘટનાનો. ‘યશરાજ એન્ટરટેઇનમેન્ટે’ સત્તાવાર રીતે ‘ટનલ મેન’ નામની નવી સિરીઝની જાહેરાત કરી છે. આ સિરીઝ ૧૭ દિવસ સુધી ટનલમાં ફસાયેલા ૪૧ મજૂરોને બચાવવાના અભૂતપૂર્વ રેસ્ક્યૂ ઓપરેશન પર આધારિત હશે.

આખી દુનિયા જ્યારે ટીવી સામે બેસીને પ્રાર્થના કરી રહી હતી, ત્યારે એક તરફ એન્જિનિયરો, એનડીઆરએફ, સેનાના જવાનો અને અનેક નિષ્ણાતો ટનલની બહાર દિવસ-રાત મહેનત કરી રહ્યા હતા. આખરે તમામ ૪૧ મજૂરોને જીવતા બહાર કાઢવામાં આવ્યા હતા. હવે આ જ ઘટનાને પડદા પર લાવવાની જવાબદારી ‘યશરાજે’ પોતાના ખભે ઉપાડી છે. સિરીઝનું દિગ્દર્શન ફરી એક વખત શિવ રવૈલ કરશે, જેમણે ‘ધ રેલવે મેન’ને પણ ડિરેક્ટ કરી હતી.

હવે એક વાત તો પાક્કી છે. જો આવું જ ચાલે રાખ્યું તો આપણને જ્યાં જુઓ ત્યાં ‘મેન’ જ ‘મેન’ દેખાશે. પહેલાં ‘રેલવે મેન’, હવે ‘ટનલ મેન’. કોને ખબર કે કાલે કોઈ પાણીની ટાંકીમાં પડી ગયેલી બિલાડીને બચાવનાર પર પણ ‘ટાંકી મેન’ બનાવી નાખે તો નવાઈ નહીં! જોકે, જો વાર્તા સાચી હોય, લાગણીઓ સાચી હોય અને હીરો ખરેખર સામાન્ય માણસ હોય, તો આવી ‘મેનગીરી’ વારંવાર જોવા કોઈને વાંધો પણ નહીં હોય. ■

કટ એન્ડ ઓકે...


જેડી મજેઠિયા


આતિશ કાપડિયા

‘સારાભાઇ વર્સીઝ સારાભાઇ’ની સફળ જોડી આતિશ કાપડિયા અને જેડી મજેઠિયા ૨૮ ઓગસ્ટે ‘નેટફલીક્સ’ પર લાવી રહ્યા છે નવી વેબ સિરીઝ ‘ચુંબક’, જેમાં નીના ગુપ્તા, સુમિત રાઘવન અને દેવેન ભોજાણી સરીખા કલાકારો છે.

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# મિસ્ટર સેન્સર બોર્ડ, હિપોક્રસી કી સીમા હોતી હૈ!

## ભારતીય સેન્સરશિપની નૈતિકતાનો માપદંડ આખરે શું છે?



'સ્પાઇડર-મેન' ફરી એકવાર સાબિત કરી રહ્યો છે કે તે દુનિયાના સૌથી લોકપ્રિય સુપરહીરોમાંથી એક કેમ છે, પરંતુ આ વખતે ફિલ્મની ચર્ચા તેના એક્શન, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ અને સ્ટોરી ઉપરાંત સેન્સર બોર્ડના નિર્ણયને કારણે પણ થઈ. CBFCએ ફિલ્મમાંથી થોડા સેકન્ડના કિસિંગ સીન કાપવાનો નિર્ણય લીધો. રસપ્રદ વાત એ છે કે થોડા સમય પહેલાં 'સુપરમેન' સાથે પણ આવું જ થયું હતું. ત્યાં પણ રોમેન્ટિક દૃશ્યોને વધુ સેન્શ્યુઅસ ગણાવીને કાપવામાં આવ્યા હતા.

ભારતમાં ફિલ્મ સેન્સરશિપની નૈતિકતાનો માપદંડ આખરે શું છે? બે પુખ્તવયના લોકો વચ્ચેનો સહમતિથી થયેલો પ્રેમનો એક ક્ષણિક સ્પર્શ વધુ ખતરનાક છે કે પછી હિંસા, મહિલાઓનું ઓબ્જેક્ટિફિકેશન, ડબલ મીનિંગ મનોરંજન અને ઝેરી સંબંધોને રોમેન્ટિક બનાવીને રજૂ કરતી ફિલ્મ્સ?

તાજેતરના વર્ષોમાં ભારતીય સિનેમાની સૌથી મોટી હિટ ફિલ્મ્સમાં નજર કરીએ તો આ વિરોધાભાસ વધુ સ્પષ્ટ દેખાય છે.

'એનિમલ' દેશની સૌથી ચર્ચાસ્પદ ફિલ્મ્સમાંથી એક હતી. ફિલ્મમાં ગોળીબાર, લોહિયાળ હિંસા, આક્રમકતા અને સ્ત્રીઓ પ્રત્યેના કેટલાક વલણોને લઈને ભારે ચર્ચા થઈ. રસપ્રદ વાત એ છે કે આવી ફિલ્મ્સ કરોડો લોકો સુધી પહોંચી શકે છે, પરંતુ 'સ્પાઇડર-મેન'ના થોડા સેકન્ડના કિસિંગ સીનને કાતરનો સામનો કરવો પડે છે. જો આ માત્ર એકાદ ફિલ્મની વાત હોત તો કદાચ તેને અપવાદ કહી શકાત, પરંતુ ભારતીય સિનેમાનો ઇતિહાસ જોશો તો આ એક પેટર્ન છે. ફિલ્મના દૃશ્યો કાપવા પાછળ ચોક્કસ માપદંડ કે નિયમ જણાતો નથી. ક્યાંક કિસિંગ સીન્સ વધુ ઇન્ટેન્સ હોય, લાંબા હોય તો પણ રાખવામાં આવે છે તો ક્યાંક થોડી સેકન્ડ્સ માટે પણ કાપી નાખવામાં આવે છે. ભારતીય સેન્સર બોર્ડનું આ બેવડું વલણ ફક્ત ઇન્ટિમેટ દૃશ્યો માટે નથી. 'ધુરંધર'માં પાકિસ્તાન સામે વર્તમાન સરકારની વાહવાહી થતી હોય ત્યારે ખુલ્લી છૂટ હોય છે, પણ 'બેટલ ઓફ ગલવાન' જેવી ફિલ્મ્સમાં ચીનના ડરથી ફિલ્મમાં એ દેશનું ફક્ત નામ લેવાની પણ પરવાનગી નથી મળતી.

બોલિવૂડનાં ગીતોનો ઇતિહાસ પણ એટલો જ રસપ્રદ છે. 'મુન્ની બદનામ હુઈ', 'શીલા કી જવાની', 'ફેવિકોલ સે', 'બેબી ડોલ', 'ચિકની ચમેલી' અને 'ચોલી કે પીછે' જેવાં ગીતો વર્ષો સુધી દેશના લગ્ન પ્રસંગોમાં વાગતા રહ્યા છે. બાળકો પણ આ ગીતો પર ડાન્સ કરતા હતા અને પરિવારો પણ આનંદથી તેને માણતા હતા. આ ગીતોમાં ડબલ મીનિંગ શબ્દો, સૂચક સંકેતો અને મહિલાઓને એક આકર્ષક પ્રોડક્ટ તરીકે રજૂ કરવાની પરંપરા સ્પષ્ટ જોવા મળે છે. તેમ છતાં આ ગીતો લોકપ્રિય સંસ્કૃતિનો ભાગ બની ગયા.

આ વાત માત્ર ગીતો સુધી મર્યાદિત નથી. 'ગ્રાન્ડ મસ્તી', 'ક્યા કૂલ હૈ હમ' અને આવી અનેક કોમેડી ફિલ્મ્સે વર્ષો સુધી ડબલ મીનિંગ જોક્સ અને સેક્સ્યુઅલ હ્યુમરને પોતાની ઓળખ બનાવી. ઘણા સંવાદો એવા હતા કે પરિવાર સાથે બેઠા હોઈએ તો બાળકોને સમજાવવું મુશ્કેલ પડે, છતાં આ ફિલ્મ્સને સર્ટિફિકેટ મળ્યા, દર્શકો મળ્યા અને બોક્સ ઓફિસ પણ મળી.

દક્ષિણ ભારતીય સિનેમામાં પણ આ વિરોધાભાસ ઓછો નથી. 'પુષ્પાઃ ધ રાઇઝ'નું 'ઊ અંટાવા', 'પુષ્પા ૨'નું 'કિસ્સિક', 'વિક્રાંત રોણા'નું 'રા રા રક્કમ્મા', 'બીસ્ટ'નું 'અરેબિક કુથુ', 'ડાકુ મહારાજ'નું 'દાબીડી દાબીડી' અને આવાં અનેક ગીતો છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારે લોકપ્રિય થયા છે. સમસ્યા ગીતોમાં નથી. સમસ્યા એ છે કે ઘણીવાર કેમેરા મહિલાઓને કેવી રીતે જુએ છે. ગીતની રચના, કેમેરા મૂવમેન્ટ્સ, કોસ્ચ્યુમ અને એડિટિંગ બધું જ એક ચોક્કસ પ્રકારનું આકર્ષણ ઊભું કરવા માટે કામ કરે છે.

તાજેતરના વર્ષોમાં ઉર્વશી રૌતેલા અને જાન્હવી કપૂર માટે તેલુગુ સિનેમામાં તેમની આસપાસનો મોટો પ્રચાર તેમના અભિનય કરતાં વધુ તેમના લુક અને ગ્લેમર પ્રેઝન્ટેશન પર કેન્દ્રિત રહ્યો. અને પછી આવે છે હિંસાનો મુદ્દો. આજના સમયમાં ભારતીય સિનેમામાં હિંસા એક વેચાતી પ્રોડક્ટ બની ગઈ છે.

'એનિમલ', 'કેજીએફ', 'પુષ્પા', 'સલાર', 'જવાન', 'માર્કો' જેવી ફિલ્મ્સનો મોટો હિસ્સો હિંસા અને બદલાની ભાવના પર આધારિત છે. ટ્રેલરથી લઈને પોસ્ટર સુધી બધે જ એક જ સંદેશ હોય છે, હીરો આવશે, બધાને હરાવશે અને બદલો લેશે...દર્શકોને આ ગમે કે ન ગમે તે અલગ ચર્ચા છે, પરંતુ હકીકત એ છે કે હિંસા ઘણીવાર પ્રેમ કરતાં વધુ સરળતાથી સ્વીકારાઈ જાય છે. ક્યારેક એવું લાગે છે કે આપણા સમાજ માટે એક મુક્કો કિસ કરતાં વધુ સંસ્કારી છે.

ઘણા લોકોને યાદ હશે કે જેમ્સ બોન્ડની ફિલ્મ 'સ્પેક્ટર'ના કિસિંગ સીન પણ ભારતમાં ટૂંકા કરવામાં આવ્યા હતા. તે વખતે પણ સોશ્યલ મીડિયા પર મજાક ઊડી હતી. વર્ષો પછી આજે 'સુપરમેન' અને 'સ્પાઇડર-મેન'ને લઈને ફરી એ જ ચર્ચા થઈ રહી છે. ટેક્નોલોજી બદલાઈ ગઈ, દર્શકો બદલાઈ ગયા, જોવાની રીત બદલાઈ ગઈ, પરંતુ પ્રેમ પ્રત્યેનો સેન્સરશિપનો અભિગમ ખાસ બદલાયો નથી.

કદાચ સમસ્યા કિસિંગ સીનમાં નથી. સમસ્યા આપણા માપદંડોમાં છે. જો સેન્સર બોર્ડનું કામ ફિલ્મ્સને વર્ગીકૃત કરવાનું હોય તો તે સ્પષ્ટપણે કહી શકે કે કઈ ફિલ્મ કયા વયજૂથ માટે છે, પરંતુ જ્યારે બોર્ડ ફિલ્મ્સમાંથી પસંદગીપૂર્વક દૃશ્યો કાઢવાનું શરૂ કરે છે ત્યારે નૈતિકતાનો પ્રશ્ન ઊભો થાય છે, કારણ કે પછી લોકો પૂછે છે કે કાતર માત્ર પ્રેમ પર જ કેમ ચાલે છે?

ઓબ્જેક્ટિફિકેશન પર કેમ નહીં? ઝેરી સંબંધો પર કેમ નહીં? ડબલ મીનિંગ મનોરંજન પર કેમ નહીં? હિંસાના ગ્લોરિફિકેશન પર કેમ નહીં? ■

**લાસ્ટ શોટ**

*લોકશાહીમાં કળા પર કાતર ન ચાલે. ફિલ્મ્સને સેન્સર નહીં, સર્ટિફાય કરવી જોઈએ.*
*- કમલ હાસન*

ફિલ્મનામા
નરેશ શાહ

# ધ ક્રેશ: એક અકસ્માત જે બન્યો મર્ડર-મિસ્ટરી




સામાન્ય રીતે ડૉક્યુમેન્ટરી પ્રિડિક્ટેબલ હોય છે. આખી ઘટનાની આપણને આગોતરી જાણ હોય છે. આમ છતાં ડૉક્યુમેન્ટરી થકી એ સ્ક્રીન પર ફરી સજીવ થતી જોવાનો એકમાત્ર રોમાંચ તેમાં હોય છે, પરંતુ 'નેટફ્લિક્સ' પર તાજેતરમાં જ ઓનએર થયેલી 'ધ ક્રેશ' નામની ડૉક્યુમેન્ટરીમાં પ્રથમ વાર દર્શકોને સસ્પેન્સનો લાગેલો તડકો પણ માણવા મળે છે. 'ધ ક્રેશ' દેખીતી રીતે એક કાર અકસ્માત પર બનેલી સત્ય ઘટના પરની ડૉક્યુમેન્ટરી છે, પણ ફિલ્મોમાં મૃત્યુ પામેલું પાત્ર અંતમાં જીવતું જાગતું સામે આવે તો (હવે જરાક) ચોંકી જવાય એવું જ કંઈક આ ડૉક્યુમેન્ટરીમાં આપણને જોવા મળે છે. બેશક, મરેલો માણસ જીવતો નીકળે એમાં કે એવા સસ્પેન્સમાં હવે કાંઈ ચમત્કૃતિ રહી નથી, પણ 'ધ ક્રેશ' તમને રીતસર ઝટકો લાગે એવા અંત સાથે પૂરી થાય છે. ઈન્સાની ફિતરત પર નવેસરથી મણ મોંઢે ચચરાટ થાય એવા એ અકસ્માતની પહેલાં વિગતે વાત કરી લઈએ.

એ રાત ૨૪ જુલાઈ, ૨૦૨૨ની હતી. અમેરિકાના ઓરિયો રાજ્યના સ્ટ્રોન્ગસવિલા પરગણામાં મોડી રાતે પૂરપાટ ગતિથી એક કાર આગળ વધી રહી છે. આશરે બાર મિલિયનની વસ્તી ધરાવતું ઓરિયો સ્ટેટ આમ તો શિકાગો, ફિલાડેલ્ફિયા, ઇન્ડિયાના અને વેસ્ટ વર્જિનિયા સ્ટેટને અડીને, વચ્ચોવચ આવેલું છે. સ્ટ્રોન્ગસવિલા નામનું તેનું પરગણું પ્રમાણમાં નાનકડા નગર જેવું છે. મધરાતે એ નગરમાં નીકળેલી કારમાં વીસેક વરસની ઉંમરના ત્રણ જુવાન છે. ડ્રાયવિંગ કરી રહી છે મૈકેંજી શિરિલા નામની યુવતી. કારમાં તેની સાથે તેનો બૉયફ્રેન્ડ ડોમિનિક અને ડોમિનિકનો જ મિત્ર ડેવિયન છે, પરંતુ પોતાના નિશ્ચિત ઠેકાણે પહોંચવાની બદલે કાર એક મજબૂત વીલાની દીવાલ સાથે ટકરાય છે. અથડામણ એવી પ્રચંડ છે કે સ્થળ પર જ ડોમિનિક અને ડેવિયનનાં મૃત્યુ થાય છે. વહેલી સવારે સ્થાનિક પોલીસ પહોંચે છે ત્યારે કારમાં ગંભીર રીતે ઘાયલ થયેલી મૈકેંજી શિરિલા જીવતી મળે છે.

શિરિલાને હૉસ્પિટલાઇઝ કરવામાં આવે છે અને દિવસોની સારવાર પછી એ સાજી થાય છે. પ્રથમ દૃષ્ટિએ આ ઘટના એક ભીષણ અકસ્માત તરીકે જ પોલીસ ચોપડે નોંધાય છે, પરંતુ બનાવ કે વારદાત કે દુર્ઘટનાને જેમની તેમ સ્વીકારી લેવાની માનસિકતા પોલીસ કે ડિટેક્ટિવ એજન્સીની નથી હોતી. અકસ્માત થયો તો કેમ થયો, કાર ક્યાંથી નીકળી, ક્યાં જતી હતી, તેમાં બેઠેલા જુવાનિયાએ ડ્રગ્સ લીધેલું કે નહીં વગેરે બાબતોની પ્રાથમિક અને આવશ્યક તપાસ શરૂ થતાં પહેલાં જ પોલીસ જાહેરમાર્ગના સીસીટીવી ફુટેજ તપાસે છે.

કલાકના સો માઈલની ઝડપે જતી કારના સીસીટીવી ફુટેજ જોતાં જ શંકાનો કિડો સળવળે છે કે વળાંક હોવા છતાં કાર ધીમી કરવામાં નહોતી આવી કે બ્રેક મારવામાં નહોતી આવી. કેમ? શું કાર નશામાં ચલાવવામાં આવતી હતી? બસ. આ એક સવાલનો જવાબ જાણવાની તાલાવેલી પોલીસ સમક્ષ એવી એવી વાતોનો પટારો ખોલી આપે છે કે, આખરે પોલીસ કાર ચલાવી રહેલી મૈકેંજી શિરિલાની ધરપકડ કરે છે. તેની પર (કારમાં સાથે રહેલાં બૉયફ્રેન્ડ અને તેના ફ્રેન્ડ) ડોમિનિક અને ડેવિયનની હત્યા કરવાનો આરોપ લાગે છે. પોલીસ અકસ્માતગ્રસ્ત કારની આધુનિક મશીન સિસ્ટમનું 'પોસ્ટમૉર્ટમ' કરીને એ નતીજા પર પહોંચે છે કે કારમાં કોઈ ખામી નહોતી. ડ્રાઇવિંગ સીટ પર રહેલી શિરિલાએ ઇરાદાપૂર્વક બ્રેક મારવાને બદલે કારને દીવાલ સાથે અથડાવી દીધી હતી. પોલીસના ઇન્વેસ્ટિગેશનમાં શિરિલા અને તેના બૉયફ્રેન્ડના કથળી રહેલાં સંબંધોની વાત પણ સપાટી પર આવે છે અને... કોર્ટમાં પોલીસ એ પુરવાર કરી દે છે કે મૈકેંજી શિરિલાએ ઇરાદાપૂર્વક અને બૉયફ્રેન્ડ મૃત્યુ પામે એ રીતે જ કારનો અકસ્માત કર્યો હતો. ઓહિયોની કોર્ટ શિરિલાને પંદર વરસની જેલવાસની સજા ફટકારે છે.

'ધ ક્રેશ' ડૉક્યુમેન્ટરી જોતાં પહેલાં (અને આ વાંચતી વખતે) તમને સવાલ થશે કે બૉય ફ્રેન્ડની હત્યા કરવા માટે શિરિલા ખુદ કેમ ગંભીર ઘાયલ થઈ હશે? આ અને આવા અનેક સવાલોના જવાબ 'ધ ક્રેશ' ડૉક્યુમેન્ટરી આપે છે અને 'હોર્સીસ માઉથ' શૈલીથી આપે છે. હા, ડૉક્યુમેન્ટરીમાં જેલની સજા ભોગવી રહેલી શિરિલા (અને બધાના પેરેન્ટ્સ, તપાસનીશ અધિકાર વગેરે)ના ઇન્ટરવ્યૂ છે. હત્યાના મક્કમ ઇરાદા સાથે થયેલા આ 'ધ ક્રેશ'ને એક વખતે નજરે જોવા જેવો છે! ■




**તમારે ચિંતા કરવાનું કોઈ કારણ નથી. ચિંતા એ કરે જેણે ભૂલો કરી હોય. એમને આ ઘર છોડી ચાલ્યા જવું હોય તો ચાલ્યા જાય. ઠોકરો ખાશે એટલે પોતાની મેળે અક્કલ ઠેકાણે આવશે...**

'થોડા કલાકોમાં તમારા કેટલાં વર્ષો રીવાઈન્ડ થઈ ગયાં નહીં?'

'હા, સનત. મને જરા અજીબ લાગે છે. મારી કહાની કોઈને કહેવાની થશે એવું તો મેં કદી વિચાર્યું પણ નહોતું.'

'આપણે જે ન વિચાર્યું હોય તે થાય ત્યારે અજીબ લાગે. તમે આગળ વધો. એક રાતમાં તમારા મમ્મીમાં એવું શું પરિવર્તન આવ્યું કે સવારે તમાશો થયો?'

રૂટીનથી ટેવાયેલા શરીરે મને હંમેશના સમયે જ ઉઠાડી મૂકી. હું તે દિવસે મોર્નિંગ વોકમાં નીકળી ગયેલી. પણ ઘેર પહોંચતાં જ ફરી એજ કડવાશ સામે આવશે એ ખબર નહોતી. હું નહાઈને ટેબલ પર આવી ત્યારે મમ્મી પપ્પાની બાજુમાં બેઠી હતી. તેની આંખોમાં અનેરી ચમક હતી. થોડીવારે સંજય આવીને ખુરશી પર બેસી છાપું ઉપાડી લીધું. ચા આવી, નાસ્તો આવ્યો. મમ્મીથી જાણે રહેવાતું ન હતું. તેણે પપ્પાને પૂછી નાખ્યું, 'તમે હવે શું કરવાના છો? આઈ મીન આપણા ધંધા વિશે કહું છું.'

પપ્પાએ સંજય તરફ નજર કરતાં કહ્યું, 'અરે હા, ઠીક યાદ કરાવ્યું. હું એમ કહેતો હતો કે આપણે સાથે બેઠા છીએ તો અત્યારે ચર્ચા કરી લઈએ.' સંજય પપ્પાને તાકી રહ્યો. મને ખબર નહોતી કે ગઈ કાલથી શાંત રહેલો સંજય વિસ્ફોટ કરશે. પપ્પાએ ચાની ચુસ્કી ભરી કપ ટેબલ પર રાખતાં કહ્યું, 'છેલ્લાં એક વર્ષમાં આપણા એકબીજા સામેના પારિવારીક અસંતોષ બહાર આવ્યા છે. હું નથી ઈચ્છતો કે કોઈને અસંતોષ રહે. મારી એવી ઈચ્છા છે કે આપણી ઓફિસમાં મેનેજરની જગ્યા પર તને બેસાડું. સોનુએ હવે ત્યાં આવવાની અનિચ્છા જાહેર કરી છે. છતાં એ આવશે તો મને ગમશે.'

'મારે શું કરવાનું છે?' સંજય અજાણ્યા માણસની જેમ બોલ્યો. 'તું કહેવા શું માગે છે હું કંઈ સમજ્યો નહીં. તમે સમજવાના પણ નથી. કારણ કે તમારે સમજવું જ નથી. ગઈ કાલથી જે ખેલ ચાલે છે તેમાં અમે બેય ભાઈઓને સાઈડ લાઈન કરી નાખવામાં આવ્યા છે. તે શું અમે નહીં સમજતા હોઈએ?'

'એમાં સાઈડ લાઈન કરવાની વાત જ ક્યાં આવી છે સંજય? હું તો તારો પગાર નક્કી કરવાનું વિચારી રહ્યો છું. એટલું જ નહીં ઘરનો જે મેમ્બર કામ કરશે તેને પગાર મળશે.'

'વાહ! હવે અમને પગાર આપીને મને નોકર બનાવવા માગો છો.'

'સંજય તારે અવળો જ અર્થ લેવાનો હોય તો લે. બાકી નોકર બનાવી દેવાની વાત જ નથી. તને એમ ન થાય કે તું મફતમાં કામ કરે છે.'

'તમે બાપ, દીકરી અને પેલા વોરાએ અમને બહાર કાઢવા માટે જ વિચાર્યું છે. આને એક વર્ષ સુધી વાંધો ન આવ્યો અને અચાનક એવું તે શું થયું કે તમને જનરલ પાવર આપી દેવામાં આવ્યા પપ્પા? મીસ સોનલ ઝવેરીને ઓચિંતુ શું સુઝ્યું?'

મને થયું કે મારે બોલવું જોઈએ. મેં સંજય સામે જોઈ રહેતા કહ્યું, 'સંજય એક વર્ષમાં મેં જે વેઠ્યું છે તે ઓછું નથી. કાલે જયે મને ફોન કર્યો હતો. તેણે મારા માટે જે શબ્દો વાપર્યા છે તે સાંભળ્યા પછી પણ હું અહીં તમારી સામે બેઠી છું. તમે મને બહેન માનતા નથી અને માનવાના પણ નથી. તમને એવું લાગતું હતું કે મારા કારણે તમારા હક છીનવાયા છે મેં એટલે જ દૂર થઈ જવાનું નક્કી કર્યું છે.'

'આ બધા તારા નાટક છે. પપ્પા આ છોકરી બડી ચાલાક છે. તમારા ખભા પર બંદૂક રાખીને પોતાનું નિશાન તાકવા માગે છે. પણ એટલું યાદ રાખજે સોનલ, હું તારા ઈરાદા પાર પાડવા નહીં દઉં.'

'મારા કોઈ ઈરાદા જ નથી સંજય. મને બધું પચાવી પાડવું હોત તો તમે એક વર્ષ પછી આ ઘરમાં રહેતા પણ ન હોત.'

સંજયની આંખોમાં રીતસર ખુન્નસ તરી આવ્યું. તેણે મારી સામે ઝેરીલી આંખે જોતાં કહ્યું, 'એટલે તારો ઉપકાર ગણાવે છે એમ? શું તું એમ માને છે કે તેં આ ઘરમાં રહેવા ન દીધો હોત તો હું ફૂટપાથ પર આવી ગયો હોત?'

'સંજય તારે ઝઘડો જ કરવો હોય તો હું ઉઠી જાઉં. મારે મારી સવાર નથી બગાડવી.' પપ્પાએ કહ્યું.

'અમારી જિંદગી બગડવા બેઠી છે અને તમને તમારી સવારની પડી છે. પપ્પા તમને પાવરદાર બનાવવાની વાત આવી ત્યારે તમે એવું કહી શક્યા હોત કે સંજયને પાવરદાર બનાવો. પણ તમે એવું ન કહો, કારણ કે મમ્મી તમને ન કહેવા દે. મને બધો ખેલ સમજાય છે. હમણાં જ તમે મમ્મીને મેનેજર બનાવવાની વાત કરી. તમને ત્યારેય મારો વિચાર ન આવ્યો. તમે અમને આ ઘરમાંથી બહાર જ કાઢવા માગો છો. મને સમજાઈ ગયું છે. પણ તમે એમ ન માનશો કે તમારા સિવાય મારું કોઈ નથી. હું કંઈ એકલો નથી થઈ જવાનો.'

'તારા તો ઘણાંય સગાં છે સંજય. એવું છે તો પછી અમારા લોકોના ઉપકાર તળે શા માટે બેઠો છે. તને કોઈ તમીજ નથી કે કોની સાથે કઈ રીતે વાત થાય? તને એટલી સમજ પડે છે કે તું વેપારીનો દીકરો છો?' ક્યારથી ચૂપ બેઠેલી મમ્મીએ કહ્યું.

આ સાંભળી સંજય એકદમ ઉંચા અવાજે બોલ્યો, 'મને તો ખબર છે જ કે હું વેપારીનો દીકરો છું. તમે ક્યારે પેદાઈશી વેપારી હતા? તમે કઈ દુનિયામાંથી આવો છો અને શું કરતા હતા એ યાદ કરો. મને ઉશ્કેરો નહીં. નહીંતર તમારો ભૂતકાળ અહીં પપ્પા સામે જ ખોલીશ શું સમજો છો મને?' સંજય એટલા ઉંચા અવાજે બોલ્યો કે એક નોકર દોડી આવ્યો. સંજયના શબ્દોએ પપ્પાને એટલી હદે ઉશ્કેરી નાખ્યા કે તે ઊભા થઈ ગયા. ગુસ્સાથી ધ્રુજતા પપ્પાએ દરવાજા તરફ હાથ લાંબો કરતા કહ્યું, 'સંજય યુ નોન્સેન્સ. ગેટ આઉટ ફ્રોમ હીયર. આજથી મોઢું ન બતાવતો.'

સંજય દાંત ભીંસીને ધીમેથી ઊભો થયો અને નિર્મલાની બાંય પકડીને નજીક લાવતા કહ્યું, 'સાંભળી લીધું ને? તું કહેતી હતી ને કે પપ્પાજી અને સોનલબહેન બહુ સારા માણસ છે. જોઈ લીધી તે એમની નાલાયકી? ચાલ જલ્દી કર. બેગ ભર. આપણે અહીં નથી રહેવું.'

તેની પત્ની લાચાર આંખે અમને જોઈ રહી. સંજયે રીતસર તેને ધકેલી અને અમારા તરફ પાછો ફરી ખુન્નસ ભરી નજરે જોઈને બોલ્યો, 'પપ્પા હું હંમેશ માટે જાઉં છું. અમારી મા હોત તો અમારા હક્ક માટે લડત. સોનલ સાંભળ, તે અમારા સુખ ચેન છીનવી લીધા છે. તારા સુખ ચેન છીનવી ન લઉં ત્યાં સુધી મને શાંતિ નહીં થાય.' ઘરનું વાતાવરણ ભયંકર રીતે ડહોળાઈ ગયું. પપ્પા માથે હાથ દઈને બેસી ગયા. પણ મમ્મીના મોં પર દુખની એક રેખા નહોતી. જાણે જે કંઈ બન્યું તેના માટે સારું બન્યું હતું. પપ્પાની નજીક ખસતાં તેણે કહ્યું, 'એમાં માથે હાથ દઈને બેસવાની જરૂર નથી. તમારે ચિંતા કરવાનું કોઈ કારણ નથી. ચિંતા એ કરે જેણે ભૂલો કરી હોય. એમને આ ઘર છોડી ચાલ્યા જવું હોય તો ચાલ્યા જાય. ઠોકરો ખાશે એટલે પોતાની મેળે અક્કલ ઠેકાણે આવશે. ચાલો ચા પીઓ, આપણે નીકળવાનું છે.'

ઘરમાં મોટું મહાભારત ખેલાઈ ગયું હતું અને એ સ્ત્રીને પોતાને મળનારા પદમાં રસ હતો. નવાઈની વાત એ હતી કે બધું એની ઈચ્છા મુજબ બની રહ્યું હતું. મને ઘડીક લાગ્યું કે મેં પપ્પાને પાવરદાર બનાવીને કોઈ ભૂલ તો નથી કરીને? સાચું કહું તો મારું ધ્યાન તે વખતે ઉપરના ઓરડામાં હતું. એ ઓરડામાં એક મજબૂર સ્ત્રી અને બાળકો એક ઉછાંછળા પુરુષને કારણે ઘર છોડી જઈ રહ્યા હતા. ક્ષણ ક્ષણ પસાર થતી હતી તેમ મારું હૈયું આક્રંદ કરતું જતું હતું. મારે એક પ્રયાસ કરવો જ જોઈએ. મને અજીબ મૂંઝારો થવા લાગ્યો. હું ઝડપથી સંજયના રૂમમાં પહોંચી. સંજય કોઈ સાથે ફોન પર વાત કરી રહ્યો હતો. ભાભી બેગમાં કપડાં ભરી રહી હતી. સંજયના નાના છોકરાએ મારી સામે જોયું. એની આંખો જોઈ મારું કાળજું કપાઈ ગયું. મારી આંખમાં આંસુ જોઈને સંજયનો ગુસ્સો બેવડાયો. તેણે, હું પછી કોલ કરું છું કહીને ફોન કટ કર્યો અને મારી સામે તાડૂક્યો, 'શા માટે અહીં આવી છો? રડવાનું નાટક બંધ કર. તારા કારણે જ મારે આજે ઘર છોડવાનો સમય આવ્યો છે. આ વાત હું મરીશ ત્યાં સુધી ભુલીશ નહીં.'

હું તોય ઊભી રહી. મારી વિખેરાતી હિંમત એકઠી કરી મેં કહ્યું, 'સંજય તને એમ લાગતું હોય કે મારાં કારણે થયું છે તો ન જા. હું પોતે જ આ ઘર છોડીને ચાલી જવા તૈયાર છું. તારી જીદનો ભોગ આ બાળકોને શા માટે બનાવે છે?'

'તને કહ્યું ને કે ચાલી જા અહીંથી. મારું મગજ ઠેકાણે નથી. મારાથી ન થવાનું થઈ જશે. એ મારા છોકરા છે. અને યાદ રાખજે તને એવા માણસો વચ્ચે નાખી દઈશ જે તારા બદનને ચૂંથી નાખશે.'

સંજય જે બોલ્યો તેનો શો અર્થ થતો હતો તે હું બરાબર સમજી હતી. મારે હવે ત્યાં ઊભા રહેવાનું કોઈ કારણ નહોતું. હું રડતી આંખે મારા રૂમમાં આવી બેડ પર જઈને મેં પડતું મૂક્યું. દુઃખ અને આઘાતથી મારું હૈયું ચિરાતું હતું. આંસુ એકધારા વહે જતા હતા. થોડીવારે પપ્પા મારા રૂમમાં આવ્યા. મારી બાજુમાં બેસી મારા વાળ પર હાથ ફેરવતાં તેમણે કહ્યું, 'સોનું બેટા પપ્પા હજુ જીવે છે હોં. તું રડ નહીં દીકરા, તું કહીશ તો બધું એને આપી દઈશ. આપણે રાજસ્થાન ચાલ્યા જઈશું. આપણે સાથે રહીશું બસ. પ્લીઝ રડ નહીં.'

ખબર નહીં કેમ પણ પપ્પાએ રાજસ્થાનની વાત કહી તે સાંભળી મારા હૈયાના બંધ છુટી ગયા. કોઈ નાની છોકરીની જેમ હું પપ્પાને વળગીને જોરથી રડી પડી. પપ્પાની આંખો ભીની થઈ ગઈ. તે જ વખતે મમ્મી મારા રૂમમાં આવી. અમને બાપ દીકરીને રડતા જોઈ તેણે જરા કરડા સ્વરે કહ્યું, 'આમ રડો છો તે તમને બેયને સારું નથી લાગતું. નોકરો જોશે તો શું વિચારશે તેની ખબર છે?'

મને હતું કે મમ્મી નજીક આવશે. મારી પીઠ પર હાથ ફેરવશે. મને સાંત્વના આપશે. પણ તેણે તો પપ્પાનો હાથ પકડતાં કહ્યું, 'ચાલો ઊભા થાવ. એ તમારો દીકરો છે, બાપ નહીં. એને જવું હોય તો ભલે જાય. ચાલો ઓફીસે જવાની તૈયારી કરો અને સોનલ તું પણ રડવાનું બંધ કર. મમ્મી અને પપ્પા મારા રૂમમાંથી નીકળી ગયા. મને સમજાતું નહોતું કે જે માણસ મને પોતાની દુશ્મન સમજે છે. તેના તરફ મને શા માટે લાગણી જાગે છે. મારા મનમાં વિચિત્ર તોફાન હતું. જે મને જ સમજાતું નહોતું. મેં શીખેલું સાઈકોલોજીનું બધું જ્ઞાન નિરર્થક સાબિત થઈ રહ્યું હતું. મેં, સંજય અને તેના છોકરાના બહાર જવાના અવાજ સાંભળ્યા. હું બહાર દોડી ગઈ. પૂતળાની જેમ સૌ સંજય તેની પત્ની અને બાળકોને ઘરની બહાર જતા જોઈ રહ્યા હતા. ખબર નહીં કે અચાનક સંજયના નાના છોકરાએ મારી સામે હાથ હલાવ્યો. મારી જાણ બહાર જ મારાથી ધ્રુસકો મુકાઈ ગયો. કિંમતી વસ્તુઓથી સજાવેલા અમારા ડ્રોઈંગ રૂમમાં ફેલાઈ ગયો.

મેં ફરી મારા રૂમમાં દોટ મૂકી અને રૂમ અંદરથી બંધ કરી દીધો. મારા રૂમની ટેબલ પર મૂકેલી મારી મમ્મીની છબી મને તાકી રહી હતી.

(ક્રમશઃ)■

# આયરલૅન્ડને મેઘરાજા નડ્યા, વન-ડે ટીમને થયું મોટું નુકસાન

બ્રેડીઃ આયરલૅન્ડ માટે જૂન મહિનો ભારતને ટી-૨૦ સિરીઝમાં પરાજિત કરવા બદલ ઐતિહાસિક સાબિત હતો, પણ જુલાઈ મહિનો અપશુકન લઈને આવ્યો છે. વાત એવી છે કે અફઘાનિસ્તાન સામેની આયરલૅન્ડની વન-ડે મૅચ ધોવાઈ જતાં આઇરિશ ટીમે ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપમાં સીધી એન્ટ્રી મેળવવાની તક ગુમાવી દીધી છે.

અફઘાન ટીમ સામે સિરીઝની પ્રથમ વન-ડે બ્રેડીમાં રમાવાની હતી, પણ એકધારો વરસાદ થતાં ટૉસ સુદ્ધાં નહોતો થઈ શક્યો એટલે આયરલૅન્ડે આઇસીસી રૅન્કિંગને આધારે આવતા વર્ષના વિશ્વ કપમાં સીધો પ્રવેશ મેળવવાનો મોકો ગુમાવી દીધો. આયરલૅન્ડે હવે ક્વૉલિફાઇંગ રાઉન્ડમાં રમવું પડશે.

વરસાદને કારણે આયરલૅન્ડ અને અફઘાનિસ્તાન વચ્ચેની મૅચ ન રમાતાં બન્ને ટીમને એક-એક પૉઇન્ટ આપી દેવાયો હતો. આગામી ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં ટોચના આઠ સ્થાને રહેનારી ટીમને વર્લ્ડ કપમાં સીધો પ્રવેશ મળી જશે, પણ બાકીની ટીમોએ ક્વૉલિફાઇંગ રાઉન્ડમાં રમવું પડશે.

૨૦૨૩માં ભારતમાં યોજાયેલા પાછલા વન-ડે વર્લ્ડ કપ વખતે પણ આયરલૅન્ડે ક્વૉલિફાઇંગ રાઉન્ડના સંઘર્ષમાંથી પસાર થવું પડ્યું હતું. ત્યારે સુપર સિક્સ ક્વૉલિફાયર્સમાં આયરલૅન્ડનો પરાજય થતાં એણે વર્લ્ડ કપની બહાર થઈ જવું પડ્યું હતું. દરમ્યાન, આયરલૅન્ડ અને અફઘાનિસ્તાન વચ્ચે વન-ડે સિરીઝની બાકીની ચાર મૅચ શુક્રવારથી આવતા શનિવાર દરમ્યાન રમાશે. પૉલ સ્ટર્લિંગ આયરલૅન્ડનો અને રહમત શાહ અફઘાનિસ્તાનનો કૅપ્ટન છે. ■

# ક્રિકેટની પિચ પર ફીલ્ડરે કર્યો 'ગોલ': આવો અંત ક્યારેય નહીં આવ્યો હોય!



નવી દિલ્હીઃ બે દિવસ પહેલાં દિલ્હી પ્રીમિયર લીગ (ડીપીએલ)માં એક મેચમાં હિમ્મત સિંહ નામના ફીલ્ડરે મિસફીલ્ડિંગ બાદ અકસ્માતે બૉલને કિક મારી જેમાં બૉલ નૉન-સ્ટ્રાઇક એન્ડ પરના સ્ટમ્પ્સ પર ગયો હતો અને સામેથી દોડીને આવતો બૅટ્સમૅન રનઆઉટ થઈ ગયો હતો જેને પગલે મૅચ ત્યાં જ પૂરી થઈ જવાને બદલે સુપર ઓવરમાં ગઈ હતી.

અરુણ જેટલી સ્ટેડિયમમાં આઉટર દિલ્હી વૉલિયર્સ નામની ટીમે ૧૫૬ રનનો લક્ષ્યાંક મેળવવા અંતિમ બૉલમાં એક જ રન બનાવવાનો હતો. પ્રથમ સલુજા નામના બૅટ્સમૅને બૉલને મિડ-ઑન તરફ મોકલ્યો અને વિનિંગ રન લેવા દોડ્યો હતો. સામેની દિશામાં ન્યૂ દિલ્હી ટાઇગર્સ ટીમનો કૅપ્ટન હિમ્મત સિંહ આગળ આવીને બૉલ રોકવા ગયો, પણ મિસફીલ્ડને કારણે બૉલ કલેક્ટ નહોતો કરી શક્યો. પોતાની ભૂલનો તેને ખૂબ પસ્તાવો થયો હતો અને હતાશામાં તેણે બૉલને લાત મારી હતી. યોગાનુયોગ, તેની લાતમાં બૉલ સીધો સ્ટમ્પ્સમાં ગયો હતો. સલુજા ત્યારે ક્રીઝમાં નહોતો પહોંચ્યો અને તે રનઆઉટ થઈ ગયો હતો. થોડી ક્ષણ સુધી હિમ્મત સિંહને કંઈ સમજાયું જ નહોતું, પણ સાથી ખેલાડીઓએ એ વિકેટ સેલિબ્રેટ કરવાનું શરૂ કર્યું ત્યારે હિમ્મતને સમજાયું કે પોતાની કિકમાં તેણે સલુજાને રનઆઉટ કરી દીધો છે. ફિફા વર્લ્ડ કપ થોડા દિવસ પહેલાં જ પૂરો થયો એટલે બની શકે કે હતાશામાં ક્રિકેટર હિમ્મતમાં ફૂટબોલર પ્રવેશ્યો અને તેની કિકમાં તેની ટીમને બહુમૂલ્ય વિકેટ મળી ગઈ. ટૂંકમાં, તેની ડાયરેક્ટ હિટ હાથથી નહીં, પણ પગથી થઈ હતી. મેચ સુપર ઓવરમાં ગઈ હતી, જેમાં આઉટર દિલ્હીની ટીમ મુખ્ય મૅચમાં હિમ્મત સિંહના કિકવાળા રનઆઉટના કિસ્સા પછી પણ મૅચ જીતવામાં સફળ થઈ હતી. ■

# કાંદિવલીનો જૈન સમાજનો તીરંદાજ દાદાના દેહાંતના ચાર દિવસ બાદ જીત્યો આઠ મેડલ અને બે ટ્રોફી

### ૧૧ વર્ષના પાનવ શાહે મુંબઈ મેયર કપમાં મહારાષ્ટ્રનું નામ રોશન કર્યું અને ગ્રૅન્ડફાધરને ભાવભરી અંજલિ આપી

*અજય મોતીવાલા*

મુંબઈઃ સામાન્ય રીતે ટૅલન્ટેડ અને બાહોશ ઍથ્લીટ કે ખેલાડીએ સાનુકૂળ સંજોગોમાં સંકલ્પશક્તિ તથા ભરપૂર આત્મવિશ્વાસથી ચંદ્રક જીતી લીધો હોય એવું આપણે ઘણી વખત જોયું છે, પરંતુ કાંદિવલી (પશ્ચિમ)માં રહેતા ૧૧ વર્ષની ઉંમરના તીરંદાજ પાનવ કેતન શાહે તાજેતરમાં કપરી, દુખદ, પ્રતિકૂળ અને સંઘર્ષભરી પરિસ્થિતિમાં ચાર દિવસની અંદર જે થોકબંધ સિદ્ધિઓ મેળવી એ ઘટના અજોડ છે. તેણે અંધેરી સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સના સહાજી રાજે ભોસલે ક્રીડા સંકુલમાં આયોજિત મુંબઈ મેયર કપ નૅશનલ ફીલ્ડ ઇન્ડોર આર્ચરી ચૅમ્પિયનશિપ, ૨૦૨૫-'૨૬ની મેડલ કાઉન્ટની હરીફાઈઓમાં કુલ ચાર ગોલ્ડ મેડલ, ચાર સિલ્વર મેડલ અને બે ટ્રોફી જીતીને જૈન સમાજનું, મુંબઈનું, મહારાષ્ટ્ર રાજ્યનું તેમ જ ભારતનું નામ રોશન કર્યું છે. તેણે સાબિત કર્યું છે કે ખરો ચૅમ્પિયન તેને કહેવાય જે અનુકૂળ સંજોગોમાં જ નહીં, પણ સ્વજન ગુમાવ્યા પછીની આપત્તિની સ્થિતિમાં જીતીને તેમને આપેલું વચન પાળીને તેમને હૃદયપૂર્વક અંજલિ આપે અને અન્યો માટે પ્રેરણારૂપ બને.

વિશા શ્રીમાળી શ્વેતાંબર જૈન જ્ઞાતિનો અને મૂળ ઉત્તર ગુજરાતના પાટણનો પાનવ શાહ સાતમા ધોરણમાં ભણે છે અને તેણે બૃહદમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) દ્વારા આયોજિત મુંબઈ મેયર કપ નામની તીરંદાજી (આર્ચરી)ની રાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાત સહિત ૧૫થી વધુ રાજ્યોના પ્રતિસ્પર્ધીઓ વચ્ચે આ મુજબના ચંદ્રકો તથા ટ્રોફી પર કબજો કર્યો હતોઃ (૧) નૅશનલ ડિવિઝનઃ કૅટેગરી-૧ (અન્ડર-૧૭)માં ઇન્ડિવિજ્યૂઅલમાં એક ગોલ્ડ મેડલ તથા ટીમ ઇવેન્ટમાં એક ગોલ્ડ મેડલ તેમ જ ઇન્ડિવિજ્યૂઅલમાં એક ટ્રોફી. (૨) કૅટેગરી-૨ (અન્ડર-૧૪)માં ટીમ ઇવેન્ટમાં એક ગોલ્ડ મેડલ અને ઇન્ડિવિજ્યૂઅલમાં એક સિલ્વર મેડલ. (૩) મુંબઈ ડિવિઝનઃ કૅટેગરી-૧ (અન્ડર-૧૪)માં ઇન્ડિવિજ્યૂઅલમાં એક ગોલ્ડ મેડલ તથા ટીમ ઇવેન્ટમાં એક સિલ્વર મેડલ. (૪) કૅટેગરી-૨ (અન્ડર-૧૭)માં ઇન્ડિવિજ્યૂઅલમાં એક સિલ્વર મેડલ અને ટીમ ઇવેન્ટમાં એક સિલ્વર મેડલ. (૫) ઓવરઑલ વિનર 'ટીમ મહારાષ્ટ્ર': ટ્રોફી વિજેતા.





મુંબઈ મેયર કપ આર્ચરી સ્પર્ધા ૩૦મી જુલાઈથી બીજી ઑગસ્ટ સુધી યોજાઈ હતી. પાનવના પિતા કેતનભાઈએ 'મુંબઈ સમાચાર'ને કહ્યું, '૨૭મી જુલાઈએ મારા પિતાનું કોલકાતામાં દેહાંત થયું એના અગાઉના દિવસે (૨૬મીએ) તેમણે પૌત્ર પાનવને આશીર્વાદ આપતા કહ્યું હતું કે મુંબઈની સ્પર્ધામાં ખૂબ સફળતાઓ મેળવજે અને ટૂર્નામેન્ટ પછી એના ફોટા શૅર કરજે. જોકે મારા પિતાશ્રીનું ૨૭મીએ અવસાન થયું એટલે અમે બધા શોકમગ્ન થઈ ગયા હતા. અમે બધા મારા પિતાશ્રીના અંતિમ સંસ્કાર માટે મુંબઈથી કોલકાતા ગયા હતા અને પાનવની ટૂર્નામેન્ટ હોવાથી પાછા મુંબઈ આવી ગયા હતા.'

કેતનભાઈએ પરિવાર પર આવી પડેલી આ આપત્તિની વાત કરતા વધુમાં કહ્યું, '૩૦મી જુલાઈએ (ટૂર્નામેન્ટના પ્રથમ દિવસે) પાનવની તબિયત સારી નહોતી. તેને ૧૦૨ ડિગ્રી ફેરનહીટ તાવ હતો અને આંખમાં ઇન્ફેક્શન થયું હતું. અમે બધા વધુ ચિંતામાં મુકાઈ ગયા હતા, પરંતુ પાનવે ગજબના ધૈર્ય, સંકલ્પશક્તિ અને આત્મવિશ્વાસથી મુંબઈ મેયર કપમાં અસાધારણ પર્ફોર્મ કર્યું અને સિલસિલાબંધ ચંદ્રકો તથા ટ્રોફી જીતી લીધા હતા. તે પહેલી વખત એક ટૂર્નામેન્ટમાં આટલા બધા ચંદ્રકો જીત્યો છે. તેણે આ સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સથી તેના દાદાજીને પરફેક્ટ અંજલિ આપી છે.'

પાનવ શાહ ચાર વર્ષમાં સ્થાનિકથી માંડીને રાષ્ટ્રીય સ્તર સુધીમાં કુલ ૨૦ ગોલ્ડ મેડલ, છ સિલ્વર મેડલ અને છ બ્રૉન્ઝ મેડલ તેમ જ ટ્રોફીઓ જીત્યો છે અને આંતરરાષ્ટ્રીય ફલક પર પણ મોટી સફળતાઓ મેળવવા મક્કમ છે. ■

# હાર્દિક પંડ્યા શું કોલકાતા નાઇટ રાઇડર્સ વતી રમશે? રહાણેના સ્થાને કૅપ્ટન બનશે?

કોલકાતાઃ હાર્દિક પંડ્યા આઇપીએલની પાંચ ટાઇટલ-વિજેતા ટીમ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) સાથેની બીજી મુદતમાં (કૅપ્ટન તરીકે) નિષ્ફળ ગયો એ સાથે હવે તે (ટ્રેડ ડીલમાં) બીજી કોઈ ટીમ સાથે જોડાઈ જશે એવી જોરદાર ચર્ચા વચ્ચે એક અહેવાલમાં જણાવાયું છે કે હાર્દિક કદાચ કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)માં જોડાઈ જશે અને અજિંક્ય રહાણેના સ્થાને તેને કદાચ કૅપ્ટન્સી સોંપવામાં આવશે.

પાંચ ટ્રોફી જીતી ચૂકેલા ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)નું ફ્રૅન્ચાઇઝી હાર્દિકને મેળવવા ૨૦ કરોડ રૂપિયા સુધીનો ખર્ચ કરવા તૈયાર છે એવું થોડા દિવસ પહેલાં એક અહેવાલમાં જણાવાયું ત્યાર બાદ હવે એવી વાત ઊડી છે કે તેને મેળવવા કોલકાતાનું ફ્રૅન્ચાઇઝી પ્રયત્નશીલ છે. હાર્દિકને ટીમમાં સમાવી લેવા તો ઠીક, તેને કેકેઆરનો કૅપ્ટન બનાવવામાં આવશે એવી પણ વાત સંભળાઈ રહી છે.

૨૦૨૨માં હાર્દિકની કૅપ્ટન્સીમાં ગુજરાત ટાઇટન્સે ડેબ્યૂ સીઝનમાં જ ટ્રોફી જીતી લીધી હતી અને ૨૦૨૩માં એ ટીમ રનર-અપ બની હતી. છેલ્લી બે સીઝનમાં અજિંક્ય રહાણેએ કેકેઆરની કૅપ્ટન્સી સંભાળી હતી, પરંતુ રહાણેએ તાજેતરમાં જ ક્રિકેટના તમામ ફૉર્મેટમાંથી સંન્યાસ લઈ લીધો છે અને કેકેઆરનું ફ્રૅન્ચાઇઝી હવે નવા કૅપ્ટનની શોધમાં છે.હાર્દિકની આઇપીએલ કરીઅર પર એક નજર કરીએ તો તે આ ટૂર્નામેન્ટમાં ૧૬૨ મૅચ રમ્યો છે જેમાંથી ૧૫૦ મૅચમાં તેને બૅટિંગ કરવા મળી છે. એમાં તેણે કુલ ૧૪૬.૨૮ના સ્ટ્રાઇક-રેટ સાથે કુલ ૨,૯૫૫ રન બનાવ્યા છે જેમાં ૧૦ હાફ સેન્ચુરી સામેલ છે. કુલ ૧૧૬ મૅચમાં તેણે બોલિંગ કરી છે અને એમાં કુલ ૮૨ વિકેટ લીધી છે અને ૫/૩૬ તેનો બેસ્ટ પર્ફોર્મન્સ છે. ■

# ૧૫મી તારીખ આવવા દો, બધા જવાબ આપી દઈશુંઃ ગંભીર કેમ આવું કહે છે?

કોલંબોઃ છેલ્લાં સવા વર્ષમાં ભારતે ઘરઆંગણે ટેસ્ટ-ક્રિકેટમાં જરાય સારું પર્ફોર્મ નથી કર્યું, પણ શ્રીલંકા પહોંચ્યા બાદ હેડ-કોચ ગૌતમ ગંભીર ટેસ્ટ સિરીઝની બાબતમાં સિરિયસ બન્યો છે અને કહ્યું છે કે '૧૫મીએ ગૉલમાં શ્રીલંકા સામે બે મૅચની ટેસ્ટ-સિરીઝ શરૂ થતાં જ અમારી ટીમ બધા જ જવાબ આપવા માટે તૈયાર રહેશે.'

ગૉલમાં ભારત અને શ્રીલંકા વચ્ચેની પ્રથમ ટેસ્ટ ૧૫મી ઑગસ્ટે (સવારે ૧૦.૦૦ વાગ્યે) શરૂ થશે. અહીં પ્રૅક્ટિસ-સેશન પહેલાં ટીમને કરેલા ટૂંકા સંબોધનમાં ગંભીરે નવા ખેલાડીઓ સ્પિન-ઑલરાઉન્ડર સારાંશ જૈન અને પેસ બોલર આકિબ નબીને માનભેર વેલકમ આપ્યું હતું. ગંભીરે બીસીસીઆઇ દ્વારા સોશ્યલ મીડિયામાં શૅર કરવામાં આવેલા વીડિયોમાં કહ્યું છે, 'અમારી સામે કઈ પરિસ્થિતિ અને કેવી જવાબદારીઓ છે એ વિશે અમે પૂર્ણપણે સજાગ છીએ. આપણા ખેલાડીઓ તમામ પ્રકારની અપેક્ષાઓ પરિપૂર્ણ કરવા કોઈ કસર બાકી નહીં રાખે. ૧૫મી ઑગસ્ટની સવારે અમે બૅટિંગ કરીશું કે બોલિંગ, અમે દરેક પ્રકારના જવાબ આપવા તૈયાર થઈ જઈશું. અમને જે પણ સવાલ કરવામાં આવ્યા છે એના જવાબ મળી જશે.'

ડિસેમ્બરમાં ઘરઆંગણે સાઉથ આફ્રિકા સામે ૦-૨થી હાર થઈ ત્યાર પછી આઇસીસી વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની નવી સીઝનમાં ભારતની આ પહેલી જ સિરીઝ છે. સારાંશ જૈને મધ્ય પ્રદેશ વતી સતત સારું પર્ફોર્મ કર્યું એ બદલ તેને ટીમ ઇન્ડિયા વતી ડેબ્યૂ કરવાની તક અપાઈ છે. આકિબ નબીએ ગઈ સીઝનમાં જમ્મુ-કાશ્મીરને રણજી ટ્રોફીનું ટાઇટલ અપાવવામાં નબીનું મોટું યોગદાન હતું. ■









'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| दूषित | ગામ |
| देहरी | ખરાબ |
| देहात | ઉંબરો |
| देहांत | નરક |
| दोजख | મરણ |

## જાણવા જેવું

ગુજરાતી પરિવારમાં જન્મેલા મનોજ જોશીનું શાળા શિક્ષણ મરાઠી માધ્યમમાં થયું હતું. મરાઠી પર અનેરું પ્રભુત્વ હોવાને કારણે અભિનેતાએ 'રાવ' અને 'આભાળમાયા' જેવી મરાઠી ટીવી સિરિયલોમાં કૌવત દેખાડ્યું હતું. મણિરત્નમની 'ગુરુ'માં નાનકડી ભૂમિકામાં પણ દર્શકોના સ્મરણમાં રહી ગયો હતો.

## ગુજરાત મોરી મોરી રે

મૂંગી ફિલ્મોના દોરમાં અતિ ખર્ચાળ ગણાયેલી 'વીર અભિમન્યુ' અને 'મોજીલી મુંબઈ'ના દિગ્દર્શક કોણ હતા એ કહી શકશો ?

અ) ચાંપશીભાઈ નાગડા
બ) રવીન્દ્ર વૈદ્ય
ક) જયંત દેસાઈ
ડ) મણિલાલ જોશી

## નોંધી રાખો

*ચોપડા બંધુઓની 'ધર્મપુત્ર' ફિલ્મ શશી કપૂરની પ્રથમ ફિલ્મ હોવા ઉપરાંત કમેડિયન દેવેન વર્માની પણ પહેલી જ ફિલ્મ હતી.*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | | ■ | ૭ | | ■ | |
| ૮ | ૯ | | ■ | ■ | ૧૦ | ■ | ૧૧ | | |
| ૧૨ | | ■ | ૧૩ | ■ | ૧૪ | ૧૫ | ■ | ■ | |
| ■ | | ■ | ૧૬ | | ■ | ૧૭ | | ૧૮ | |
| ૧૯ | | | | ■ | ૨૦ | | ■ | | ■ |
| | ■ | ■ | ૨૧ | ૨૨ | ■ | | ■ | ૨૩ | ૨૪ |
| ૨૫ | | ૨૬ | ■ | | ■ | ■ | ૨૭ | | |
| | ■ | ૨૮ | | ■ | ૨૯ | | | ■ | |
| ૩૦ | | | ■ | ૩૧ | | ■ | ૩૨ | | |

### આડી ચાવી

૧. બાળપણ (૩)
૩. તિરસ્કાર (૨)
૪. અફવા, ઊડતી વાત (૩)
૭. પથારી (૨)
૮. પીડા, આપદા (૩)
૧૧. ડરપોક (૩)
૧૨. વૃદ્ધાવસ્થા (૨)
૧૪. ભાર (૨)
૧૬. હાથ (૨)
૧૭. રૂબરૂ (૪)
૧૯. નાખુશી, ખોફ (૪)
૨૦. --- તેવો ઓડકાર (૨)
૨૧. એક ઝેરી જંતુ (૨)
૨૩. ભૂખ ન જુએ સૂકો --- (૨)
૨૫. ધારો, કાયદો (૩)
૨૭. પેદાશ, કમાણી (૩)
૨૮. ચોક્કસ, જરૂર (૨)
૨૯. પિત્રાઈ (૩)
૩૦. અંગારો, દેવતાની ચિનગારી (૩)
૩૧. દેવાદાર, કરજદાર (૨)
૩૨. આધાર, ભરોસો (૩)

### ઊભી ચાવી

૧. હિમાલય (૪)
૨. નાવ, મોટો મછવો (૩)
૩. ઘી (૨)
૪. ઉચિત, યોગ્ય (૩)
૫. મોહક (૫)
૯. સમારકામ, જીર્ણોદ્ધાર (૪)
૧૦. કાબેલ, પક્કો (૨)
૧૩. સાથે જીવન ગુજારતું (૪)
૧૫. નરક, દોજખ (૪)
૧૮. આદર, પ્રેમ (૪)
૧૯. માણસાઈ, સજ્જનતા (૫)
૨૨. ચામાચીડિયું (૨)
૨૪. નસીબ, ભાગ્ય (૪)
૨૬. મનુષ્ય તરીકેની જિંદગી (૩)
૨૭. જીવ, જીવાત્મા (૩)
૨૯. બેનની દીકરી (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઓ | ■ | ૨ અ | ધ | ૩ ર | ■ | ૪ શા | ણું | ■ | ૫ ચા |
| ૬ સ | ૭ મ | ગ્ર | ■ | ૮ ટ | કો | ર | ■ | ૯ વા | ડી |
| ■ | ૧૦ જા | ગ | ર | ણ | ■ | ■ | ૧૧ હુ | રિ | યો |
| ૧૨ અ | ર | ણ્ય | ■ | ■ | ૧૩ જ | ૧૪ વા | બ | ■ | ■ |
| ■ | વા | ■ | ૧૫ આ | ણ | ■ | ૧૬ બ | હુ | ૧૭ વિ | ધ |
| ૧૮ અ | ડો | ૧૯ અ | ડ | ■ | ૨૦ સ | સ્તું | ■ | તં | ■ |
| ■ | ■ | ૨૧ દ | શ | કો | ■ | ■ | ૨૨ સ | ડા | કો |
| ૨૩ હ | ૨૪ લ | કું | ■ | ■ | ૨૫ આ | બો | હ | વા | ■ |
| ૨૫અ રા | ગી | ■ | ૨૬ ખી | લા | ફ | ■ | ૨૭ કા | દ | ૨૮ વ |
| યું | ■ | ૨૯ ભે | જ | ■ | ૩૦ ત | ત્પ | ર | ■ | ન્ય |

## ઓળખાણ પડી?

'જ્યુબિલી કુમાર' તરીકે ખ્યાતિ મેળવનારા રાજેન્દ્ર કુમાર સાથે નજરે પડતી સાઉથની ફિલ્મોની હિરોઈનની ઓળખાણ પડી?



અ) રાગિણી   બ) પદ્મિની   ક) જમુના   ડ) કે. વિદ્યા

## ચતુર આપો જવાબ   માથું ખંજવાળો

અનેક ફિલ્મોમાં હીરો તેમજ આદરણીય વડીલની ભૂમિકા કરનારા અશોક કુમારની નેગેટિવ રોલની ફિલ્મનું નામ કહેશો?

અ) સફર   બ) જ્વેલ થીફ   ક) ઊંચે લોગ   ડ) ચલતી કા નામ ગાડી

## માઈન્ડ ગેમ

રાજ કપૂરની 'બરસાત'થી ગીતકાર તરીકે ઝળકી ગયેલા શૈલેન્દ્રએ એક ચિત્રપટનું નિર્માણ કર્યું હતું એનું નામ જણાવો.

અ) ગૃહસ્થી   બ) તીસરી મંઝિલ   ક) બહુરાની   ડ) તીસરી કસમ

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૯ | | ૨ | | ૫ | |
| ૫ | ૨ | ૬ | | | | ૮ | ૩ | ૯ |
| | | | ૮ | ૫ | ૬ | | | |
| ૧ | | | ૩ | | ૯ | | | ૪ |
| | | ૯ | | | | ૩ | | |
| ૬ | | | ૪ | | ૧ | | | ૮ |
| | | | ૬ | ૨ | ૮ | | | |
| ૨ | ૮ | ૭ | | | | ૪ | ૧ | ૬ |
| | ૬ | | ૭ | | ૪ | | ૮ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૩ | ૬ | ૧ | ૮ | ૯ | ૫ | ૭ |
| ૯ | ૬ | ૧ | ૫ | ૭ | ૩ | ૨ | ૪ | ૮ |
| ૭ | ૫ | ૮ | ૯ | ૪ | ૨ | ૩ | ૬ | ૧ |
| ૩ | ૮ | ૬ | ૨ | ૫ | ૪ | ૧ | ૭ | ૯ |
| ૪ | ૯ | ૭ | ૮ | ૩ | ૧ | ૫ | ૨ | ૬ |
| ૫ | ૧ | ૨ | ૭ | ૯ | ૬ | ૪ | ૮ | ૩ |
| ૮ | ૩ | ૯ | ૪ | ૨ | ૭ | ૬ | ૧ | ૫ |
| ૧ | ૭ | ૪ | ૩ | ૬ | ૫ | ૮ | ૯ | ૨ |
| ૬ | ૨ | ૫ | ૧ | ૮ | ૯ | ૭ | ૩ | ૪ |

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| दुलारा | લાડકું |
| दुश्वार | મુશ્કેલ |
| दुश्चरित | દુરાચારી |
| दूल्हा | વર |
| दूरंदेशी | અગમચેતી |

**ગુજરાત મોરી મોરી રે:** રાણકદેવી

**ઓળખાણ પડી?** મોહરા

**માઈન્ડ ગેમ :** સુનીલ દત્ત

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** મિસ મેરી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) મુલરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભરત કજરિયા (૭) હરિહર ભટ્ટ (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પ્રવીણ વોરા (૧૩) લજિતા ખોના (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) મહેશ સંઘવી (૧૭) ભાવના કર્વે (૧૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) કમલ માતલિયા (૨૪) નંદુભાઈ અ. ગોઠી (૨૫) વિણા સંપટ (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) જયવંત પદમશી ચિખલ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૧) અલકા વાણી (૩૨) નિતીન જયંતીલાલ બજરિયા (૩૩) ધીરેન્દ્ર ઉદેશી (૩૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૫) તાહેર ઔરંગાબાદવાલા (૩૬) શીરીન ઔરંગાબાદવાલા (૩૭) અબ્દુલ્લા એફ.મુનીમ (૩૮) નીતા દેસાઈ (૩૯) પુષ્પા પટેલ (૪૦) મહેશ દોશી (૪૧) સુભાષ મોમાયા (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) પ્રતિમા પમાણી (૪૪) ભામિની સંપટ (૪૫) રમેશ દલાલ (૪૬) હિના દલાલ (૪૭) જ્યોત્સના ગાંધી (૪૮) ઈનાક્ષી દલાલ (૪૯) કુંદન કે. મારુ

# હાઈ કોર્ટે મહારાષ્ટ્રના રેસિડેન્ટ ડૉક્ટરોને હડતાળ પાછી ખેંચવાનો આદેશ આપ્યો

મુંબઈ : મહારાષ્ટ્ર મેડિકલ કાઉન્સિલ હેઠળ હોમિયોપથ્સની નોંધણીના વિરોધમાં મહારાષ્ટ્રભરના રેસિડેન્ટ ડૉક્ટરો હડતાળ પર ઊતર્યા છે, જેના કારણે રાજ્યભરની હૉસ્પિટલોમાં દર્દીઓ પર થતી વ્યાપક અસર અંગે ચિંતા વ્યક્ત કરતા, બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે તેમને તાત્કાલિક હડતાળ પાછી ખેંચવાનો આદેશ આપ્યો હતો.

કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગે અને ન્યાયાધીશ ગૌતમ અંખડની ખંડપીઠે આ હડતાળની સ્વતઃ (સૂઓ મોટો) નોંધ લીધી હતી અને ચેતવણી આપી હતી કે જો વિરોધ કરી રહેલા તબીબો તાત્કાલિક કામ પર પાછા નહીં ફરે તો તેમનું વેતન અટકાવી દેવામાં આવશે. બેન્ચે ભારપૂર્વક જણાવ્યું હતું કે હડતાળ દરમિયાન નાગરિક સંચાલિત હૉસ્પિટલોમાં કોઈ પણ વ્યક્તિ પોતાનો જીવ ગુમાવે તેવું તે ઈચ્છતી નથી. પોતાના અધિકારો માટે આંદોલન કરવું એ દરેકનો કાયદેસરનો અધિકાર હોઈ શકે છે, પરંતુ દર્દીઓના ભોગે નહીં, તેમ અદાલતે ઉમેર્યું હતું.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના વરિષ્ઠ વકીલ એસ. યુ. કામદાર અને માર્ડના પ્રમુખ ડૉ. અથર્વ શિંદેએ અદાલતની ટિપ્પણીઓ પર સંમતિ દર્શાવી હતી અને જણાવ્યું હતું કે હડતાળ પાછી ખેંચી લેવામાં આવશે.

કોર્ટ આ મામલાની વધુ સુનાવણી ૮ સપ્ટેમ્બરે કરશે. ■

## આજથી ડૉક્ટરો કામ પર ચડી જશે

મુંબઈઃ મહારાષ્ટ્ર મેડિકલ કાઉન્સિલ હેઠળ હોમિયોપથની નોંધણીનો વિરોધ કરી રહેલા રેસિડન્ટ ડૉક્ટરોએ બોમ્બે હાઈ કોર્ટના નિર્દેશ બાદ ગુરુવારે તેમની હડતાળ પાછી ખેંચી લીધી હતી. મહારાષ્ટ્ર સ્ટેટ એસોસિએશન ઓફ રેસિડેન્ટ ડોક્ટર્સ (માર્ડ) સાથે જોડાયેલા, રાજ્યની બધી સરકારી હૉસ્પિટલો તેમજ કેટલીક પાલિકા સંચાલિત હૉસ્પિટલોના રેસિડન્ટ ડૉક્ટરો પાંચમી ઓગસ્ટથી હડતાળ પર હતા. ''સેન્ટ્રલ માર્ડ ૨૦૨૬-૨૭ આથી રાજ્યવ્યાપી ચાલી રહેલા અનિશ્ચિત આંદોલનને પાછું ખેંચવાની જાહેરાત કરે છે, જે યોગ્ય કાનૂની અને નિયમનકારી પદ્ધતિ વિના બીએચએમએસ-સીસીએમપી માળખાના પ્રસ્તાવિત અમલના વિરોધમાં શરૂ કરવામાં આવ્યું હતું,'' એમ ડોક્ટરોના સંગઠને એક નિવેદનમાં જણાવ્યું હતું.

આ આંદોલન ફક્ત બોમ્બે હાઈ કોર્ટના નિર્દેશોનું પાલન કરીને પાછું ખેંચવામાં આવ્યું છે, એમ પણ તેમાં જણાવાયું છે.

''અમારી માગણીઓનો ઉકેલ આવ્યો નથી, આ હેતુ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા અટલ છે, અને સેન્ટ્રલ માર્ડ બંધારણીય, કાનૂની અને લોકશાહી માધ્યમો દ્વારા આ લડાઈ ચાલુ રાખશે. મુખ્ય પ્રધાન સાથે ચર્ચા કર્યા પછી એસોસિએશન યોગ્ય વલણ અપનાવશે અને આગળની કાર્યવાહીની જાહેરાત કરશે,'' એમ પણ આ નિવેદનમાં જણાવાયું છે. ત્યારબાદ, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે રાજ્ય સરકાર હડતાળ અંગે હાઈ કોર્ટના નિર્દેશોનું પાલન કરશે.

હોમિયોપથીને એમએમસી હેઠળ નોંધણી કરાવવા અને એલોપથિક દવાઓ લખવાની મંજૂરી આપવાના સરકારના નિર્ણય સામે માર્ડે બુધવારથી અનિશ્ચિત હડતાળ શરૂ કરી હતી. (પીટીઆઈ)■

# ફેરિયા બાદ હવે હાઉસિંગ સોસાયટીઓ બીએમસી કમિશનરનું ટાર્ગેટ

## હાઉસિંગ સોસાયટીઓને ફૂટપાથ પરના રૅમ્પ તાત્કાલિક હટાવવાની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ 'પેડેસ્ટ્રિયન ફર્સ્ટ' અભિયાન હેઠળ ફેરિયા અને દુકાનદારોને ફૂટપાથ પરના અતિક્રમણ તાત્કાલિક હટાવવાની ચેતવણી આપ્યા બાદ હવે મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર અશ્વિની ભીડેએ હાઉસિંગ સોસાયટીઓને નિશાના પર લીધી છે. ફૂટપાથ પર ગેરકાયદે રીતે ઊભા કરેલા રૅમ્પ, અતિક્રમણ, કમર્શિયલ બાંધકામ અથવા કોઈ પણ સ્વરૂપના બાંધકામને હટાવવાની ચેતવણી મુંબઈની હાઉસિંગ સોસાયટીઓને આપવામાં આવી છે. એક મહિનાની અંદર સ્વખર્ચે ફૂટપાથ પરના અતિક્રમણને નહીં હટાવ્યા તો સંબંધિતો સામે આકરી કાર્યવાહી કરવાની ચીમકી કમિશનર દ્વારા આપવામાં આવી છે. ફૂટપાથ પરના ગેરકાયદે રીતે અતિક્રમણ કરનારા ફેરિયાઓને તાત્કાલિક હટાવીને ફૂટપાથને રાહદારીઓને ચાલવા યોગ્ય બનાવવા માટે મુંબઈ મહાનગરપાલિકા તરફથી 'પેડેસ્ટ્રિયન ફર્સ્ટ' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાનના અનુસંધાનમાં પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ ગુરુવારે પશ્ચિમ ઉપનગરમાં વિલેપાર્લેમાં સ્વામી વિવેકાનંદ રોડ, રામ ગણેશ ગડકરી રોડ, બંડૂ ગોરે માર્ગ, ગોરેગામ રેલવે સ્ટેશન રોડ, શેઠ શ્રી દેવરાજજી ગુંદેચા ચોક, ગોરેગામ સ્ટેશન પાસેની ટોમેટો ગલી, દૂધ સાગર રોડ જેવા વિસ્તારોની મુલાકાત લીધી હતી. આ દરમ્યાન નાગરિકો સરળતાથી ચાલી શકે તે માટે તેમણે ફૂટપાથ પરના અતિક્રમણ સંપૂર્ણ રીતે હટાવવાનો નિર્દેશ આપ્યો હતો.

'કે-પશ્ચિમ' વોર્ડમાં 'પેડેસ્ટ્રિયન ફર્સ્ટ' અભિયાન અંતર્ગત પહેલા તબક્કામાં ૩૨૦ કિલોમીટરની લંબાઈની ફૂટપાથ પરથી અતિક્રમણ હટાવીને નાગરિકોને ચાલવા માટે તેને ઉપલબ્ધ કરી આપવામાં આવવાની છે. તેમ જ પશ્ચિમ ઉપનગરમાં કુલ ૩૫૫ રોડમાંથી ૨૭ રોડ હાથમાં લેવામાં આવ્યા છે, જેમાં આ ૨૭ રસ્તા પરના ૩૭.૭ કિલોમીટરના ફૂટપાથ અતિક્રમણ મુક્ત કરવામાં આવવાના છે.

### હાઉસિંગ સોસાયટીઓને પાલિકાની ચેતવણી

'કે-પશ્ચિમ' અને 'પી-દક્ષિણ' વોર્ડમાં ફૂટપાથ પર હાઉસિંગ સોસાયટીઓ અને ગાળાધારકો દ્વારા વાહનોની અવરજવર માટે તૈયાર કરવામાં આવેલા રૅમ્પ અનેક ઠેકાણે નાગરિકોને ચાલવા માટે માર્ગમાં અડચણરૂપ બની રહ્યા છે. ખાસ કરીને સિનિયિર સિટિઝન, મહિલા, નાનાં બાળકો અને દિવ્યાંગ બાળકોને ફૂટપાથ પરના અવરોધોને કારણે ફૂટપાથને બદલે રસ્તા પર ચાલવું પડી રહ્યું છે. તેથી કમિશનરે આ પ્રકારના રૅમ્પ તાત્કાલિક હટાવવાનો નિર્દેશ આપ્યો છે. સંબંધિતોને એક મહિનાની અંદર જાતે જ આ અતિક્રમણ હટાવીને ફૂટપાથ પૂર્વવત્ કરવાની છે. નિર્દેશનું પાલન નહીં કરનારા વિરુદ્ધમાં પાલિકા નિયમ અનુસાર આકરી કાર્યવાહી કરવાની ચેતવણી કમિશનરે આપી છે. ફૂટપાથ પર અનેક ઠેકાણે ઊભા કરવામાં આવેલા સ્ટોલધારકોને પણ પર્યાયી જગ્યા ઉપલબ્ધ કરી આપીને જગ્યા ખાલી કરવામાં આવવાની છે.

### ગોરેગામમાં સ્ટેશન બહારનો રસ્તો પહોળો થશે

ગોરેગામ પશ્ચિમમાં રેલવે સ્ટેશન પરિસરમાં બંડૂ ગોરે રોડ પરની ફૂટપાથ પરના અતિક્રમણને પરિસરમાં ટ્રાફિક જૅમની સમસ્યા નિર્માણ થઈ રહી છે, તેથી સંબંધિત વ્યવસાયધારકોનું જલદીમાં જલદી સ્થળાંતર કરવાનો કમિશનરે નિર્દેશ આપ્યો હતો. બંડૂ ગોરે રોડની લંબાઈ ૩૫૦ મીટર અને પહોળાઈ ૧૩.૪૦ મીટરની છે. આ રોડનો દરરોજ લગભગ ૭૦,૦૦૦ રેલવે પ્રવાસીઓ ઉપયોગ કરે છે. પહેલા તબક્કામાં ગોરેગામ પશ્ચિમમાં રેલવે સ્ટેશન પરિસરમાં ૪૩ વ્યવસાયધારકોના બાંધકામ હટાવીને રસ્તો પહોળો કરવામાં આવશે.■

# ભાજપના નગરસેવકની વોરંટ રદ કરવાની અરજી કોર્ટે ફગાવી

મુંબઈ : મુંબઈમાં ૨૦૨૦ના વીજ પુરવઠા અંગેના વિરોધ પ્રદર્શનના એક કેસમાં હાજર ન રહેવા બદલ પોતાની વિરુદ્ધ જારી કરાયેલ બિન-જામીનપાત્ર વોરંટ રદ કરવાની અરજી સ્થાનિક અદાલતે ફગાવી દીધા બાદ ભાજપના કોર્પોરેટર આકાશ પુરોહિતની ધરપકડ કરવામાં આવી છે.

પુરોહિતના વકીલે બુધવારે હાજર થવામાં થયેલા વિલંબનું કારણ ટ્રાફિકની સમસ્યા ગણાવ્યું હતું, પરંતુ સેશન્સ કોર્ટે અવલોકન કર્યું હતું કે આરોપી જાણીજોઈને વિલંબ કરવાની યુક્તિઓ અપનાવી રહ્યા છે અને જો તેને મુક્ત કરવામાં આવે તો ભવિષ્યમાં ટ્રાયલ કોર્ટ સમક્ષ તેના હાજર થવાની કોઈ શક્યતા જણાતી નથી. નિર્ધારિત સુનાવણી દરમિયાન ગેરહાજર રહેવા બદલ જારી કરાયેલ બિન-જામીનપાત્ર વોરંટ રદ કરવાનો કોર્ટે ઇનકાર કર્યો અને તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા.

આ કેસ વીજ પુરવઠા અંગે વર્ષ ૨૦૨૦માં થયેલા વિરોધ પ્રદર્શન સાથે સંબંધિત છે, જેમાં મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકર અને પ્રધાન મંગલ પ્રભાત લોઢા સહિત આકાશ પુરોહિત અને અન્ય ૧૯ લોકો સામે તત્કાલીન 'બેસ્ટ' ના જનરલ મેનેજરને ગેરકાયદેસર રીતે બંધક બનાવવા અને પોલીસ કર્મચારીઓ પર હુમલો કરવાના આરોપસર કેસ નોંધવામાં આવ્યો હતો.

આકાશ પુરોહિત મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન અને ભાજપના અગ્રણી નેતા સ્વર્ગસ્થ રાજ પુરોહિતના પુત્ર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આકાશ પુરોહિતની ગુરુવારે ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઈ)■

# ટ્રેનમાં ધૂમ્રપાન હવે પડશે ભારે

## રેલવેએ દંડમાં કર્યો ૨૦ ગણો વધારો

નાગપુરઃ ટ્રેનોમાં ધૂમ્રપાન સહિત અન્ય ગુનાહિત ગતિવિધિઓ સાથે સંબંધિત રેલવે એક્ટ ૧૯૮૯માં અમુક ફેરફાર કરતા હવે દંડ ૨૦ ગણો વધારવામાં આવ્યો છે. આ ફેરફાર કરવાનો ઉદ્દેશ રેલવે સ્ટેશનના પરિસર અને ટ્રેનોમાં ધૂમ્રપાન, અનધિકૃત પ્રવેશ, ઉપદ્રવ અને અન્ય અસુરક્ષિત ગતિવિધિઓ પર અસરકારક અંકુશ લાવવા અને તેનું તાત્કાલિક નિવારણ લાવવાનો છે.

સુધારેલી જોગવાઈ અનુસાર ૧૬૭ની કલમ હેઠળ પહેલા ૧૦૦ રૂપિયા સુધીનો દંડ હતો, જે વધારીને હવે ૨,૦૦૦ રૂપિયા જેટલો કરવામાં આવ્યો છે. આ સાથે જ સબંધિત વ્યક્તિનો પાસ કે ટિકિટ જપ્ત કરીને તેને રેલવે પરિસરની બહાર કરવામાં આવશે. જો દંડ ભરવામાં નહીં આવે તો કોર્ટ ૫,૦૦૦ રૂપિયા સુધીનો દંડ ફટકારી શકે છે.

બીજી તરફ રેલવે પરિસરમાં દારૂ પી ને હંગામો મચાવનાર લોકો પર ૧૪૫ની કલમ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. જે અંતર્ગત રેલવે પરિસરની બહાર કાઢવા, ટિકિટ કે પાસ જપ્ત કરવા છ મહિના સુધી જેલ અને ૫૦૦ રૂપિયા સુધીના દંડની જોગવાઈ હતી. હવે બદલાતા નિયમો અનુસાર ૨૪ કલાક સુધી સામાન્ય જેલ, ૧,૦૦૦ રૂપિયા સુધીનો દંડ અને બંને સજા અથવા સમુદાય સેવાઓની જોગવાઈ નક્કી કરવામાં આવી છે.

રેલવે પરિસરમાં સતત ઉપદ્રવ કરવા માટે ૬ મહિના સુધી જેલ કે ૫,૦૦૦ રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવશે. મુસાફરી ક્ષેત્રમાં ગેરકાયદે પ્રવેશ કરી જગ્યા ખાલી કરવાની મનાઈ ફરમાવી કલમ ૧૪૭ હેઠળ ૫૦૦ રૂપિયા સુધીનો દંડ લાગશે. રેલવે પરિસરના દુરુપયોગ પર ૩ મહિના સુધી જેલ કે ૫,૦૦૦ રૂપિયા સુધીનો દંડ આપવામાં આવશે. સામાન્ય દંડ ૨,૦૦૦ રૂપિયા રહેશે અને કાર્યવાહી પહેલા ચેતવણી આપવામાં આવશે. ■

# શિંદેની શિવસેનાનો ખેલ ખતમ થવાની તૈયારીઃ સંજય રાઉત

મુંબઈઃ શિવસેના વિરુદ્ધ શિવસેના કેસમાં સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે એ દરમિયાન શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે ગુરુવારે દાવો કર્યો હતો કે હરીફ શિવસેનાનો ખેલ કાયદેસર રીતે ખતમ થઈ જશે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની એક પોસ્ટમાં રાઉતે ચાર વર્ષ પહેલાં પક્ષમાં થયેલા વિભાજન બાદ સુપ્રીમ કોર્ટમાં તેમની અરજીઓનો ઉલ્લેખ કરી રજૂઆત કરી હતી કે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) બંધારણમાં માને છે.

અમને લેશમાત્ર શંકા નથી કે તેમનો ખેલ કાયદેસર રીતે ખતમ થશે. રાઉતની આ પોસ્ટમાં શિવસેનાના અધ્યક્ષ અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે હસતા ચહેરા સાથે નજરે પડ્યા હતા. (પીટીઆઈ)■

# સાયબર ફ્રોડ આચરનારી ટોળકીના ૧૨ જણ ગોવાથી ઝડપાયા

- ૫૦૦ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શન કરાયા
- આરોપીઓમાં મોટા ભાગના ગુજરાતના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૅંક અકાઉન્ટ્સ અને સિમકાર્ડ એક્ટિવેટ કરીને સાયબર ફ્રોડ આચરનારી ટોળકીના ૧૨ જણને ગોવામાં કલંગુટ બીચ નજીકના વિલામાંથી ઝડપી પાડવામાં મુંબઈ ક્રાઇમ બ્રાન્ચને સફળતા મળી હતી. આરોપીઓમાં મોટા ભાગના ગુજરાતના યુવાનોનો સમાવેશ હોઇ તેમને પંદર દિવસની ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ કૌભાંડનો માસ્ટર માઈન્ડ દુબઈમાં હોવાનું કહેવાય છે. પોલીસને તપાસ દરમિયાન મળી આવેલા ૧૫૦થી વધુ બૅંક ખાતાં મારફત છથી આઠ મહિનામાં ૫૦૦ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેકશન થયા હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું. પોલીસે આ કાર્યવાહીમાં પંદર લેપટોપ, ૧૨૮ સિમકાર્ડ, ૭૬ મોબાઇલ, ૨૨ ચેકબૂક અને ૭૭ પાસબૂક તથા અન્ય મતા જપ્ત કરી હતી.

ગોવાથી પકડાયેલા ૧૨ આરોપીઓને મુંબઈ લાવવામાં આવ્યા બાદ તેમને કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને ૧૧ ઑગસ્ટ સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. આરોપીઓને દરેક ટ્રાન્ઝેક્શન પાછળ ત્રણ ટકા કમિશન મળતું હતું. એ સિવાય દર મહિને તેમને ૩૦થી ૩૫ હજારનો પગાર પણ આપવામાં આવતો હતો. તેમને અકાઉન્ટ ટૂ અકાઉન્ટ પૈસા ટ્રાન્સફર કેવી રીતે કરવા, તેમની પાસે કયું અકાઉન્ટ આવશે, કમ્યુનિકેશન કેવી રીતે કરવું, પૈસા કયા અકાઉન્ટમાં ડિપોઝિટ કરવા અને ટ્રાન્સફર કરવા તેમ જ કેટલા પૈસા કાઢવા તે અંગે તેમને પંદર દિવસની ટ્રેનિંગ અપાઇ હતી, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર પાયધુની પોલીસ સ્ટેશનમાં ગયા મહિને દાખલ કરવામાં આવેલા સાયબર ફ્રોડના કેસમાં અમુક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી અને આ કેસની તપાસ ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૨ના અધિકારીઓ કરી રહ્યા હતા. આ કેસમાં પોલીસને કેટલાક બૅંક અકાઉન્ટ્સ મળી આવ્યા હતા, જેમાં સાયબર ફ્રોડ અને ઓનલાઇન ગેમિંગના રૂપિયા આવતા હતા. અલગ અલગ અકાઉન્ટ્સ ખરીદી તેનો ઉપયોગ આ માટે કરવામાં આવતો હોવાનું પોલીસને તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું. આથી પોલીસે આરોપીઓની પૂછપરછ કરી હતી, જેમાં એવી માહિતી સામે આવી હતી કે મુંબઈમાં અલગ અલગ નામે બૅંકમાં અકાઉન્ટ ખોલવામાં આવતા હતા અને તેને લગતી કિટ સાયબર ફ્રોડ તથા ઓનલાઇન ગેમિંગ માટે ગોવા મોકલવામાં આવતી હતી. આ અકાઉન્ટ્સ દ્વારા પૈસા ટ્રાન્સફર કરવામાં આવતા હતા.

આ માહિતી મળ્યા બાદ પોલીસની ટીમને ગોવા રવાના કરવામાં આવી હતી. પોલીસે ગોવામાં મંગળવારે કલંગુટ બીચ નજીક બે માળના વિલામાં રેઇડ પાડી હતી અને ત્યાંથી ૧૨ જણને તાબામાં લીધા હતા. આરોપીઓ ૧૦૦ પેનલ, રૂદ્રા નામની સાઇટનો ઉપયોગ કરીને યુઝર અકાઉન્ટ પરથી તેમની પાસેના લેપટોપ, મોબાઇલ દ્વારા ઓનલાઇન ગેમિંગ અને સાયબર ફ્રોડ મારફત આવેલી રકમ કાઢવા અને ડિપોઝિટ કરવા માટે પૂછતા હતા અને આ રકમ બાદમાં સંબંધિત અકાઉન્ટ્સમાં વાળવામાં આવતી હતી. ગુનો આચરવા માટે વાપરવામાં આવેલા બૅંક અકાઉન્ટ્સ ફ્રીઝ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ■

# વિક્રોલીમાં પારિવારિક ખટરાગ લોહિયાળ બન્યો

## ભાઈઓએ જ ભાઈ-ભત્રીજાને પતાવી નાખ્યા

### મોબાઈલ પર મોટા અવાજે ગીત વગાડવાને મુદ્દે મળસકે થયો ઝઘડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિક્રોલીમાં છેલ્લાં એક વર્ષથી ચાલતો પારિવારિક ખટરાગ ગુરુવારના મળસકે લોહિયાળ બન્યો હતો. મોબાઈલ ફોન પર મોટા અવાજે ગીત વગાડવાને મુદ્દે થયેલા ઝઘડા પછી પરિવારજનો બાખડી પડ્યા હતા. ભાઈઓએ જ મારપીટ પછી છરીના ઘા ઝીંકી ભાઈ અને ભત્રીજાની હત્યા કરી હતી, જ્યારે આ હુમલામાં ભાભી અને બીજો ભત્રીજો ગંભીર રીતે ઘવાયાં હતાં. ઈસ્ટ ઝોન-૩ના ડેપ્યુટી પોલીસ કમિશનર અભયસિંહ દેશમુખના જણાવ્યા મુજબ ઘટના વિક્રોલી પશ્ચિમના રાહુલ નગરમાં ગુરુવારના મળસકે બની હતી. હુમલામાં મૃત્યુ પામેલાઓની ઓળખ સુનીલ વિશ્વકર્મા (૪૦) અને તેના પુત્ર શ્લોક વિશ્વકર્મા (૧૪) તરીકે થઈ હતી. આ પ્રકરણે પાર્કસાઈટ પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી અનુસાર સુનીલના બન્ને ભાઈ સુરેન્દ્ર વિશ્વકર્મા અને સૂરજ વિશ્વકર્માને પોલીસે તરત જ તાબામાં લીધા હતા. આરોપી અને મૃતક સુનીલ વિક્રોલીમાં એક જ ઘરમાં પરિવાર સાથે રહેતા હતા અને છેલ્લા એક વર્ષથી ત્રણેયના પરિવારજનો વચ્ચે નાની નાની વાતને લઈ ઝઘડા થતા હતા. અમુક સમયે મામલો પોલીસ સ્ટેશને પણ પહોંચ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે બુધવારની રાતે સુનીલ તેના મોબાઈલ ફોન પર મોટા અવાજે મ્યુઝિક સાંભળતો હતો. આ બાબતે એક ભાઈએ વાંધો ઉઠાવ્યો હતો.

કહેવાય છે કે અગાઉથી ત્રણેય પરિવાર વચ્ચે ખટરાગ હતો તેમાં મોબાઈલ પર મોટા અવાજે ગીત વગાડવાને મુદ્દે મળસકે ઝઘડો થયો હતો. ઉગ્ર બોલાચાલી પછી પરિવારજનો મારામારી પર ઊતરી આવ્યા હતા.

રોષે ભરાયેલા આરોપીઓએ ચાકુથી હુમલો કરતાં સુનીલનો પરિવાર ગંભીર રીતે ઘવાયો હતો. રાજાવાડી હૉસ્પિટલમાં લઈ જવાયેલા સુનીલ અને શ્લોકને મૃત જાહેર કરાયા હતા, જ્યારે સુનીલની પત્ની અંજુ અને નાના પુત્ર વિવાનને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયાં હતાં.

ડીસીપી દેશમુખે જણાવ્યું હતું કે ઘટનાસ્થળેથી પુરાવા એકઠા કરવામાં આવી રહ્યા છે. ફોરેન્સિક તપાસની પ્રક્રિયા પણ હાથ ધરાઈ છે. મોબાઈલ પર મ્યુઝિક વગાડવાને મુદ્દે આ ઘટના બની હોવાનું પ્રાથમિક પૂછપરછમાં જણાયું હતું. ■

# સમૃદ્ધિ એક્સપ્રેસવે પર ખોટકાયેલી ટ્રક સાથે કાર ટકરાતાં બે જણનાં મોતઃ મહિલા ગંભીર

થાણેઃ સમૃદ્ધિ એક્સપ્રેસવે પરથી પસાર થતી વખતે અચાનક બંધ પડી ગયેલી ટ્રક સાથે પાછળથી પુરપાટ વેગે આવેલી કાર ટકરાતાં બે જણનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે મહિલા ગંભીર રીતે ઘવાઈ હતી.

ટિટવાલા પોલીસ અનુસાર મૃતકોની ઓળખ કાર ડ્રાઈવર હરીશ ટંડન (૪૦) અને ટ્રકના ક્લીનર ડબ્બુ (૧૮) તરીકે થઈ હતી. કારમાં હાજર મહિલા કંચન સોનાવણે અકસ્માતમાં ગંભીર રીતે ઘવાઈ હતી. સારવાર માટે તેને ભિવંડીની ઈન્દિરા ગાંધી મેમોરિયલ (આઈજીએમ) સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના ગુરુવારના મળસકે ૩.૧૫ વાગ્યાની આસપાસ એક્સપ્રેસવે પર શાહપુર નજીક બની હતી. મોટી ગૂડ્સ ટ્રક એકાએક ખોટકાતાં રસ્તાની વચ્ચે બંધ પડી ગઈ હતી. ટ્રક ડ્રાઈવર જોગેન્દર ભઘેલ અને ક્લીનર ડબ્બુ ટ્રકમાં શી ખામી છે તે તપાસવા નીચે ઊતર્યા હતા.

કહેવાય છે કે ક્લીનર ડબ્બુ પાછળથી આવતાં વાહનોના ડ્રાઈવરોને સચેત કરવા બૅટરી સાથે ટ્રકની પાછળના ભાગમાં ઊભો હતો, જ્યારે ડ્રાઈવર ટ્રકની આગળ એન્જિનમાં ચકાસણી કરતો હતો. તે સમયે પુરપાટ વેગે આવેલી કાર ટ્રક સાથે ભટકાઈ હતી. કાર એટલા જોરથી ટકરાઈ હતી કે ટંડન અને ડબ્બુનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે કારમાં હાજર કંચન જખમી થઈ હતી. જોકે ટ્રકડ્રાઈવર જોગેન્દર અકસ્માતમાં હેમખેમ બચી ગયો હતો.

અકસ્માતની જાણ થતાં ટિટવાલા પોલીસ, મહારાષ્ટ્ર સિક્યોરિટી ફોર્સ (એમએસએફ) અને રોડ પેટ્રોલ વેહિકલ (આરપીવી) ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અકસ્માતગ્રસ્ત કાર અને ટ્રકને હાયડ્રા ક્રેનની મદદથી રસ્તાને કિનારે ખસેડવામાં આવી હતી. ■

# રત્નાગિરિમાં મહેસૂલ અધિકારી લાંચ લેતાં પકડાયો

થાણેઃ રત્નાગિરિ જિલ્લામાં જમીન રેકોર્ડમાં એન્ટ્રી માટે લાંચ માગવા અને સ્વીકારવા બદલ એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ મહેસૂલ અધિકારીની ધરપકડ કરી હતી.

મર્ચન્ટ નેવીના ૪૮ વર્ષના નિવૃત્ત જવાન એવા ફરિયાદીએ રત્નાગિરિ જિલ્લામાં મૌજે સાવર્ડે ખાતે તેની પત્નીના નામે ૨૧૮ સ્કવેર મીટરની જમીન ખરીદી હતી. જમીન રેકોર્ડમાં તેની એન્ટ્રી અંગે સ્થાનિક તલાટીએ આપેલી સૂચનાને અનુસરીને ફરિયાદી સત્તાવાર મંજૂરી માટે ૩ ઑગસ્ટે સર્કલ ઓફિસરને મળ્યો હતો.

જોકે સર્કલ ઓફિસર એ કામ માટે પાંચ હજાર રૂપિયાની લાંચ માગી હતી. ફરિયાદીને લાંચ આપવી ન હોવાથી તેણે એસીબીના રત્નાગિરિ યુનિટનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. (પીટીઆઇ)■

# પ્રશાંત કિશોર એનસીપી રાજકીય વ્યૂહરચના અંગે ચર્ચા કરવા સુનેત્રા પવારને મળ્યા

મુંબઈઃ બિહાર બાંકીપુર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં વિજય મેળવનારા જન સુરાજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોર ગુરુવારે મુંબઈના દેવગીરી બંગલામાં રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી)ના નેતા પાર્થ પવાર અને મહારાષ્ટ્રનાં નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારને મળ્યા હતાં અને પક્ષની ભાવિ રાજકીય રણનીતિ અને યોજનાઓની ચર્ચા કરી હતી.

કૉંગ્રેસ દ્વારા સુનેત્રા પવારને નિશાન બનાવતી કથિત અપમાનજનક ટિપ્પણીને લઈને રાજ્યમાં એનસીપી વિવાદનો સામનો કરી રહી છે ત્યારે આ મુલાકાત થઈ છે. કૉંગ્રેસએ સુનેત્રા પવારને ગૂંગી ગુડિયા તરીકે વર્ણવ્યા હતાં. કૉંગ્રેસે સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ શેર કર્યા પછી બંને પક્ષો વચ્ચે રાજકીય યુદ્ધ શરૂ થયું જેમાં એનસીપી નેતા ધનંજય મુંડે બીડ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે પત્રકારના પ્રશ્નથી સુનેત્રા પવારને સાંભળી લેતા જોવા મળ્યા હતા. ત્યારથી બંને પક્ષ વચ્ચે શાબ્દિક યુદ્ધ ચાલી રહ્યું છે.

કિશોરની રાજ્ય મુલાકાત વર્તમાન રાજકીય પરિસ્થિતિમાં પક્ષ જે મુદ્દાઓનો સામનો કરી રહ્યો છે તેના પર ચર્ચા કરશે તેવી અપેક્ષા છે, સાથે સાથે પ્રાદેશિક અને રાજ્ય સ્તરે પક્ષને મજબૂત બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે. ■

# બાન્દ્રાના ફૂટબોલ મેદાનનું આરક્ષણ બદલવા સામે વિરોધ

મુંબઈઃ મુંબઈમાં ખુલ્લી જગ્યા અને મેદાનો બહુ બચ્યાં નથી ત્યારે બાન્દ્રાના આંતરરાષ્ટ્રીય દરજ્જાના ફૂટબોલ મેદાનનું આરક્ષણ બદલવામાં આવવાનું છે, તેને લગતો પ્રસ્તાવ મંજૂરી માટે આવવાનો છે. તેની સામે મુંબઈ કૉંગ્રેસે પાલિકા કમિશનરની મુલાકાત લઈને પોતાનો વિરોધ દર્શાવ્યો છે. પાલિકાના કૉંગ્રેસના ગ્રૂપ લીડર અશરફ આઝમીના નેતૃત્વમાં પક્ષના તમામ નેતાઓએ પાલિકા કમિશનર અશ્વિની ભીડેની મુલાકાત લઈને તે સંદર્ભમાં એક નિવેદન રજૂ કર્યું હતું. તેમના કહેવા મુજબ બાન્દ્રાનું નેવિલ ડિસોઝા ફૂટબોલ મેદાનનું રિઝર્વેશન રમતના મેદાન પરથી બદલીને તે પ્રદર્શન/સંમેલન કેન્દ્ર કરવાનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે, તેની સામે કૉંગ્રેસનો વિરોધ છે. ■

# મરાઠા અનામત વિવાદ

## '૨૦૨૯માં તમે અમારા હાથમાં હશો', મહાયુતિને જરાંગેની ચેતવણી

પુણે : મરાઠા અનામત આંદોલનકારી મનોજ જરાંગેએ ગુરુવારે 'મહાયુતિ' સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે અનેક ચૂંટાયેલા પ્રતિનિધિઓના કુણબી જાતિના પ્રમાણપત્રો રદ થયા બાદ સરકાર પર મરાઠા સમુદાય વિરુદ્ધ કાવતરું રચવાનો આરોપ મૂક્યો હતો.

મરાઠવાડાની મરાઠા સમુદાયની ચાર મહિલા જનપ્રતિનિધિઓના 'કુણબી' જાતિ પ્રમાણપત્રોને જાતિ ચકાસણી સમિતિ દ્વારા અમાન્ય ઠેરવવામાં આવ્યા બાદ આ તીખી ટિપ્પણીઓ કરવામાં આવી હતી.આ ઘટનાક્રમે મરાઠા અનામત અને કુણબી દસ્તાવેજોના મુદ્દાને ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધો છે.

જાલનામાં પત્રકાર પરિષદને સંબોધતા જરાંગેએ આક્ષેપ કર્યો હતો કે મરાઠા સમુદાયને નબળો પાડવા માટે સરકાર જાણીજોઈને જાતિના પ્રમાણપત્રો જારી કરી રહી છે અને બાદમાં તેને રદ કરી રહી છે. એક મહત્ત્વપૂર્ણ રાજકીય વળાંકમાં, જરાંગેએ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની સીધી ટીકા કરી અને કહ્યું કે છેલ્લા ત્રણ વર્ષમાં આ પ્રથમ વખત છે જ્યારે તેઓ નાયબ મુખ્ય પ્રધાનનું નામ જાહેરમાં લઈ રહ્યા છે. જરાંગેએ આક્ષેપ કર્યો કે સત્તાધારી ગઠબંધને મરાઠા સમુદાય વિરુદ્ધ સુનિયોજિત રણનીતિ અપનાવી છે અને ચેતવણી એ કે આગામી વિધાનસભા ચૂંટણીમાં તેનાં રાજકીય પરિણામો ભોગવવા પડશે. તેમણે કુણબી પ્રમાણપત્રો રદ કરવા અને જ્યોતિ દહીહાંડે કેસ મુદ્દે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પર પણ નિશાન સાધ્યું હતું ■

# મધ્યપૂર્વની હળવાશ સાથે શૅરબજારમાં સુધારો, સીઅેઅેસને કારણે સેન્સેક્સ અને નિફ્ટીના સ્તરમાં મોટો તફાવત

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્ય પૂર્વના તણાવમાં ઘટાડો થવાના આશાવાદ અને જૂન ક્વાર્ટરના પરિણામો અપેક્ષા કરતાં વધુ મજબૂત આવવાના કારણે બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટીમાં સતત બીજા સત્રમાં આગેકૂચ જોવા મળી હતી. સેન્સેક્સ ૩૭૩.૭૬ પોઈન્ટ વધીને ૭૮,૯૫૪.૭૬ પર બંધ થયો, જ્યારે નિફ્ટી ગુરુવારે ફક્ત ૧૧.૩૫ પોઈન્ટ વધીને ૨૪,૬૩૬ પર બંધ થયો હતો.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને સ્ટેટ બૅંક ઓફ ઇન્ડિયાના શેર ત્રણ ટકાથી વધુ વધ્યા હતા. અન્ય ગેનર્સમાં ભારત ઇલેક્ટ્રોનિક્સ, આઇસીઆઇસીઆઇ બેન્ક, ઇટર્નલ અને ટાઇટનનો સમાવેશ હતો. જ્યારે પાવર ગ્રીડના શેરમાં લગભગ ચાર ટકા જેવો કડાકો જોવા મળ્યો હતો. ટોપ લુઝર્સમાં ટીસીએસ, ઇન્ટરગ્લોબ એવિએશન અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો પણ સમાવેશ હતો.

પ્રાઈમરી માર્કેટમાં ડેરી પ્રોડક્ટ ઉત્પાદક મિલ્કી મિસ્ટ ડેરી ફૂડનો રૂ. ૧,૫૫૩ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૧મી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૩મી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ થશે. એનએસઈ અને બીએસઇ પર લિસ્ટિંગ તારીખ ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૩૩થી રૂ. ૧૪૦ પ્રતિ શેર અને અરજી માટે લોટ સાઈઝ ૧૦૭ શેર છે. પ્રાઇસ બેન્ડની ઉપલી કિંમતના આધારે રિટેલ ઇન્વેસ્ટર દ્વારા જરૂરી ઓછામાં ઓછી રોકાણ રકમ રૂ. ૧૪,૯૮૦ છે.

એ જ રીતે, ઇ-કોમર્સ ઇનેબલમેન્ટ કંપની, શિપરોકેટનો રૂ. ૧,૬૧૭.૪૮ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ થશે. એનએસઇ અને બીએસઇ પર લિસ્ટિંગ તારીખ ૧૯ ઓગસ્ટે થશે. ઇશ્યૂ પ્રાઇસ બેન્ડ રૂ. ૯૨થી રૂ. ૯૭ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૧૫૪ શેર છે. ફાર્માસ્યુટિકલ ફોર્મ્યુલેશન ઉત્પાદક કંપની ફ્રેડુન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પહેલા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૯૦.૪૪ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૨૨૮.૨૫ કરોડની કુલ આવક, ૯૨.૯૦ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૩૨.૭૮ કરોડનો એબિટા અને ૯૪.૩૬ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૩.૧૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ધૂત ટ્રાન્સમિશન અને મોલ્બિઓ ડાયગ્નોસ્ટિક્સનો આઇપીઓ દશમી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. ગુરુવારે એમવી ઇલેક્ટ્રોસિસ્ટમનો શેર તેના ઇશ્યૂભાવ સામે ૨૨ ટકાના પ્રીમિયમે લિસ્ટેડ થયો હતો. અગાઉના સત્રમાં બુધવારે મનીપાલ હેલ્થના શેર ૧૧ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા.

એસઇપીસી લિમિટેડે સેઇલ તરફથી ઇસ્કો સ્ટીલ પ્લાન્ટનો રૂ. ૮૫૪.૫૭ કરોડનો જંગી ઓર્ડર મળ્યો છે. પ્રોજેક્ટના ભાગ રૂપે, એસઇપીસી બર્નપુર સ્થિત સેઇલ - ઇસ્કો સ્ટીલ પ્લાન્ટ ખાતે પેલેટ પ્લાન્ટ પેકેજ-૨ માટે સિવિલ અને સ્ટ્રક્ચરલ કાર્યો




સહિત પેલેટ પ્લાન્ટ બીઓપીનું કાર્ય કરશે, જે સ્ટીલ ઉત્પાદકના ૪.૦૮ એમટીપીએ ક્રૂડ સ્ટીલ વિસ્તરણ પ્રોજેક્ટને ટેકો આપશે.

નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૪ ટકાના ઘટાડા સાથે રેડ ઝોનમાં સરકી ગયો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ લગભગ ૦.૫૦ ટકા વધીને બંધ થયો. ઇન્ટિગ્રેટેડ પોલિએસ્ટર ઉત્પાદક સુમીત ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પહેલા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામોમાં રૂ. ૨૭૨.૭૪ કરોડની કુલ આવક, રૂ. ૮.૮૫ કરોડનો એબિટા અને રૂ. ૧.૧૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કંપનીએ રૂ. ૧૯૯.૭૫ કરોડના રાઈટ્સ ઈશ્યુનું સફળતાપૂર્વક સમાપન કર્યું છે. સેક્ટરલ ધોરણે મિશ્ર હવામાન જોવા મળ્યું હતું, જેમાં બૅંકિંગ, ફાર્માસ્યુટિકલ્સ, હેલ્થકેર, કેમિકલ, રિયલ્ટી, ઓઇલ અને ગેસ તથા પસંદગીના મિડકેપ સેગમેન્ટમાં ખરીદીનો રસ જોવા મળ્યો. દરમિયાન, ઓટો, આઇટી, મીડિયા, મેટલ, ખાનગી બૅંકો, એફએમસીજી અને સિમેન્ટ શેરોમાં નબળાઈ ચાલુ રહી, જેના કારણે બજારનો વ્યાપક સેન્ટિમેન્ટ મોટાભાગે ડહોળાયેલું રહ્યું.

ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થવાથી બજારોને ટેકો મળ્યો, જેને પ્રાદેશિક સ્થિરતા પુનઃસ્થાપિત કરવા અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ દ્વારા શિપિંગ પ્રવૃત્તિને સામાન્ય બનાવવાના તીવ્ર રાજદ્વારી પ્રયાસોથી મદદ મળી, એમ જણાવતાં જિઓજિત ઇન્વેસ્ટમેન્ટના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે આરબીઆઇના સ્થિર નીતિગત વલણ અને રચનાત્મક વૃદ્ધિના દૃષ્ટિકોણથી સકારાત્મક ભાવના વધુ મજબૂત બની, હોવાના કારણે હેવીવેઇટ, બૅંકિંગ અને ઊર્જા શેરોમાં પસંદગીયુક્ત ખરીદી થઈ. રોકાણકારો આગામી ક્વાર્ટરના કમાણીમાં સુધારામાં પણ વધુને વધુ ભાવ નિર્ધારિત કરી રહ્યા છે, કારણ કે ક્રૂડના ભાવમાં નરમાઈ ફુગાવાના દબાણને ઘટાડી શકે છે અને માર્જિન વિસ્તરણને ટેકો આપી શકે છે. જોકે, ઓટો, મેટલ્સ, આઇટી, રિયલ્ટી અને સિમેન્ટ ક્ષેત્રો જેવા ઘણા ક્ષેત્રોમાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું, પરંતુ સ્મોલ કેપ્સમાં સ્ટોક સ્પેસિફિક તેજીને કારણે વ્યાપક બજાર સ્થિતિસ્થાપક રહ્યું. ક્લોઝિંગ ઓક્શન મિકેનિઝમે આ સત્રમાં પણ દિવસના અંતે ઇન્ડેક્સ સ્તરોને પ્રભાવિત કરવાનું ચાલુ રાખ્યું. નવી સિસ્ટમ હેઠળ, ફ્યુચર્સ અને ઓપ્શન્સ પાત્ર શેરો બપોરે ૩:૧૫ વાગ્યા પછી હરાજીમાં પ્રવેશ કરે છે, તેમના બંધ ભાવ અગાઉના વોલ્યુમ વેઇટેડ સરેરાશ ભાવ મિકેનિઝમને બદલે એકંદર ખરીદી અને વેચાણ ઓર્ડર વચ્ચેના સંતુલન દ્વારા નક્કી કરવામાં આવે છે. બજાર નિષ્ણાતો માને છે કે શરૂઆતની અસ્થિરતા કામચલાઉ છે. જેમ જેમ વધુ ટ્રેડર્સ અને સંસ્થાઓ ક્લોઝિંગ ઓક્શન સત્રમાં ભાગ લેશે, તેમ તેમ એક્સચેન્જો વચ્ચે ભાવ તફાવત ઘટવાની અપેક્ષા છે અને બજાર નવી પ્રક્રિયામાં સમાયોજિત થવાની શક્યતા છે. સમય જતાં નવી પદ્ધતિ વધુ કાર્યક્ષમ અને વિશ્વસનીય ક્લોઝિંગ ભાવ પ્રદાન કરશે તેવી અપેક્ષા છે.

ગુરુવારે યુરોપ અને એશિયામાં શેરબજારો મિશ્ર રહ્યા અને મેમરી ચિપમેકર એસકે હાયનિક્સ સહિત કેટલીક મોટી ટેક કંપનીઓના ઘટાડાને કારણે દક્ષિણ કોરિયાના કોસ્પીમાં ચાર ટકાથી વધુનો ઘટાડો થયો. ઓઇલના ભાવ સ્થિર રહ્યા, બ્રેન્ટ ક્રૂડ ૭૯ ડોલર પ્રતિ બેરલની નજીક ટ્રેડ થઈ રહ્યું છે. હોર્મુઝ સ્ટ્રેટ ફરી ખુલવાની આશા હોવા છતાં, ઈરાન સાથે યુએસ યુદ્ધની દિશા અંગે અનિશ્ચિતતા હજુ પણ બજારોને ઘેરી રહી છે. એસએન્ડપી ૫૦૦ ફ્યુચર્સ ૦.૧ ટકા વધ્યો હતો, જ્યારે ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૦.૨૦ ટકા વધ્યો હતો. શુક્રવારે બજારોને જુલાઈના માસિક રોજગાર અહેવાલ સાથે યુ.એસ. જોબ ડેટા વિશે અપડેટ મળશે અને વિશ્લેષકો કહે છે કે રોકાણકારો તેની સંભવિત અસર માટે તૈયારી કરી રહ્યા હોય તેવું લાગે છે.

# ડૉલર સામે રૂપિયાના સુધારાને બ્રેક, ૧૪ પૈસાનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સ તેમ જ અમેરિકી ૧૦ વર્ષીય બૉન્ડની ટ્રેઝરીની યિલ્ડમાં સુધારાતરફી વલણ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયાના સુધારાને બ્રેક લાગી હતી અને ગઈકાલના બંધ સામે ૧૪ પૈસાના ઘટાડા સાથે ૯૫.૨૨ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ક્રૂડતેલના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૨૪ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૫.૧૩ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૨૪ અને ઉપરમાં ૯૫.૧૨ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૪ પૈસાના ઘટાડા સાથે સત્રની નીચી ૯૫.૨૨ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૨૦ પૈસાનો સુધારો આવ્યો હતો.

ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં સુધારો આવતાં રૂપિયામાં પીછેહઠ જોવા મળી હતી, પરંતુ અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિની ડીલ થઈ જવાના આશાવાદે ક્રૂડતેલના ભાવમાં ઘટાડો થવાથી અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારો આવતા રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૪.૮૦થી ૯૫.૫૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે વધ્યા મથાળેથી ૦.૧૧ ટકા ઘટીને ૯૯.૭૮ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૦૯ ટકા વધીને બેરલદીઠ ૭૯.૫૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એએનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૭૩.૭૬ પૉઈન્ટનો અને ૧૧.૩૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# વૈશ્વિક સોનું સાત સપ્તાહની ટોચે પહોંચતા સ્થાનિકમાં ₹ ૨૮૧૪નો ઝડપી ઉછાળો, ચાંદીમાં ₹ ૧૧૧૨નો સુધારો

મુંબઈઃ વૈશ્વિક સ્તરે વ્યાજદરમાં નજીકના ભવિષ્યમાં વધારો થવાની ચિંતા હળવી થતા આજે લંડન ખાતે સતત ચોથા સત્રમાં ખાસ કરીને સોનામાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હતું અને ચાંદીના ભાવમાં વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીએ ધીમો ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં આજે સ્થાનિક ઝવેરી બજારમાં બન્ને કિંમતી ધાતુઓમાં ભાવ વધી આવ્યા હતા. જેમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૦૩થી ૨૮૧૪ અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૧૧૨ વધી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૫ પૈસા નબળો પડ્યો હોવાથી આયાત પડતરમાં થયેલા વધારાની પણ બજાર પર અસર જોવા મળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ખાસ કરીને સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને રૂપિયો નબળો પડતાં હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૦૩ વધીને રૂ. ૧,૪૭,૮૪૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૮૧૪ વધીને રૂ. ૧,૪૮,૪૪૦ના મથાળે રહ્યા હતા, પરંતુ રોકાણકારોની છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. વધુમાં



આજે ૯૯૯ ટચ ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગ રહેતાં વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૧૧૧૨ વધીને રૂ. ૨,૨૫,૬૭૪ની સપાટીએ રહ્યા હતા. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૪૨૭૧.૩૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, તે પૂર્વે એક તક્કે ભાવ વધીને ગત ૧૮મી જૂન પછીની સૌથી ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ આજે સોનાના ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૬ ટકા વધીને ૪૩૩૦.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે હાજરમાં ચાંદીના ભાવ ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૬૧.૮૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ઈરાનની ઓમાન સાથેની વાટાઘાટો સફળ થવાના આશાવાદે દરિયાઈ માર્ગ સ્ટ્રેટ ઑફ હોર્મુઝ રાબેતા મુજબ થતાં ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા ઘટાડાને પગલે ફેડરલ રિઝર્વ દ્વારા નજીકના ભવિષ્યમાં વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવી શક્યતા નબળી પડતાં સોનામાં સુધારાને ટેકો મળી રહ્યો હોવાનું જેફરીઝની માલિકીની ટ્રેડ ડૉટ કૉમના વિશ્લેષક નિકોસ ઝેબોરસે જણાવ્યું હતું.

વધુમાં ઈરાનનાં સૂત્રોએ રૉઈટર્સને જણાવ્યું હતું કે અમેરિકા અને ઈરાન વચ્ચે પાંચ મહિનાથી ચાલી રહેલા ભૂરાજકીય તણાવનો અંત લાવવા માટે ઈરાન અને ઓમાન વચ્ચેના પ્રસ્તાવિત કરારથી તહેરાનને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દ્વારા ખાડીમાં પ્રવશતાં જહાજો પર નિયંત્રણ મળશે.

દરમિયાન ગઈકાલે ફેડરલ રિઝર્વ બૅન્ક ઑફ સાન ફ્રાન્સિસ્કોએનાં પ્રમુખ મેરી ડેલેએ જણાવ્યું હતું કે ગત સપ્તાહના અમેરિકી ફેડરલ રિઝર્વનાં વ્યાજદર યથાવત્ રાખવાના નિર્ણયને મારો ટેકો છે અને ભવિષ્યમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારા માટે ફુગાવા અને રોજગારીનાં ડેટા પર નજર રાખશે. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં વધારો કરે તેવી પંચાવન ટકા શક્યતા જોઈ રહ્યા હતા. જોકે, હવે રોકાણકારોની નજર આવતીકાલે શુક્રવારે જાહેર થનારા અમેરિકાના જુલાઈ મહિનાના નોન ફાર્મ પે રૉલ ડેટા પર સ્થિર થઈ છે. જોકે, ગઈકાલે જાહેર થયેલા એડીપી નેશનલ એમ્પ્લોયમેન્ટ રિપોર્ટમાં ગત જાન્યુઆરી મહિનામાં ખાનગી ક્ષેત્રોમાં રોજગાર વૃદ્ધિ મંદ પડી હોવાનું જણાયું હતું.

# કોપર, બ્રાસ અને ઝિન્કમાં આગળ ધપતો સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાની ટૅરિફની ચિંતાને કારણે વૈશ્વિક સ્તરે ખાસ કરીને કોપરમાં પુરવઠાખેંચની સ્થિતિ ઉદ્‌ભવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ગઈકાલે લંડન મેટલ એક્સચેન્જ ખાતે ગઈકાલે કોપરનાં ભાવ ટનદીઠ ૫૦ ડૉલર વધીને ૧૪,૦૫૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ કોપર અને બ્રાસની વેરાઈટીઓ તથા ઝિન્કના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૫નો સુધારો આવ્યો હતો, જ્યારે નિરસ માગ અને સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણે ટીન અને નિકલના ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૪ અને રૂ. ૨૫નો તથા શુષ્ક માગે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૫ની તેજી સાથે રૂ. ૮૮૫ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ચારના સુધારા સાથે રૂ. ૧૪૩૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૧૩૩૫, રૂ. ૧૩૨૦, રૂ. ૧૨૪૦ અને રૂ. ૯૪૫ના મથાળે તથા કોપર કેબલ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૩૪૫ અને રૂ. ૩૯૬ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને નિરસ માગ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૫ ઘટીને રૂ. ૧૬૪૦ અને રૂ. ૨૪ ઘટીને રૂ. ૫૫૦૬ના મથાળે તેમ જ નિરસ માગે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૩૫૧ની સપાટીએ રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં છૂટાછવાયા કામકાજે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૧૦ અને રૂ. ૨૦૬ના મથાળે ટકેલા રહ્યા હતા.

# ખાંડમાં એકતરફી તેજી બાદ મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર સાંકડી વધઘટે અથડાઈને ટકેલા ધોરણે થયાના અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં મર્યાદિત કામકાજો અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. છનો સુધારો અને રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી ખપપૂરતી રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૫૦થી ૬૦નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૭થી ૨૮ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે મર્યાદિત માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના સુધારા સાથે રૂ. ૪૭૭૨થી ૪૮૬૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે સાથે રૂ. ૪૮૭૦થી ૪૯૬૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની ઊંચા મથાળેથી માગ મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૫૦ના ઘટાડા સાથે રૂ. ૪૭૦૦થી ૪૭૫૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૬૦ અને ઉપલા મથાળેથી રૂ. ૫૦ના ઘટાડા સાથે રૂ. ૪૭૭૦થી ૪૮૫૦માં થયા હતા.



# આયાતી તેલમાં મિશ્ર વલણ, વેપાર નિરસ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૪૩ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ અને આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ પર ક્રૂડ પામતેલના વાયદામાં ૧૭ રિંગિટનો ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિકમાં આયાતી તેલમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે પુરવઠાખેંચની ભીતિ હેઠળ સન રિફાઈન્ડમાં રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. વધુમાં આજે મથકો પાછળ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે રશિયન સનફ્લાવર ઉત્પાદક ઈએફકેઓએ જણાવ્યું હતું કે યુક્રેને કાળા સમુદ્રનાં ટર્મિનલ પર ગત ચોથી ઑગસ્ટનાં રોજ હુમલા કર્યા હોવાથી અમે એક્સપોર્ટ ટર્મિનલ પર કામકાજો સ્થગિત કર્યા છે. આમ સનફ્લાવર તેલમાં પુરવઠાખેંચની સ્થિતિ સર્જાવાની ભીતિ હેઠળ ભાવમાં મક્કમ વલણ જોવા મળ્યું હોવાનું સૂત્રોએ કહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ પતંજલિ ફૂડ્સના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૪૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૫૦૦ અને જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો નિરસ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૫૦માં અને રાજકોટ મથકે ૧૮૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૬૦૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ આજે ગોંડલનાં મથકો પર ૧૦ કિલોદીઠ સિંગતેલના ભાવ રૂ. ૧૬૭૫થી ૧૭૦૦, વૉશ્ડ કૉટનના રૂ. ૧૬૧૦થી ૧૬૧૫ અને કોટન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦ના મથાળે ટકેલા રહ્યા હતા, જ્યારે રાજકોટ મથકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૬૮૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૮૫માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૫૫,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૭૫૦થી ૭૦૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૬૯૫૦થી ૭૦૨૫માં થયાના અહેવાલ હતા.

આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૫, સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૦ અને સિંગતેલના રૂ. ૧૭૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૭૦ અને સરસવના રૂ. ૧૭૭૦ના મથાળે રહ્યા હતા.

# સોના કિતના સોના હૈ : અમદાવાદ-સુરત એરપોર્ટ પર બે વર્ષમાં ₹ ૨૨૮ કરોડનું સોનું સરકારી તિજોરીમાં જમા થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના અને સુરતના ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી કસ્ટમ વિભાગે એપ્રિલ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૬ના સમયગાળા દરમિયાન ૨૨૮ કરોડનું દાણચોરીનું સોનું જપ્ત કરીને સરકારી તિજોરીમાં જમા કરી દીધું છે. કસ્ટમના ટોચના સૂત્રોએ જણાવ્યું હતું કે એપ્રિલ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ના સમયગાળા દરમિયાન કુલ ૧૩૫ કિલોગ્રામ સોનું પકડવામાં આવ્યું છે અને જે તે સમયે ૧૦ ગ્રામના ૮૦,૦૦૦ થી ૮૫ હજારનો ભાવ માર્કેટમાં ચાલી રહ્યો હતો અને તે મુજબ રૂ. ૧૧૦ કરોડનું સોનું પકડવામાં આવ્યું છે. ત્યારબાદ એપ્રિલ ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬



દરમિયાન ૯૫ કિલોગ્રામ ગોલ્ડ પકડવામાં આવ્યું છે, જેની માર્કેટવેલ્યુ આગળના વર્ષ કરતાં વધારે માનવામાં આવે છે. તેની પાછળનું કારણ એવું છે કે એપ્રિલથી માર્ચ ૨૬ સુધીના સમયગાળામાં સોનાનાં ભાવ વધીને સવા લાખ રૂપિયા સુધી પહોંચી ગયા હતા અને જે ગોલ્ડ એપ્રિલ ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ દરમિયાન પકડાયું છે તેની માર્કેટ વેલ્યુ રૂ. ૧૧૮ કરોડ માનવામાં આવે છે. કસ્ટમના સૂત્રોએ જણાવ્યું હતું કે આ સોનું દાણચોરીનું હતું અને આ પ્રકારનું સોનું પેસેન્જરને ક્યારેય પરત કરવામાં આવતું નથી અને તે કેન્દ્ર સરકાર હસ્તક એટલે કે સરકારી તિજોરીમાં જમા કરી દેવામાં આવે છે. આ ઉપરાંત સોનું લઈને આવનાર પેસેન્જર પાસેથી પેનલ્ટી પણ ૫૦% થી માંડીને ૨૦૦ ટકા સુધીની વસૂલ કરવામાં આવે છે. આ જ સમયગાળા દરમિયાન સોનાના અનેક પ્રકારના કેસો કરવામાં આવ્યા છે પરંતુ મોટાભાગના કેસોમાં પેસેન્જર ફાઈન પેનલ્ટી અને ડ્યુટી ભરી દેવા તૈયાર થઈ જતા હોય તેવા કેસમાં સોનું છોડી દેવામાં આવે છે, પરંતુ દાણચોરીના કેસમાં સોનું ક્યારેય પાછું આપવામાં આવતું નથી એપ્રિલ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ ના સમયગાળામાં ૨૦ જેટલા કેરિયર પકડાયા હતા, જેમાં પાંચ મહિલા પેસેન્જરનો સમાવેશ થાય છે જ્યારે એપ્રિલ ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ના સમયગાળા દરમિયાન ૧૫ જેટલા કેરિયર પકડાયા હતા, તેમાં પણ આઠ મહિલા પેસેન્જરનો સમાવેશ થાય છે આમ મહિલા પેસેન્જરની સંખ્યા સૌથી વધારે છે. ટોચના સૂત્રોએ જણાવ્યું કે વિદેશથી આવતા પેસેન્જર ઉપર નજર રાખવામાં આવી રહી છે ખાસ કરીને ટૂર ઓપરેટરો ઉપર વિશેષ નજર રાખવામાં આવી રહી છે. ■

# પ્રતિબંધના પહેલા દિવસે રાજ્યભરમાંથી ૧૦૦૦ કિલો એનાલોગ પ્રોડક્ટ્સનો નાશ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ગુરુવારથી એનાલોગ ડેરી પ્રોડેક્ટ્સ પરના પ્રતિબંધનો અમલ કરવામાં આવ્યો હતો. આરોગ્ય વિભાગ દ્વારા મળતી માહિતી અનુસાર સાંજે પાંચ વાગ્યા સુધીમાં લગભગ ૧૩૪ જેટલા વેચાણના એકમોનું પરિક્ષણ કરવામાં આવ્યું હતું અને લગભગ ૧૦૫૩ કિલોગ્રામ જેટલા એનાલોગ્સ પ્રોડેક્ટ્સનો નાશ કરવામાં આવ્યો હતો, જેની કિંમત અંદાજિત ૨,૮૨,૫૫૦ થતી હોવાની માહિતી મળી છે. આ સાથે ૨૯ નમૂના પરિક્ષણ માટે લેવાયા હોવાની માહિતી પણ મળી હતી.





જામનગર મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ગુરુવારથી એનાલોગ ચીઝ, બટર અને પનીર જેવી પ્રોડક્ટ્સ પર લાગુ કરાયેલા પ્રતિબંધની કડક અમલવારી શરૂ કરવામાં આવી છે. આ અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી ખાણી-પીણીની દુકાનો, રેસ્ટોરન્ટ, ફાસ્ટ ફૂડ સેન્ટરો અને અન્ય ખાદ્ય વ્યવસાયિક એકમોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

ચેકિંગ દરમિયાન શહેરના પિઝા શૉપ ખાતે અંદાજે ૧૨ કિલો એનાલોગ પનીર મળી આવ્યું હતું. ફૂડ વિભાગની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને જપ્ત કરાયેલ પનીરનો સ્થળ પર જ નાશ કર્યો હતો તેમજ સંબંધિત સંચાલકોને નિયમોનું પાલન કરવા સૂચના આપવામાં આવી હતી. રાજકોટમાં પનીરના ઉત્પાદન કરતા એકમમાં અધિકારીઓ રેડ પાડવા જતા થોડીવાર માટે હાઈ વોલ્ટેજ ડ્રામા શરૂ થયો હતો.

દરમિયાન સુરતના વેપારીઓએ નિર્ણયને આવકાર્યો હતો, પરંતુ સરકારે થોડો સમય આપવો જોઈતો હતો. વેપારીઓએ એકસાથે એકાદ અઠવાડિયાનો માલ ખરીદયો હોવાથી આર્તિક નુકસાન ગયું હોવાનું જણાવ્યું હતું.

દરમિયાન સરકારે લોકોને પણ આરોગ્યયુક્ત પ્રોડેક્ટ્સ જ આરોગવાની અપીલ કરી હતી. ■

# ગુજરાતમાં ફરી સર્જાશે વરસાદી માહોલ, ૮ અને ૯મીએ ભારે વરસાદની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જુલાઈ મહિનામાં રાજ્યમાં ઘણા જિલ્લામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હતો. અમુક જિલ્લાના તાલુકાઓમાં પુર જેવી સ્થિતિ ઊભી થઈ હતી. ત્યારે લગભગ એકાદ અઠવાડિયાના વિરામ બાદ ફરી રાજ્યભરમાં વરસાદ પડવાની સંભાવના હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. ભારતીય હવામાન વિભાગે આગામી સાત દિવસ, એટલે કે ૧૨ ઓગસ્ટ સુધી સમગ્ર ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આ સાથે ૮ અને ૯ ઓગસ્ટના રોજ ઉત્તર ગુજરાતમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડવાની સંભાવના પણ દર્શાવી છે. આગાહી અનુસાર ૮ ઓગસ્ટના રોજ, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. ૯ ઓગસ્ટના રોજ, સાબરકાંઠા અને અરવલ્લી ઉપરાંત બનાસકાંઠા અને વાવ-થરાદમાં પણ ભારે વરસાદની સંભાવના છે. હવામાન ખાતાએ આ જિલ્લાઓ માટે બે દિવસનું યલો એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત દક્ષિણ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના પણ ઘણા જિલ્લામાં આગામી સાત દિવસ દરમિયાન વરસાદી વાતાવરણ રહેશે અને પવન અને વીજળીના કડાકા સાથે છુટોછવાયો વરસાદ વરસશે. ■

# અમદાવાદમાં સ્પામાં કામ કરતા યુવકને ચોથા માળેથી ફેંક્યો, યુવકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં કાયદાનો ડર ન રહ્યો હોય તે રીતે લોકો બેફામ વર્તી રહ્યા છે. હત્યા સહિતની ગુનાખોરીના કિસ્સા રોજ બનતા રહે છે. આવો કિસ્સો ફરી ગુરુવારે બન્યો હતો. અહીં સ્પામાં કામ કરતા દશરથ મીણા નામના યુવકને પાંચ જણાએ એક ઈમારતના ચોથા માળેથી ફેંકી દીધો હતો. યુવકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

આ ઘટના શહેરના હંસપુરા વિસ્તારમાં વિશાલા એમ્પાયર બિલ્ડિંગમાં બની હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર પાંચ યુવક સ્પામાં ઘુસી ગયા હતા અને સ્પામાં તોડફોડ કરી યુવકને માર્યો હતો. ત્યારબાદ તેને ચોથા માળની બારીમાંથી ફેંકી દીધો હતો. આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. નરોડા પોલીસ ટીમ ઘટનાસ્થળે આવી હતી, જોકે આરોપીઓ ફરાર થઈ ગયા હતા. આ ઘટના અંગે મળતી વિગતો અનુસાર બુધવારે ઓઢવ વિસ્તારના એક સ્પામાં પોલીસે રેડ પાડી હતી. આ રેડ દશરથ મીણાના કહેવાથી પોલીસે પાડી હોવાનું આરોપીઓનું માનવાનું હતું, આથી તે સ્પામાં કામ કરતા દશરથને પાઠ ભણાવવા આવ્યા હતા, જોકે આવી બાબતમાં એક યુવકે પોતાનો જીવ ગુમાવ્યો હતો. આમ પણ શહેરમાં ચાલતા સ્પા વિવાદોમાં ઘેરાયેલા રહે છે, પરંતુ આ રીતે અદાવત રાખી હત્યા કરવાની ઘટના ચિંતાજનક છે. ■

# એલ.ડી. સહિતની ટોચની સરકારી એન્જિનિયરિંગ કૉલેજોમાં ૪૪૪ બેઠકો ખાલી હોઈ એડમિશનના પાંચમા રાઉન્ડની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતની સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ એન્જિનિયરિંગ કોલેજોમાં હજુ પણ ૪૪૪ બેઠકો ખાલી રહેતા પ્રોફેશનલ કોર્સીસ પ્રવેશ સમિતિ દ્વારા ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે પાંચમા ઓનલાઈન રાઉન્ડની જાહેરાત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. ઘણા વિદ્યાર્થીઓએ અન્ય જગ્યાએ પ્રવેશ મેળવતા અથવા ફાળવેલી બેઠકો કન્ફર્મ ન કરાવતા અમદાવાદની એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ સહિતની ટોચની સરકારી સંસ્થાઓમાં આ બેઠકો ખાલી પડી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ પાંચમા રાઉન્ડમાં ભાગ લેવા માંગતા ઉમેદવારોએ ૬ ઓગસ્ટ સુધીમાં પોતાની ઓનલાઈન સંમતિ સબમિટ કરવાની રહેશે. ત્યારબાદ, ૭ ઓગસ્ટના રોજ બેઠક ફાળવણી જાહેર કરવામાં આવશે. જે વિદ્યાર્થીઓને બેઠક ફાળવવામાં આવે તેમણે ૧૦ ઓગસ્ટ સુધીમાં જરૂરી ફી ભરીને પોતાનો પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે. ૧૪ ઓગસ્ટ સુધીમાં તમામ એન્જિનિયરિંગ પ્રવેશ પ્રક્રિયા ફરજિયાતપણે પૂર્ણ કરવાનો આદેશ હોવાથી આ વધારાનો રાઉન્ડ યોજવામાં આવી રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અગાઉ ત્રણ ઓનલાઈન રાઉન્ડ પૂર્ણ થયા બાદ ૨૮ જુલાઈના રોજ પ્રવેશ પ્રક્રિયા સમેટી લેવામાં આવી હતી. ત્યારબાદ સેલ્ફ-ફાઈનાન્સ સંસ્થાઓમાં ખાલી પડેલી બેઠકો જે-તે કોલેજોને સીધી ભરવા માટે સોંપી દેવામાં આવી હતી. સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજોમાં ખાલી પડેલી બેઠકો ભરવા માટે અગાઉ ખાસ ચોથો રાઉન્ડ પણ યોજવામાં આવ્યો હતો, તેમ છતાં હજુ પણ બેઠકો ખાલી રહેતા અંતે આ પાંચમો રાઉન્ડ યોજવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# અમદાવાદની પાસપોર્ટ ઓફિસે અરજદારોની લાંબી લાઈન લાગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરની પાસપોર્ટ ઓફિસ દ્વારા અરજદારોને વિજય ચાર રસ્તા અથવા તો બાપુનગર વિસ્તારમાં આવેલા પાસપોર્ટ સેવા કેન્દ્ર માટેની એપાર્ટમેન્ટ આપવામાં આવતી હોય છે. જોકે ગુરુવારે બાપુનગરમાં આવેલા પાસપોર્ટ ઓફિસના સેન્ટરમાં ભારે અરાજકતાનો માહોલ સર્જાયો હોવાના અહેવાલો મળ્યા હતા. સવારે ૯:૦૦ વાગ્યાથી અરજદારોની લાંબી લાઈન થઈ ગઈ હતી. ૧૨:૧૫ વાગે જે અરજદારોને અપોઇમેન્ટ આપવામાં આવી હતી. તેવો કાઉન્ટર સુધી પહોંચે તે પહેલા બપોરે ૧:૦૦ વાગે લંચ ટાઈમ થઈ જતા એક સવા કલાક સુધી અરજદારોને બેસી રહેવું પડ્યું હતું.

જેમાં પાસપોર્ટની નવી અરજી અને રિન્યુઅલની તત્કાલ ફી ભરીને આવેલા અરજદારોને પણ દોઢ કલાક સુધી બેસી રહેવું પડ્યું હતું. અગાઉ પણ તારીખ ૨૩ અને ૨૪ ના રોજ શહેરમાં ભારે વરસાદ પડવાને કારણે અરજદારો સમયસર પહોંચી શક્યા ન હતા, તે પછી પણ ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી રાજ્ય સરકાર દ્વારા પણ કરવામાં આવી હતી. આવા સમયે પણ અરજદારો પહોંચી શક્યા ન હતા અને તેમને નવી તારીખો આપવામાં આવશે તેવી પણ પાસપોર્ટ ઓફિસ દ્વારા કોઈ જાહેરાત કરાઈ ન હતી. હવે જ્યારે અરજદારોનો ધસારો વધી ગયો છે ત્યારે પણ જે સમય આપવામાં આવ્યો છે, તે સમય પ્રમાણે અરજદારો તેમના ડોક્યુમેન્ટ ફાઈલ કરી શકતા નથી, જેના કારણે અરજદારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ગુરુવારે પણ બાપુનગરની પાસપોર્ટ સેવા કેન્દ્રમાં અરજદારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હોવાની ફરિયાદો થઈ હતી. આ અંગે પાસપોર્ટ અધિકારીઓ સાથે સંપર્ક સાધી શકાયો ન હતો. ■

# ગુજરાતમાં ફેક વેબસાઈટ અને ગૂગલ મેપ થકી હોટેલ બુકિંગના નામે ઠગાઈ કરતી નવી ગેંગ સક્રિય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ફરવાલાયક સ્થળો પર દેશવિદેશથી પ્રવાસીઓ આવતા હોય છે, ત્યારે ગૂગલ મેપ અને નકલી વેબસાઇટ્સ મારફતે હોટેલ બુકિંગના નામે ઠગાઈ કરતી એક નવી સાઇબર ગેંગ સક્રિય થઈ હોવાનું પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો. આ ગેંગ વિવિધ પ્રખ્યાત પર્યટક સ્થળો, હોટેલ્સ અને ટ્રસ્ટની અસલ વેબસાઇટ જેવી જ નકલી વેબસાઇટો બનાવીને સામાન્ય નાગરિકો સાથે આર્થિક છેતરપિંડી આચરતી હતી. ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ, ગાંધીનગરના પોલીસ સબ-ઇન્સ્પેક્ટરે આ મામલે ફરિયાદ નોંધાવી કાર્યવાહી કરી હતી.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ૮ ઓક્ટોબર ૨૦૨૫થી ૨૭ જુલાઈ ૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન આ અજાણ્યા આરોપીઓએ કાવતરું ઘડીને આ છેતરપિંડી આચરી હતી. સાયબર હેલ્પલાઇન પર મળેલી વિવિધ અરજીઓનું ટેકિન્કલ વિશ્લેષણ કરતાં જાણવા મળ્યું હતું કે આરોપીઓએ સોમનાથના મહેશ્વરી અતિથિ ભવન સહિત ૨૪ જેટલી ભળતા નામવાળી ફેક વેબસાઇટ્સ તૈયાર કરી હતી. આ વેબસાઇટ્સને ગૂગલ સર્ચ અને અન્ય ઓનલાઇન પ્લેટફોર્મ પર પ્રદર્શિત કરી, પોતે હોટેલના અધિકૃત પ્રતિનિધિ હોવાનો દાવો કરી લોકોનો વિશ્વાસ જીતતા હતા.

લોકો જ્યારે હોટેલ કે ધર્મશાળા બુકિંગ માટે આ નકલી વેબસાઇટ્સ કે તેમાં આપેલા સંપર્ક નંબરો પર કોલ કરતા, ત્યારે આરોપીઓ એડવાન્સ રકમ પેટે યુપીઆઈ કે અન્ય ડિજિટલ માધ્યમથી પૈસા ટ્રાન્સફર કરાવતા હતા.

પૈસા મળ્યા બાદ આ ગેંગ બુકિંગ ન આપતી, ખોટી માહિતી આપતી કે ફરિયાદી સાથે સંપર્ક તોડી નાખતી હતી. આ રીતે દેશના અલગ-અલગ રાજ્યોના નાગરિકો સાથે નાની-નાની રકમની ઠગાઈ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, ગાંધીનગર ખાતે ભારતીય ન્યાય સંહિતા તેમજ આઈટી એક્ટ હેઠળ અજાણ્યા ઇસમો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. ■

# સુરતમાં હીટ એન્ડ રનમાં ૨૨ વર્ષીય યુવતીનું મોત, પરિવારે નેત્રદાન કરવાનો લીધો નિર્ણય

અમદાવાદ: સુરત શહેરમાં હીટ એન્ડ રનની એક ઘટનામાં માત્ર ૨૨ વર્ષીય યુવતીનું મોત નિપજ્યું હતું. યુવતી પોતાનું ઈલેક્ટ્રિક બાઈક લઈ કૉલેજે જઈ રહી હતી ત્યારે એક કારચાલકે તેના વાહનને જોરદાર ટક્કર મારી હતી અને તેનાં પરથી કાર ચલાવી ફરાર થઈ ગયો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. અહીંની સિવિલ હૉસ્પિટલ નજીક આવેલા બ્રિજ પર આ ઘટના બની હતી, જેમાં સ્નેહા ધોરી નામની યુવતીએ જીવ ગુમાવ્યો હતો. સ્નેહાના પિતા એમ્બ્રોડરીનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. સ્નેહા ભણવામાં હોશિયાર હતી અને સાઈકોલોજીમાં ગ્રેજ્યુએશન કરી રહી હતી. તેની સાઇકિયાટ્રિસ્ટ બનવાની હતી. માતા-પિતા અને ભાઈ સાથે બોમ્બે માર્કેટ નજીકની સોસાયટીમાં રહેતી સ્નેહાએ બે-ત્રણ મહિના પહેલા આંખોના નંબર દૂર કરાવવા માટેની સર્જરી કરાવી હતી. દીકરીની આ આંખોને પરિવારે દાન કરવાનો નિર્ણય કર્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. સ્નેહાનાં તબીબી અહેવાલ અનુસાર કારચાલકે તેને પછાડ્યા બાદ તેની પીઠ પરથી કાર ચલાવી હોવાની શક્યતા છે. તેની પીઠ પર કારના ટાયરના નિશાન છે. સ્નેહાના આંતરિત અવયવોને ભારે નુકસાન ગયું હતું અને ઈન્ટરનલ બ્લિડિંગ પણ બહુ થયું હતું. યુવતીને હૉસ્પિટલે ઘણી જ નાજુક હાલમાં લાવવામાં આવી હતી. સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતાં જ ખટોદરા પોલીસમથકનો સ્ટાફ ઘટનાસ્થળે અને ત્યારબાદ હૉસ્પિટલે પહોંચ્યો હતો. યુવતીના પિતાની ફરિયાદને આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. સીસીટીવી ફૂટેજ ચેક કરી કારચાલકને શોધવા માટે ટીમને આદેશ આપ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

## તા.૯ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન

# રાજ્યભરમાં રાષ્ટ્રભક્તિના વિવિધ કાર્યક્રમો યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત યોજાનારા વિવિધ કાર્યક્રમો અંગે માહિતી આપતા નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને એકતાના સંદેશ સાથે કશ્મીરથી કન્યાકુમારી સુધી સમગ્ર દેશમાં હર ઘર તિરંગા અભિયાનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. દેશની સુરક્ષા માટે શહાદત આપનાર વીર જવાનો, તેમના પરિવારો પ્રત્યે આદર વ્યક્ત કરવા તેમજ બાળકોથી લઈને વૃદ્ધો સુધી સૌ નાગરિકોમાં દેશભક્તિના ભાવને મજબૂત કરવાના હેતુથી આ વર્ષે ગુજરાતમાં તા.૯ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન વિવિધ રાષ્ટ્રભક્તિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલ તથા પ્રધાનમંડળના સભ્યો સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં આગામી તા. ૧૦ ઓગસ્ટે ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાની તિરંગા યાત્રા અને 'તિરંગા કોન્સર્ટ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૧૧ ઓગસ્ટે અમદાવાદ, ૧૨ ઓગસ્ટે રાજકોટ અને ૧૪ ઓગસ્ટે વડોદરા ખાતે તિરંગા યાત્રા યોજાશે. તેમણે ઉમેર્યું હતું કે આ વર્ષે સમગ્ર ગુજરાતમાં ૭૦ લાખથી વધુ ઘરો પર તિરંગો લહેરાવવામાં આવશે. ભારત પાકિસ્તાન સરહદ પર આવેલા ગામડાઓથી લઈને રાજ્યના મોટા શહેરો સુધી તમામ જિલ્લાઓમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવશે. જિલ્લા કલેક્ટર અને પોલીસ કમિશનર સાથે વિવિધ ધાર્મિક તેમજ સામાજિક સંસ્થાઓ દ્વારા અત્યાર સુધીમાં રાજ્યભરમાં ૧૨૦૦થી વધુ તિરંગા યાત્રાઓ માટેની મંજૂરી મેળવી લેવામાં આવી છે. તા. ૧૪ ઓગસ્ટ સવારે તમામ જિલ્લા મથકો પર વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસનો ખાસ કાર્યક્રમ યોજાશે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. ■

# રામોલ દુર્ઘટના બાદ ફટાકડાની સીલ થયેલી દુકાનોમાં રાખડી વેચવા શરતી મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રક્ષાબંધનના તહેવારને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલની જાહેરાત મુજબ, રામોલની ઘટના બાદ સીલ કરવામાં આવેલી ફટાકડાની દુકાનોને હવે સિઝનલ ધંધા માટે શરતી બોન્ડના આધારે ખોલવાની મંજૂરી અપાશે. આ નિર્ણયથી રાખડીના વેપારીઓને મોટી રાહત મળશે, જોકે આ દુકાનોમાં ફટાકડાના વેપાર પર સખત પ્રતિબંધ ચાલુ રહેશે. આ ઉપરાંત, રાષ્ટ્રીય પર્વને અનુલક્ષીને 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત આગામી ૧૧ ઓગસ્ટના રોજ રાયપુર દરવાજાથી સાળંગપુર સુધી એક ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવશે, જે શહેરના તમામ ૪૮ વોર્ડમાં પણ હર્ષોલ્લાસ સાથે યોજાશે. બીજી તરફ, શહેરના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને લગતો એક કડક નિર્ણય લેવાયો હતો. રૂ. ૨૭૬ કરોડના માતબર ખર્ચે તૈયાર થઈ રહેલા નરોડા ફ્લાયઓવર પ્રોજેક્ટની કામગીરીમાં વિલંબ થતાં જવાબદાર કન્સ્ટ્રક્શન કંપનીને રૂ. ૫૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ બ્રિજની કામગીરી પૂર્ણ કરવા માટે કંપનીને એક વર્ષનું એક્સ્ટેન્શન આપવામાં આવ્યું છે, જેનાથી હવે આ પ્રોજેક્ટ જુલાઈ ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનો નવો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. ■

# હવે પંચાયતોમાં ઓડિટ થયા બાદ એક્ઝિટ કૉન્ફરન્સનું આયોજન ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ રાજ્યની ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતો માટે રાજ્ય સરકારે હવે ઓડિટ બાદ એક્ઝિટ કોન્ફરન્સ ફરજિયાત બનાવવામાં આવી છે. રાજ્ય સરકારે આ નિર્ણયની જાહેરાત કરી હતી અને આને પંચાયતી રાજ વ્યવસ્થામાં પારદર્શકતા અને સુશાસન લાવનારો નિર્ણય જણાવ્યો હતો.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે પારદર્શક પંચાયતની દિશામાં મહત્વનું પગલું ભરતા તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ (ડીડીઓ)ને સૂચના આપી છે કે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતનું વાર્ષિક ઑડિટ પૂર્ણ થતાં જ ફરજિયાત એક્ઝિટ કૉન્ફરન્સ યોજવામાં આવે, જેથી ગંભીર ગેરરીતિઓ સામે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી શકાય.

પંચાયત તથા ગ્રામ ગૃહ નર્માણ વિભાગે તા. ૨૮/૦૭/૨૦૨૬ના રોજ એક પરિપત્ર જાહેર કરી સમગ્ર રાજ્યમાં નવી પ્રક્રિયા અમલમાં મૂકી દીધી. નવી વ્યવસ્થા મુજબ હવે દરેક જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતનું ઑડિટ પૂર્ણ થતાં જ નર્ધારિત દિવસે જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં ફરજિયાતપણે એક્ઝિટ કૉન્ફરન્સ યોજાશે. તેમાં સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગના વરિષ્ઠ ઑડિટ અધિકારીઓ ઑડિટ દરમિયાન સામે આવેલી ગંભીર ગેરરીતિઓ જ રજૂ કરશે. આ એક્ઝિટ કૉન્ફરન્સમાં ઉચાપત, નિયમો વિરુદ્ધ થયેલી ખરીદી, ગેરકાયદે ભરતી, નાણાકીય અનિયમિતતા અથવા અન્ય ગંભીર વહીવટી ક્ષતિઓ અંગે સીધી ચર્ચા થશે અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પ્રાથમિકતાના ધોરણે તાત્કાલિક શિસ્તભંગ, નિવારક અથવા કાનૂની કાર્યવાહી શરૂ કરી શકાશે.

આ અંગે રાજ્ય સરકારે જણાવ્યું હતું કે આ નિર્ણય માત્ર ભ્રષ્ટાચાર સામે કડક સંદેશ જ નથી આપતો, પણ પંચાયતી રાજ સંસ્થાઓને વધુ જવાબદાર, પારદર્શક અને પરિણામલક્ષી બનાવવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાને પણ સ્પષ્ટ રીતે વ્યક્ત કરે છે. હવે ઑડિટ રિપોર્ટ ફાઈલોમાં અટવાઈ નહીં રહે, પરંતુ તે તાત્કાલિક અને અસરકારક કાર્યવાહીનો આધાર બનશે, જે અંતે ગ્રામ્ય વિકાસને નવી ગતિ આપશે. ■

# પાલનપુર જમીન વિકાસ નિગમના નિવૃત્ત અધિકારી સામે ૬૬.૯૮ લાખની અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લાંચ રુશ્વત વિરોધી બ્યુરો (એસીબી) દ્વારા ભ્રષ્ટાચાર નાબૂદ કરવાની ઝુંબેશના ભાગરૂપે પાલનપુર જમીન વિકાસ નિગમના નિવૃત્ત વર્ગ-૩ અધિકારી સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. ગાંધીનગરના વાવોલ રોડ ખાતે રહેતા અને અગાઉ ફીલ્ડ સુપરવાઇઝર તરીકે ફરજ બજાવતા ચંદ્રકાંત ગૌરીશંકર રાવલ વિરુદ્ધ અપ્રમાણસર મિલકત વસાવવા બાબતે એસીબી દ્વારા ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સરકારી અધિકારી દ્વારા સત્તાનો દુરુપયોગ કરીને ભ્રષ્ટાચાર આચરી પોતાના અને પરિવારના નામે બેનામી મિલકતો ઊભી કરવાના કિસ્સાઓ શોધી કાઢવાની ઝુંબેશ હેઠળ આ કૌભાંડ પકડી પાડવામાં આવ્યું હતું.

એસીબીની તપાસમાં ખૂલ્યા મુજબ, વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૫ સુધીના ૧૦ વર્ષના સમયગાળા દરમિયાન આરોપી ચંદ્રકાંત રાવલે પોતાની ફરજ દરમિયાન ગેરકાયદે રીત-રસમો અપનાવી હતી. તપાસમાં પ્રાથમિક દૃષ્ટિએ ફલિત થયું છે કે તેમણે પોતાની કાયદેસરની આવક કરતાં ૪૨.૫૦ ટકા વધુ એટલે કે કુલ રૂ. ૬૬,૯૮,૬૧૨ની અપ્રમાણસર સંપત્તિ એકઠી કરી હતી અને તે રકમનું પરિવારના નામે રોકાણ કર્યું હતું. આ મામલે ગાંધીનગર એ.સી.બી. પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ■